દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 151 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 June 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર, ૨૭ જૂન ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમદાવાદમાં આજે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા

## ૨૩ હજારથી વધુ પોલીસકર્મી રહેશે તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આજે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળશે. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે નગરચર્યાએ નીકળશે. રથયાત્રા પહેલાં ગુરુવારે ભગવાન જગન્નાથને સોનાનાં આભૂષણોથી શણગારવામાં આવ્યા હતા. વર્ષમાં એક વખત ભગવાન જગન્નાથજી સોનાવેશ ધારણ કરે છે. આ દર્શનનો લ્હાવો લેવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવ્યા હતા.

કુલ ૨૩,૮૮૪ પોલીસ, સ્ટેટ રિઝર્વ પોલીસ, ચેતક કમાન્ડો અને રેપિડ એક્શન ફોર્સ રૂટ પર તૈનાત કરવામાં આવશે. જ્યારે દળના વરિષ્ઠ અધિકારીઓ કંટ્રોલ રૂમ સાથે જોડાયેલા ૨,૮૭૨ બોડી-વોર્ન કેમેરાનો ઉપયોગ કરીને રથયાત્રા પર નજર રાખશે. પોલીસના જણાવ્યા અનુસાર, ૧૪૮મી રથયાત્રામાં ૧૪-૧૫ લાખ લોકો સામેલ થશે. રથયાત્રામાં ૧૮ હાથીઓ, ૧૦૦ ટ્રક અને ૩૦ અખાડા પણ જોડાશે.

રથયાત્રાને લઈ બીઆરટીએસના કેટલાક રૂટમાં પણ બદલાવ કરવામાં આવ્યો હતો. રૂટ નંબર ૨, રૂટ નંબર ૮, રૂટ નંબર ૯ અને રૂટ નંબર ૧૧ના રૂટ ટૂંકાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત દિલ્હી દરવાજા, પ્રેમ દરવાજા, કાલુપુર ઘી બજાર, કાલુપુર રેલવે સ્ટેશન, આસ્ટોડિયા ચકલા, રાયખડ ચાર રસ્તા, મહાનગરપાલિકા કચેરી, લોકમાન્ય તિલક બાગ, એમ જે લાયબ્રેરી, જીસીએસ હોસ્પિટલ, જીનીંગ પ્રેસ, અરવિંદ મિલ, અશોક મિલ, નરોડા ફ્રૂટ માર્કેટ, મેમ્કો ક્રોસ રોડ્સ, સૈજપુર ટાવર, નરોડા એસટી વર્કશોપ સ્ટેશન બંધ રહેશે.

જગન્નાથ રથયાત્રાના માર્ગ પર નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યા હતા. જગન્નાથ મંદિર, જમાલપુર દરવાજાથી જમાલપુર ચકલા, વૈશ્યસભા, ખમાસા, ગોળલીમડા, આસ્ટોડિયા ચકલા, (બી.આર.ટી.એસ. રૂટ સહિત) મદનગોપાલની હવેલી, રાયપુર ચકલા, ખાડિયા જૂની ગેટ, ખાડિયા ચાર રસ્તા, પાંચકૂવા, કાલુપુર સર્કલ, કાલુપુર ઓવરબ્રિજ, સરસપુર, પ્રેમ દરવાજા, જોર્ડનરોડ, બેચર લશ્કરની હવેલી, દિલ્હી ચકલા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચોકી, ઔત્તમ પોળ, આર. સી. હાઇસ્કૂલ, દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ, પાનકોરનાકા, ફુવારા, ચાંદલા ઓળ, સાંકડી શેરીના નાકે થઈ માણેકચોક શાક માર્કેટ, દાણાપીઠ, ખમાસાથી જગન્નાથ મંદિર સુધીનો વિસ્તાર નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં શુક્રવારે અમદાવાદ, ભાવનગર અને રાજકોટ સહિત ૨૧૩થી વધુ સ્થળોએ રથયાત્રા નીકળશે. અમદાવાદની અષાઢી બીજની રથયાત્રા તો માત્ર ગુજરાત જ નહીં ભારત સહિત વિશ્વભરમાં ભારે વિખ્યાત છે. આ રથયાત્રાને મહાલવા દેશ-વિદેશમાંથી ભકતો ઉમટી પડે છે. ■

### ભગવાન જગન્નાથને ઈતિહાસમાં પ્રથમ વખત ગાર્ડ ઓફ ઓનર અપાશે

અમદાવાદઃ શહેરમાં આજે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળશે. રથયાત્રામાં આ વખતે ઇતિહાસમાં સૌપ્રથમ વાર ભગવાન જગન્નાથને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. સવારે પહિંદ વિધિ પહેલાં ગુજરાત પોલીસ દ્વારા ગાર્ડ

ઓફ ઓનર આપવામાં આવશે. જેને લઈને પોલીસ કમિશનર દ્વારા ગુરુવારે સાંજે જગન્નાથ મંદિર ખાતે ગાર્ડ ઓફ ઓનર અંગેનું રિહર્સલ કરવામાં આવ્યું હતું અને તેનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. જે જગ્યાએ ગાર્ડ ઓફ ઓનર અપાશે ત્યાં રથની આજુબાજુ સ્પેશિયલ એક્શન ફોર્સના જવાનો પણ તહેનાત કરવામાં આવ્યા હતા. આ ફોર્સમાં ચાર મહિલા જવાનો પણ શામેલ કરવામાં આવી હતી.

ગુરુવારે ભગવાને ખાસ સોના વેશમાં ભક્તોને દર્શન આપ્યા હતા. વર્ષમાં એક જ વાર ભગવાન જગન્નાથ સોના વેશ ધારણ કરે છે. ગુરુવારે ભગવાને સોનાના આભૂષણ અને સોનાનો મુગટ ધારણ કર્યો હતો. જગતના નાથ ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. મંદિરમાં કોણ છે રાજા રણછોડ છે ના નાદ સાથે જગન્નાથ મંદિર પરિસર ગૂંજી ઊઠ્યું હતું. ■

# ૨૮ કલાકની સફર પૂર્ણ કરી શુભાંશુ શુક્લા સ્પેસ સ્ટેશન પહોંચ્યા



**અવકાશયાત્રાઃ** ‘એક્સિકોમ-૪’ મિશનના ભાગરૂપે અવકાશયાન ‘સ્પેસ-એક્સ ડ્રેગન’ની મદદથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં પહોંચેલા ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુકલા અને અન્ય દેશના અવકાશયાત્રીઓ. (પીટીઆઇ)

નવી દિલ્હીઃ ભારતના શુભાંશુ શુકલા અને અન્ય ત્રણ અવકાશયાત્રીઓ ગુરુવારે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચ્યા હતા. ડ્રેગન અવકાશયાન પૃથ્વીની આસપાસ ૨૮ કલાકની સફર પૂર્ણ કર્યા પછી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે ડોક (જોડાયું) થયું હતું. ડ્રેગન કેટેગરીના આ પાંચમા અવકાશયાનનું નામ ‘ગ્રેસ’ રાખવામાં આવ્યું છે. આ અવકાશયાને ઉત્તર એટલાન્ટિક મહાસાગર ઉપર ભારતીય સમય મુજબ સાંજે ૪:૦૧ વાગ્યે સ્પેસ સ્ટેશન સાથે સોફ્ટ કેપ્ચર પ્રાપ્ત કર્યું હતું. આ પહેલી વાર છે જ્યારે કોઈ ભારતીય અવકાશયાત્રી આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની યાત્રા કરી રહ્યા છે. નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)એ એક નિવેદનમાં જાહેરાત કરી હતી કે ‘‘ગુરુવારે સવારે ૬:૩૧ વાગ્યે ઈડીટી (ભારતીય સમય અનુસાર, ૪:૦૧ વાગ્યે ) સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાન આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે ડોકિંગ કરવામાં આવ્યું હતું. ડોકિંગનો અર્થ થાય છે ડ્રેગન અવકાશયાન ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેન પહોંચ્યા બાદ તેની સાથે જોડાયું હતું. નાસા તરફથી એક લાઇવ વીડિયો લિંક મારફતે અવકાશયાન અવકાશ મથકની નજીક પહોંચતું દર્શાવવામાં આવ્યું હતું. ડોકિંગની પ્રક્રિયા સાંજે સવા ચાર વાગ્યે પૂર્ણ થઇ હતી.’’

એ અગાઉ, અવકાશયાત્રી શુભાંશુ શુક્લાએ ગુરુવારે જણાવ્યું હતું કે તે સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણની પરિસ્થિતિઓમાં ‘‘એક બાળકની જેમ’’ જીવવાનું શીખી રહ્યા હતા અને જ્યારે ડ્રેગન અવકાશયાન આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે ડોક કરવા માટે પોતાની યાત્રામાં પૃથ્વીની પરિક્રમા કરી રહ્યું ત્યારે શૂન્યાવકાશમાં તરવું એક અદ્ભુત હતો.

અવકાશયાનમાંથી એક વીડિયો લિંક મારફતે પોતાના અનુભવો શેર કરતા શુક્લાએ કહ્યું હતું કે બુધવારે એક્સિઓમ-ચાર મિશનના લોન્ચ પહેલાં ૩૦ દિવસ સુધી એકાંત દરમિયાન બહારની દુનિયાથી સંપૂર્ણપણે દૂર રહ્યા બાદ ‘‘મારા મનમાં ફક્ત એક જ વિચાર આવ્યો હતો કે અમને ફક્ત જવા દેવામાં આવે.’’

શુકલા અને અન્ય ત્રણ અવકાશયાત્રીઓ ફલોરિડા સ્થિત નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી ડ્રેગન અવકાશયાનમાં ૧૪ દિવસના રોકાણ માટે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (આઇએસએસ) માટે રવાના થયા. એક્સિઓમ- ચાર કમર્શિયલ મિશન હેઠળ ફાલ્કન-નવ રોકેટમાં સવાર થયેલા આ અવકાશયાત્રીઓ ગુરુવારે સાંજે સાડા ચાર વાગ્યે આઇએસએસ પહોંચ્યા હતા.

શુક્લાએ કહ્યું હતું કે, ‘‘વાહ! તે એક અદ્ભુત સફર હતી! સાચું કહું તો ગઈકાલે જ્યારે હું લોન્ચપેડ પર કેપ્સ્યુલ ગ્રેસમાં બેઠો હતો, ત્યારે મારા મનમાં એક જ વિચાર આવ્યો કે ચાલો જઈએ! ૩૦ દિવસના એકાંત પછી એવું લાગ્યું કે હું ફક્ત જવા માગું છું. ઉત્સાહ અને બધું દૂર હતું. બસ એવું લાગી રહ્યું હતું કે ચાલો જઈએ.’’ અવકાશયાત્રીઓએ સ્પેસએક્સના નવા ડ્રેગન અવકાશયાનને ‘ગ્રેસ’ નામ આપ્યું છે.

તેમણે હંસ જેવા દેખાતા આ રમકડા ‘જોય’ વિશે પણ વાત કરી જે શૂન્ય ગુરુત્વાકર્ષણ સૂચક છે અને એક્સિઓમ-ચાર મિશન પર પાંચમો ક્રૂ સભ્ય છે. પ્રક્ષેપણ દરમિયાન ગુરુત્વાકર્ષણ બળનો સામનો કરવાનો પોતાનો અનુભવ શેર કરતા શુક્લાએ કહ્યું હતું કે તેમને એવું લાગ્યું કે જાણે તેમને તેમની સીટ પર પાછળ ધકેલવામાં આવી રહ્યા હોય.

તેમણે કહ્યું હતું કે ‘‘પરંતુ જ્યારે મુસાફરી શરૂ થઈ ત્યારે તે કંઈક ખાસ હતું. તમને સીટ પર પાછળ ધકેલી દેવામાં આવી રહ્યા હતા. તે એક અદ્ભુત સફર હતી અને પછી અચાનક કંઈ અનુભવાયું નહીં. બધું શાંત હતું અને તેઓ ફક્ત તરતા હતા. અમે બેલ્ટ ખોલીને શૂન્યાવકાશમાં તરતા હતા. ભારતીય અવકાશયાત્રીએ કહ્યું હતું કે શૂન્યાવકાશમાં ગયા પછીની શરૂઆતની થોડી ક્ષણો સારી ન લાગી પરંતુ ટૂંક સમયમાં તે ‘અદ્ભુત લાગણી’ બની ગઈ હતી. શુક્લાએ કહ્યું હતું કે, ‘‘હું તેની સારી રીતે આદત પાડી રહ્યો છું. હું દૃશ્યોનો આનંદ માણી રહ્યો છું, અનુભવ કરી રહ્યો છું અને બાળકની જેમ શીખી રહ્યો છું. હું ચાલવાનું શીખી રહ્યો છું, મારી જાતને નિયંત્રિત કરવાનું શીખી રહ્યો છું, ખાવા-પીવાનું શીખી રહ્યો છું. આ બધું ખૂબ જ રોમાંચક છે. આ એક નવું વાતાવરણ છે, એક નવો પડકાર છે અને હું અહીં મારા સાથી અવકાશયાત્રીઓ સાથે આ અનુભવનો આનંદ માણી રહ્યો છું. ભૂલો કરવી સારી છે, પરંતુ બીજા કોઈને ભૂલો કરતા જોવું વધુ સારું છે, તેથી આ એક મજાનો સમય છે. ■

# ગુજરાતમાં અષાઢના પ્રારંભે જ અનરાધાર

## ૧૫૯ તાલુકામાં વરસાદ, માળિયા હાટિનામાં ૫.૩૧ ઈંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં અષાઢ મહિનાના પ્રારંભે જ જમાવટ કરી હતી અને પહેલા જ દિવસે રાજ્યના ૧૫૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જૂનાગઢ, નવસારી, વલસાડ, ગીર સોમનાથ, સુરત, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં ૩ ઇંચથી પણ વધુ વરસાદ પડ્યો હતો. ૨૬ જૂનના રોજ સૌથી વધુ વરસાદ જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીનામાં ૫.૩૧ ઇંચ વરસાદ નોંધાયો હતો.

સ્ટેટ ઇમરજન્સી સેન્ટર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર ૨૬ જૂનના રોજ સાંજે ૬ વાગ્યા સુધી રાજ્યના ૧૫૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીનામાં ૫.૩૧ ઇંચ વરસાદ નોંધાયો હતો. તે ઉપરાંત સુરતના મહુવામાં ૪.૭૬ ઇંચ, વિસાવદરમાં ૪.૬૫ ઇંચ, ખેરગામમાં ૪.૧૭ ઇંચ, ચિખલીમાં ૪.૦૨ ઇંચ, તાલાળામાં ૩.૯૮ ઇંચ, બારડોલીમાં ૩.૪૬ ઇંચ, કામરેજમાં ૩.૧૯ ઇંચ, કલ્યાણપુરમાં ૩.૧૯ ઇંચ, રાણાવાવમાં ૩.૧૫ ઇંચ, પારડી ૩.૧૧ ઇંચ પડ્યો હતો.

અમરેલી, ધરમપુર, પાટણ, મહેસાણા, વિજાપુર, લોધિકા, રાજુલા, ટંકારા, કેશોદ, કુતિયાણા, કુંકાવાવ, કવાંટ, નવસારી, ગણદેવી, સુરત શહેર, ડોલવણ, માંગરોળ સહિત ૨૦ તાલુકામાં ૨ ઇંચથી લઈને ૩ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો હતો.

રાજ્યના ૨૧ તાલુકામાં ૧ ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. અષાઢ મહિનાના પહેલા જ દિવસે પડેલા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

રાજ્યના હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ અને ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ■

# ઉત્તરાખંડમાં બસ નદીમાં પડતાં બેનાં મોતઃ દસ લાપતા, આઠ ઘાયલ

## પ્રવાસીઓમાં ગુજરાતના સોની પરિવારનો સમાવેશ

રુદ્રપ્રયાગઃ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના શ્રદ્ધાળુઓને લઇને બદરીનાથ જતી ૩૧ બેઠકવાળી બસ ગુરુવારે અહીંની અલકનંદા નદીમાં પડતા બે જણ માર્યા ગયા હતા, દસ જણ ગુમ થયા હતા અને અને અન્ય આઠ જણ ઘાયલ થયા હતા.

રુદ્રપ્રયાગ અને ગૌચર વચ્ચેના બદરીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઘોલતીર ગામની નજીક બસને

અકસ્માત થયો હતો.

રુદ્રપ્રયાગની નજીક એક અને અકસ્માતના સ્થળની નજીકમાંથી બીજો મૃતદેહ નદીમાંથી બહાર કઢાયો હતો. આ મૃતદેહ ગુજરાતના સુરતના ૧૭ વર્ષીય દમી અને મધ્ય પ્રદેશના રાજગઢના ૪૨ વર્ષીય વિશાલ સોનીના હોવાનું કહેવાય છે.



**બચાવ કામગીરીઃ** ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં અલકનંદા નદીમાં ટેમ્પો ટ્રાવેલર પડ્યો તે પછી ચાલતી બચાવ કામગીરી. આ દુર્ઘટનામાં બે જણ માર્યા ગયા હતા અને અન્ય આઠ જણ ઘાયલ થયા હતા. (પીટીઆઇ)

ગુમ થયેલા લોકોમાં ગુજરાતના મૌલી સોની (૧૯ વર્ષ), ચેષ્ટા (૧૨ વર્ષ), મહારાષ્ટ્રના કટ્ટા રંજના અશોક (૫૪), ઉદયપુરના રવિ ભાવસાર (૨૮), રાજસ્થાનના લલિતકુમાર સોની (૪૮), ઉદયપુરના સુશીલા સોની (૭૭), ચેતના સોની (બાવન), સુરતના

મયૂરી (૨૪)નો સમાવેશ થાય છે.

ઘાયલોમાં ગુજરાતના ઇશ્વર સોની (૪૬), મહારાષ્ટ્રના અમિતા સોની (૪૯), ગુજરાતના સોની ભાવના ઇશ્વર (૪૩), ગુજરાતના ભવ્યા સોની (૭), મધ્ય પ્રદેશના રાજગઢના પાર્થ સોની (૧૦), રાજસ્થાનના સિરોહી મીનાના દીપિકા સોની (૪૨), રાજસ્થાનના હેમલતા સોની અને હરિદ્વારના ડ્રાઇવર સુમિતકુમાર (૨૩)નો સમાવેશ થાય છે.

ભંડારી વિસ્તારમાં સવારે ૭.૩૦ વાગ્યે આ બસ અલકનંદા નદીમાં પડી હતી. સ્થાનિક લોકો તુરત મદદ માટે આવ્યા હતા. અમુક ઘાયલોને હેલિકૉપ્ટરમાં હૃષીકેશની ‘એઇમ્સ’ ખાતે લઇ જવાયા હતા. (એજન્સી) ■

# ત્રાસવાદ સાથે શાંતિ, સમૃદ્ધિ અશક્યઃ રાજનાથ સિંહ

ક્વિન્ગદાઓઃ ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે પાકિસ્તાનની આડકતરી રીતે ટીકા કરતાં જણાવ્યું હતું કે ત્રાસવાદને આર્થિક અને અન્ય રીતે સહાય કરનારા લોકો પણ ત્રાસવાદીઓની પ્રવૃત્તિ માટે સરખા ‘જવાબદાર’ ગણાય. ત્રાસવાદના દૂષણને નાથવામાં કોઇ બેવડું વલણ ચલાવી ન લેવાય. ત્રાસવાદ સાથે શાંતિ અને સમૃદ્ધિનું અસ્તિત્વ અશક્ય છે. તેમણે શાંઘાઇ કૉઑપરેશન ઑર્ગેનાઇઝેશન (એસસીઓ)ના સભ્ય દેશોના સંરક્ષણ પ્રધાનોની બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે અમુક દેશ ત્રાસવાદીઓને આશ્રય આપે છે અને સરહદ પારથી ત્રાસવાદને ફેલાવે છે. રાજનાથ સિંહ ચીનના બંદર પરના આ શહેરમાં શાંઘાઇ કૉઑપરેશન ઑર્ગેનાઇઝેશનના સભ્ય દેશોના સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં ભાગ લેવા માટે બુધવારે અહીં આવ્યા હતા.

ભારતના સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે આપણા વિસ્તારમાં શાંતિ, સલામતી અને વિશ્વાસના અભાવનો મોટો પડકાર છે. કટ્ટરપંથ, ઉગ્રતાવાદ અને ત્રાસવાદને લીધે આ સમસ્યા વધી રહી છે.

મોટા પાયે વિનાશ વેરી શકે એવાં શસ્ત્રો ત્રાસવાદીઓ અને અન્ય ઉગ્રતાવાદીઓના હાથમાં આવી જાય તો મુશ્કેલી વધી જશે. મોટું જોખમ ઊભું કરતાં શસ્ત્રોનો ફેલાવો રોકવાનો પણ પડકાર રહેલો છે. આપણે સૌએ સાથે મળીને આ દૂષણ સામે લડવું જોઇએ. (એજન્સી) ■



**મંત્રણાઃ** પૂર્વ ચીનના શાન્દોગ પ્રાતમાં ક્વિન્ગદાઓ ખાતે શાંઘાઈ કૉઑપરેશન ઑર્ગેનાઈઝેશન (એસસીઓ)ના સભ્ય દેશોના સંરક્ષણ પ્રધાનોની મળેલી બેઠકમાં ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ. (એપી / પીટીઆઇ)

### ભારતે સંયુક્ત નિવેદન પર સહી ન કરી

ક્વિન્ગદાઓઃ પાકિસ્તાન દ્વારા સરહદ પારથી ફેલાવાતા ત્રાસવાદ અંગે ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે શાંઘાઇ કૉઑપરેશન ઑર્ગેનાઇઝેશન (એસસીઓ)ના સભ્ય દેશોના સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં વ્યક્ત કરેલી ચિંતાનો કોઇ પણ ઉલ્લેખ બેઠક બાદ બહાર પાડવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં નહિ કરવામાં આવતા ભારતે તેના પર સહી કરવાનો ઇનકાર કર્યો હતો. શાંઘાઇ કૉઑપરેશન ઑર્ગેનાઇઝેશન સર્વસંમતિથી કાર્ય કરે છે અને રાજનાથ સિંહે તેના સંયુક્ત નિવેદન પર સહી નહિ કરતા આ બેઠકના અંતે કોઇ સત્તાવાર સંયુક્ત નિવેદન બહાર નહોતું પડાયું. (એજન્સી) ■

### રશિયા ભારતના નૌકાદળને પહેલી જુલાઇએ જહાજ આપશે

ક્વિન્ગદાઓઃ ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે રશિયાના સંરક્ષણ પ્રધાન આન્દ્રેય બેલોઉસોવની સાથે અહીં દ્વિપક્ષી મંત્રણા કરી હતી.

બન્ને નેતાએ રશિયામાં ભારતના નૌકાદળ માટે બનાવેલા જહાજ આઇએનએસ તમાલની પહેલી જુલાઇએ ભારતને થનારી સોંપણી અંગે ચર્ચા કરી હોવાનું કહેવાય છે. શાંઘાઇ કૉઑપરેશન ઑર્ગેનાઇઝેશન (એસસીઓ)ના સભ્ય દેશોના સંરક્ષણ પ્રધાનોની અહીં બેઠક યોજાઇ હતી ત્યારે ભારત અને રશિયાના પ્રધાનોએ દ્વિપક્ષી મંત્રણા યોજીને સંરક્ષણ અને વ્યૂહાત્મક બાબતમાં ચર્ચા કરી હતી. રાજનાથ સિંહે આ દ્વિપક્ષી બેઠક બાદ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે અમે ભારત - રશિયા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સંબંધ વધુ દૃઢ બનાવવા વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી. (એજન્સી) ■

# ઇઝરાયલ સામે વિજય મેળવ્યો અને અમેરિકાને ‘તમાચો માર્યો’: ઇરાન

દુબઈઃ ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામેનીએ યુદ્ધમાં ઇઝરાયલ પર ઇરાનનો વિજય થયો હોવાનો દાવો કર્યો હતો અને જણાવ્યું હતું કે અમે અમેરિકાના ‘ચહેરા પર તમાચો માર્યો’ છે.

ઇરાન અને ઇઝરાયલ વચ્ચે ‘યુદ્ધવિરામ’ જાહેર થયું, તે પછી ઇરાનના સર્વોચ્ચ નેતાએ આ સૌપ્રથમ વખત યુદ્ધને લગતું નિવેદન જાહેરમાં કર્યું હતું.

ઇરાનની સરકાર દ્વારા સંચાલિત ટેલિવિઝન ચેનલ પર આયાતોલ્લાહ અલી ખામેનીનો વીડિયો સંદેશો પ્રસારિત કરાયો હતો. તેઓ ૧૯ જૂન પછી જાહેરમાં ટીવી પર આ સૌપ્રથમ વખત દેખાયા હતા અને રાષ્ટ્રજોગ સંદેશો આપ્યો હતો.

ઇરાનના સર્વોચ્ચ નેતાએ ટીવી ચેનલના દર્શકોને જણાવ્યું હતું કે અમેરિકાને જ્યારે લાગ્યું કે તે યુદ્ધમાં દખલગીરી નહિ કરે, તો યહૂદી શાસન ધરાવતા દેશ (ઇઝરાયલ)નો સર્વનાશ થશે ત્યારે તેણે યુદ્ધમાં ઝંપલાવ્યું હતું.

તેમણે દાવો કર્યો હતો કે ઇરાન અને ઇઝરાયલ વચ્ચેના આ યુદ્ધમાં ઝંપલાવવાથી અમેરિકાને કોઇ ફાયદો નહોતો થયો. આપણા ઇસ્લામિક પ્રજાસત્તાક દેશે (ઇરાને) અંતે વિજય મેળવ્યો હતો અને આપણે અમેરિકાના ‘ચહેરા પર થપ્પડ મારી’ હતી.

ઇરાને કતારમાંના અમેરિકાના મથક પર ગયા સોમવારે મિસાઇલ હુમલો કર્યો હતો.

ઇઝરાયલ સાથેનું યુદ્ધ ૧૩ જૂને શરૂ થયું તે પછી ઇરાનના ૮૬ વર્ષીય સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામેનીએ ગુપ્ત સ્થળે આશ્રય લીધો હતો.

ઇઝરાયલે ઇરાનનાં અણુમથકો પર હુમલા કર્યા હતા અને ઇરાનના લશ્કરી કમાંડર્સ તેમ જ વિજ્ઞાનીઓને લક્ષ્ય બનાવવા પ્રયાસ કર્યા હતા. (એજન્સી) ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ ઈરાન પર ઓળઘોળ થયા તેમાં ભારતને ફાયદો

**ઈરાન** અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ થતાં વિશ્વમાં એક મોરચે શાંતિ થઈ છે. આ યુદ્ધવિરામ કેટલું ટકશે એ ખબર નથી પણ આ યુદ્ધનું એક સારું પરિણામ ડોનલ્ડ ટ્રમ્પના વલણમાં આવેલો ફેરફાર છે. દુનિયાના બીજા કોઈ દેશની ખબર નથી પણ ભારત માટે આ ફેરફાર સારો સાબિત થઈ શકે છે કેમ કે ટ્રમ્પે ઈરાન પરનો ક્રૂડ ઓઈલના વેચાણનો પ્રતિબંધ હટાવી દેવાનું એલાન કર્યું છે.

ટ્રમ્પની જાહેરાત પછી વ્હાઈટ હાઉસના અધિકારીએ એવી સ્પષ્ટતા કરી કે આ ઈરાન પર યુએસ દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોમાં રાહતની જાહેરાત છે એમ ના સમજવું. અલબત્ત વ્હાઈટ હાઉસ તરફથી કરાયેલી સ્પષ્ટતાનો અર્થ એવો કઢાઈ રહ્યો છે કે, ઈરાન દુનિયાના બીજા દેશોને ક્રૂડ ઓઈલ વેચી શકશે પણ બીજા પ્રતિબંધો ચાલુ રહેશે. અમેરિકાએ ઈરાન પર બીજા દેશો સાથે વ્યાપારથી માંડીને પરમાણુ કાર્યક્રમને રોકવા સહિતના જાત જાતના પ્રતિબંધો મૂક્યા છે. ટ્રમ્પની જાહેરાત માત્ર ક્રૂડ ઓઈલ પૂરતી છે તેથી બીજા પ્રતિબંધો નહીં હટે એવું અર્થઘટન કરાઈ રહ્યું છે ને આ અર્થઘટન ખોટું પણ નથી.

ટ્રમ્પે સાફ શબ્દોમાં કહ્યું કે, ઈરાન ક્રૂડ ઓઈલનો વેપાર કરે છે તેને હું ઇચ્છું તો રોકી શકું છું પણ હું ઈરાનને ક્રૂડ ઓઈલનું વેચાણ કરતાં રોકવા માગતો નથી. યુદ્ધના કારણે થયેલા નુકસાનમાંથી બહાર નીકળવા માટે ઈરાને ક્રૂડ ઓઈલ વેચવું જરૂરી છે. આ સંજોગોમાં ચીન ઈરાન પાસેથી ઓઈલ ખરીદે તો અમને કોઈ સમસ્યા નથી.

દુનિયાના બીજા કોઈ દેશનો ટ્રમ્પે ઉલ્લેખ કર્યો નથી પણ ઈરાન પાસેથી ચીન ક્રૂડ ઓઈલ ખરીદી શકે તો ભારત પણ ખરીદી જ શકે એ કહેવાની જરૂર નથી. ડોનલ્ડ ટ્રમ્પે નેધરલેન્ડ્સમાં નાટો સમિટમાં આશ્ચર્યજનક રીતે ઈરાનનાં વખાણ કરીને એવું પણ કહ્યું કે, ઈરાને યુદ્ધમાં ભારે બહાદુરી બતાવી છે.

ટ્રમ્પ ઈરાન પર ઓળઘોળ થયા તેનું કારણ એ છે કે, ઈરાન અને અમેરિકા વચ્ચે આવતા અઠવાડિયે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે વાતચીત શરૂ થવાની છે. ટ્રમ્પે એ પહેલાં જ ઈરાન તરફ કૂણું વલણ અપનાવીને સંકેત આપ્યો છે કે, પોતે હવે ઈરાન સામે આક્રમક વલણ અપનાવવા નથી માગતા અને શાંતિ ઈચ્છે છે. ટ્રમ્પ ઈરાન સાથે શાંતિ ઈચ્છે છે તેનું કારણ પહેલાં ઈઝરાયલ અને પછી અમેરિકાના ઈરાન પરના હુમલામાં મળેલું પરિણામ છે. ઈઝરાયલ-અમેરિકાએ ઈરાનનાં પરમાણુ મથકોને નિશાન બનાવીને કરેલા હુમલા ભારે સફળ થયાનું કહેવાય છે. આ બંનેના હુમલાએ ઈરાનનાં પરમાણુ મથકોને સાફ કરી નાખ્યા હોવાના દાવા કરાઈ રહ્યા છે.

અમેરિકન ગુપ્તચર એજન્સી સીઆઈએએ સત્તાવાર રીતે કહ્યું છે કે, ઈઝરાયલ-અમેરિકાના ઈરાન પરના તાજેતરના હુમલાથી ઈરાનના પરમાણુ કાર્યક્રમને મોટું નુકસાન થયું છે. ડોનલ્ડ ટ્રમ્પ અને તુલસી ગેબાર્ડ પણ કહી ચૂક્યાં છે કે, ઈરાનનાં મહત્ત્વનાં પરમાણુ મથકોનો નાશ થયો છે અને આ પરમાણુ મથકોને ફરી ઊભાં કરવામાં ઘણાં વર્ષો નીકળી જશે તેથી હાલ પૂરતો ઈરાનના પરમાણુ કાર્યક્રમનો ખતરો ટળી ગયો છે.

ઈઝરાયલે પણ આ જ વાત દોહરાવી છે. ઈઝરાયલની ઈન્ટેલિજન્સ એજન્સી મોસાદે ઈરાન સામેના ૧૨ દિવસના જંગને ઐતિહાસિક ગણાવીને એલાન કર્યું છે કે, આ હુમલાના કારણે ઈરાનનો દાયકાઓ જૂનો ખતરો સમાપ્ત થઈ ગયો છે કેમ કે ઈરાનના પરમાણુ કાર્યક્રમને લગતી સમગ્ર સિસ્ટમને ભારે નુકસાન થયું છે. ઈરાનનો પરમાણુ કાર્યક્રમ ઘણાં વર્ષો પાછળ ધકેલાઈ ગયો છે તેથી ચિંતા કરવાની જરૂર નથી.

ઈરાનના વિદેશ મંત્રાલયે પણ અલ જઝીરાને કહ્યું કે ઇઝરાયલ અને અમેરિકા દ્વારા સતત હુમલાઓથી તેમના પરમાણુ મથકોને ગંભીર નુકસાન થયું છે. અલબત્ત ઇન્ટરનેશનલ એટોમિક એનર્જી એસોસિએશન (IAEA) ના વડા રાફેલ ગ્રોસી અમેરિકા અને ઈઝરાયસની વાત સાથે સહમત નથી. તેમના કહેવા પ્રમાણે, ઇઝરાયલી અને અમેરિકી હુમલાઓએ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ માત્ર થોડા મહિનાઓ માટે પાછળ ધકેલાયો છે. ઈરાને ૪૦ પરમાણુ બોમ્બ બનાવી શકાય એટલું એનરિચ્ડ યુરેનિયમ સગેવગે કરી નાખ્યું હોવાના પણ અહેવાલ છે. આ સંજોગોમાં ઈરાન અમેરિકાને ફોસલાવવા માટે પરમાણુ મથકોને નુકસાન થયું હોવાની વાત કરતું હોય એ શક્ય છે. એક તરફ ઈરાન પોતાને નુકસાન થયાની વાત કરે ને બીજી તરફ ભૂતકાળની જેમ ખાનગીમાં પોતાનો પરમાણુ કાર્યક્રમ ચાલુ રાખે એ શક્ય છે. ખરી રીતે જોઈએ તો તેના કારણે દુનિયાને કોઈ નુકસાન નથી કેમ કે ઈરાન પોતાની સુરક્ષા માટે બોમ્બ બનાવી રહ્યું છે. કોઈ દેશ સામે તેનો ઉપયોગ કરવા જતાં પોતે ખતમ થઈ જશે તેની તેને ખબર જ હોય તેથી ભારતની જેમ કદી તેનો ઉપયોગ ના કરે એ શક્ય છે.

ટ્રમ્પ આણિ મંડળીને પણ આ વાતની ખબર હશે જ પણ પોતાનો અહમ સંતોષવા તેમણે હુમલા કરાવી દીધા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમને નષ્ટ કરી દીધો એવું એલાન કરીને હીરો બની ગયા. આ હીરોગીરીના કેફમાં ટ્રમ્પે ઈરાનને ક્રૂડ ઓઈલ વેચવાની મંજૂરી પણ આપી દીધી. આ મંજૂરી ભારત માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે કેમ કે ભારત અને ઈરાનના સંબંધોને ફરી મજબૂત કરવાનો રસ્તો તેના કારણે ખૂલી જશે.

અમેરિકાએ પ્રતિબંધ મૂક્યા એ પહેલાં ઈરાન અને ભારતના સંબંધો બહુ સારા હતા ને આપણે વરસોથી તેની સાથે ધમધોકાર વેપાર કરતા હતા. ભારત અને ઈરાન વચ્ચે સૌથી મોટો વેપાર ક્રૂડ ઓઈલનો હતો. ઈરાન ભારતનો બીજા નંબરનો સૌથી મોટો ક્રુડ સપ્લાયર હતો. ભારત ઈરાન પાસેથી દરરોજ ૪.૨૫ લાખ બેરલ ક્રૂડ ઓઈલ લેતું હતું. ભારતની ક્રૂડ જરૂરિયાતના ૨૫ ટકા ક્રૂડ ઈરાનથી આવતું અને વરસે ૧૨૦૦ કરોડ ડૉલરનો ક્રૂડ ઓઈલનો કારોબાર હતો.

ભારતને ઈરાન પાસેથી ક્રૂડ ખરીદવામાં ઘી-કેળાં હતાં કેમ કે આપણને ઈરાન પાસેથી સસ્તા ભાવે ક્રૂડ મળતું ને ઉધારમાં મળતું. ઈરાન ડૉલરના બદલે ભારતીય ચલણ પણ સ્વીકારતું અને ક્રૂડના બદલામાં ભારતનો માલ પણ લેતું તેથી આપણા માટે ઈરાન પાસેથી ક્રૂડની ખરીદી ફાયદાનો સોદો હતો. ભારત અને ઈરાન વચ્ચે ક્રૂડનો મોટો વેપાર હતો એટલે ઈરાનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોટા પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટ પણ ભારતને મળતા. ભારતના હજારો કામદારો ઈરાનમાં કામ કરતા અને રેમિટન્સની જંગી આવક પણ થતી.

હવે ટ્રમ્પ ઈરાનને ક્રૂડ વેચવાની છૂટ આપી રહ્યા છે તેના કારણે ભારત અને ઈરાન વચ્ચે ફરી સંબંધો સારા બની શકે ને ફરી ભારત આ બધા ફાયદા મેળવી શકે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ,
શુક્રવાર, તા. ૨૭-૬-૨૦૨૫, રથયાત્રા

- ભારતીય દિનાંક ૬, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨જો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ સવારે ક. ૦૭-૨૧ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ.)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ધ્રુ
- ભરતીઃ બપોરે ક. ૧૩-૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૦ (તા. ૨૮)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૫, રાત્રે ક.૧૯-૫૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુક્લ - દ્વિતિયા. રથયાત્રા, મુસ્લિમ ૧લો મોહર્રમ માસારંભ, હિજરી સન ૧૪૪૭ પ્રારંભ (મુસ્લિમ), સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં સવારે ક. ૦૬-૨૦. વાહન ઉંદર,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શુક્ર-શનિ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, રથયાત્રા ઉત્સવ, પીપળાનું પૂજન, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, પ્રયાણ મધ્યમ, ધાન્ય ભરવું, નવા વસ્રો, આભૂષણ, બી વાવવું, દુકાન-વેપાર, સ્થાવર લેવડદેવડ, પશુ લે-વેંચ, બાળકનું અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રથમ વાહન, નૌકા બાંધવી, યંત્રારંભ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃચંદ્ર-બુધ યુતિ દઢ સ્વભાવ, ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય શુક્ર-રાહુ અર્ધત્રિકોણ સ્થિર પ્રકૃતિ. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, શુક્ર-રાહુ અર્ધત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પ્રજામત

### દવા કંપનીઓની ખુલ્લી લૂંટ

વર્ષો પહેલાં એનાસિન અને એસ્પ્રિનની દવાની કંપનીઓ ફક્ત બે ગોળીની પેકિંગ બનાવતા હતા એનાથી પેશન્ટને ઘણી રાહત મળતી હતી. જરૂર પ્રમાણે જ ગોળીઓ ખરીદતા હતા.

એના પછી દવા કંપનીઓએ દસ ગોળીનું પેકિંગ શરૂ કર્યું, એટલે ડૉક્ટરના કહેવા પ્રમાણે ૬ ગોળીઓ જ વપરાય ને બાકીની ચાર ગોળીઓ ફેંકવી પડતી હતી.

જોકે હવે તો હદ થઈ. દસ ગોળીની પેકિંગને બદલે હવે ૧૫ ગોળી અને ૧૫ને બદલે ૩૦ ગોળીના પેકિંગ આવે છે.

આવી રીતે દવા કંપનીઓ દર્દીઓને લૂંટવા બેઠા છે.

એથી ભારત સરકારે આવી કંપનીઓને ફરજિયાત નાના પેકિંગ કરવાની ફરજ પાડવી જોઈએ.

**- વસંતલાલ ગડા**
(કાંદિવલી-વેસ્ટ)

### શિક્ષણપ્રથામાં ફેરફાર જરૂરી

લાંબા વેકેશન બાદ હવે શાળાઓ ખૂલી ગઈ છે. શિક્ષણ ક્ષેત્રે નવા પ્રયોગો કરવાની તક શિક્ષકો અને સંસ્થાને આપવી જોઈએ. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે આત્મીયતા હોવી જોઈએ. નિષ્ઠાવાન શિક્ષકોને બિરદાવવાની યોજના લાગુ કરવી જોઈએ. પરીક્ષા પદ્ધતિ બદલાવી જોઈએ. વિદ્યાર્થીમાં મૌલિક વિચારશક્તિ ખીલે એવી ગોઠવણ કરવી જોઈએ. શિક્ષણનો ધ્યેય સારા વ્યક્તિ બનવા પર હોવો જોઈએ.

**- કે.પી. બારોટ**
(અંધેરી- વેસ્ટ)

### ...તો કાયમી દિવ્ય પ્રકાશ રેલાશે

અંધત્વ અને આંખોની સમસ્યાનું મૂળ કારણ દેશી ગાયના દૂધ-ઘીનો અભાવ અને કેટલેક અંશે આધુનિક ટેક્નોલોજી પણ એના માટે જવાબદાર છે. એવામાં વધતા જતા અંધત્વના રોગને ડામવામાં નહીં આવે તો ચક્ષુહીનોની સંખ્યા વધતી જશે. એના માટે દરરોજ બાળકો સહિત લોકોને તાજું દૂધ આપવું જોઈએ. જેથી કરીને તેમને અંધત્વ તરફ જતા અટકાવી શકાય. આવી રીતે અંધત્વની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકાશે.

અસંખ્ય બાળકો કુપોષણને કારણે દૂધના અભાવમાં રહે છે. તેમને યોગ્ય પોષણક્ષમ આહાર મળે એ જરૂરી છે.

આજથી સો વર્ષ પહેલાં લોકો સવારે તાજું દૂધ, બપોરે છાશ અને સાંજે ખીચડી કે રોટલા સાથે ઘી-દૂધ લેતાં. લોકો ગાયને ઘરે રાખતાં હતાં. હવે તો પશુપાલન પણ ઘટી ગયું છે.

**- સેવંતીભાઈ સંઘવી**
(થરાદ)

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

## યુપીમાં ઇટાવાના ગામ ખાતે હિંસાઃ પોલીસ પર પથ્થરમારો

ઇટાવા (ઉત્તર પ્રદેશ): અહીંના દાંદરપુર ગામમાં પ્રવેશને મુદ્દે 'અહીર રેજિમેન્ટ' અને 'યાદવ મહાસભા' વચ્ચે અથડામણ થઇ હતી અને પોલીસ પર પથ્થરમારો કરાયો હતો. તોફાનીઓએ ઇંટ, લાઠી અને પથ્થરથી પોલીસનાં વાહનો તોડ્યાં હતાં. પોલીસે તોફાનીઓના ટોળાને વિખેરવા માટે હવામાં ગોળીબાર કર્યો હતો.

ઇટાવામાં યાદવ કથાવાચકો સાથે ખરાબ વર્તનને પગલે તંગદિલી ઊભી થઇ હતી. બ્રાહ્મણ અને યાદવ સમાજના સંગઠનના લોકો સામે પોલીસે પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધ્યો હતો.ટોળાએ બકેવરમાં પોલીસ ચોકીને ઘેરી લીધી હતી. દાંદરપુરમાં તોફાનીઓના ટોળાને રોકવા પોલીસે પ્રયાસ કરતા તેઓ પર પથ્થરમારો કરાયો હતો અને પોલીસ વાહનોના કાચ તોડી નખાયા હતા.

'અહીર રેજિમેન્ટ'ના ગગન યાદવે પોતાના સમાજના લોકોને દાંદરપુર ગામે કૂચ કરી જવાની હાકલ કરી હતી. પોલીસે તેને નજરકેદ હેઠળ રાખ્યો હતો. પોલીસે હિંસા ન ફેલાય તે માટે આ સમાજના લોકોને રોકવાનો પ્રયાસ કર્યો હતો. અગાઉ, દાંદરપુર ગામમાં કથાવાચકો મુકુટમણિ યાદવ અને સંતકુમાર યાદવ સાથે બ્રાહ્મણોએ દુર્વ્યવહાર કર્યો હોવાનું દર્શાવતો વીડિયો ફેલાતા તંગદિલી ઊભી થઇ હતી.

અખિલેશ યાદવે કથાવાચકોનું સમાજવાદી પક્ષની ઑફિસમાં સન્માન કરતા પરિસ્થિતિ વણસી હતી. ■

## કટોકટી સંબંધિત પ્રદર્શન યોજાયું

નવી દિલ્હીઃ સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા અહીંના ત્યાગરાજ સ્ટેડિયમ ખાતે દેશમાંના કટોકટીનાં પચાસ વર્ષ નિમિત્તે યોજાયેલાં પ્રદર્શનમાં જૂની યાદને ફરી તાજી કરાઇ હતી.

પ્રદર્શનમાં અખબારો સામેની સેન્સરશિપ સામે વિરોધ દર્શાવવા કેટલાંક છાપાએ કોઇ પણ લખાણ વિનાના પ્રસિદ્ધ કરેલા તંત્રીલેખના ફોટા, તે સમયના યુવાન કાર્યકર હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના બ્લૅક ઍન્ડ વાઇટ ફોટા, કટોકટીને લગતું જાહેરનામું વગેરે રખાયાં હતાં.કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ આ પ્રદર્શનમાં અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. કેન્દ્રના પ્રધાનો ગજેન્દ્રસિંહ શેખાવત, અશ્વિની વૈષ્ણવ અને દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ પણ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. અમિત શાહે 'લોકશાહી અમર રહો' સૂત્ર લખેલી દીવાલ પર હિંદીમાં 'વંદે માતરમ ૨૫.૬.૨૫' લખ્યું હતું અને તે પછી જાહેરસભાને સંબોધી હતી. (એજન્સી)■

## 'બાળકો પર અત્યાચારના મુદ્દા પરથી ધ્યાન ભટકાવવાનો થઇ રહ્યો છે પ્રયાસ', યુએનમાં ભારતનો પાકિસ્તાનને જવાબ

સંયુક્ત રાષ્ટ્ર : ભારતે પાકિસ્તાનમાં બાળકો પર થઈ રહેલા અત્યાચારો અને સરહદ પારથી વધી રહેલા આતંકવાદ તરફથી ધ્યાન ભટકાવવાના પાડોશી દેશના પ્રયાસો તથા સંયુક્ત રાષ્ટ્રની પ્રક્રિયાઓને લઇને તેના 'અયોગ્ય આરોપો'ને સખત શબ્દોમાં નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે દુનિયા પહલગામ હુમલાને ભૂલી નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત પી હરીશે કહ્યું હતું કે, ''હું પાકિસ્તાનના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલી રાજકીય રીતે પ્રેરિત ટિપ્પણીઓનો જવાબ આપવા માટે હું મજબૂર છું, જે સીએએસી (બાળકો અને સશસ્ત્ર સંઘર્ષ) એજન્ડાના ગંભીર ઉલ્લંઘનકારોમાંનો એક છે. બુધવારે 'બાળકો સામે ગંભીર ઉલ્લંઘનોને સમાપ્ત કરવા અને રોકવા માટે અસરકારક વ્યૂહરચના' વિષય પર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ખુલ્લી ચર્ચામાં એક નિવેદનમાં હરીશે કહ્યું હતું કે પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રની પ્રક્રિયાઓ પર ગેરવાજબી આરોપો લગાવી રહ્યું છે અને તેના નાપાક એજન્ડાને આગળ વધારવા માટે વિવિધ ચર્ચાઓમાં ભારતને બદનામ કરી રહ્યું છે.

હરીશે કહ્યું, ''અમે પાકિસ્તાનમાં બાળકો વિરુદ્ધ કરવામાં આવી રહેલા અત્યાચારો, જેમ કે સેક્રેટરી-જનરલના રિપોર્ટમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે અને સાથે જ વ્યાપક પ્રમાણમાં સરહદ પાર આતંકવાદથી ધ્યાન હટાવવાના તેમના પ્રયાસને પણ નકારીએ છીએ. હરીશે કહ્યું હતું કે સીએએસી પર યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના રિપોર્ટમાં પાકિસ્તાનમાં સશસ્ત્ર સંઘર્ષમાં બાળકો પર ગંભીર ઉલ્લંઘનોની વિગતો આપવામાં આવી છે. સેક્રેટરી-જનરલે પાકિસ્તાનમાં ''આવા ગંભીર ઉલ્લંઘનોમાં વધારો, જેમાં શાળાઓ, ખાસ કરીને છોકરીઓની શાળાઓ, આરોગ્ય કર્મચારીઓ પર હુમલા અને અફઘાનિસ્તાનની સરહદે આવેલા વિસ્તારોમાં બનેલી ઘટનાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે જ્યાં અફઘાન બાળકોની હત્યા અને દિવ્યાંગ હોવાની ઘટનાઓ સીધી રીતે પાકિસ્તાની સશસ્ત્ર દળો દ્વારા સરહદ પારથી ગોળીબાર અને હવાઈ હુમલાઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. આવા વર્તન પછી આ સંસ્થામાં ઉપદેશ આપવો ઘોર પાખંડ છે.

તેમણે યુએન કાઉન્સિલને જણાવ્યું હતું કે ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાની અને પાકિસ્તાન-પ્રશિક્ષિત આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાને દુનિયા ભૂલી નથી, જેમાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા. તેમણે કહ્યું હતું કે સુરક્ષા પરિષદે ૨૫ એપ્રિલના રોજ એક પ્રેસ સ્ટેટમેન્ટ બહાર પાડ્યું હતું, જેમાં આ નિંદનીય કૃત્યના ગુનેગારો, આકાઓ, નાણાકીય સહાય પૂરી પાડનારાઓને જવાબદાર ઠેરવવા અને ન્યાયના કઠેડામાં લાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

હરીશે કહ્યું હતું કે પાકિસ્તાની સેનાએ મે ૨૦૨૫માં ઇરાદાપૂર્વક ભારતના સરહદી ગામડાઓ પર ગોળીબાર કર્યો હતો, જેમાં ઘણા નાગરિકો માર્યા ગયા હતા અને ઘાયલ થયા હતા. તેમ છતાં તેઓ અન્ય લોકોને ઉપદેશ આપવાનો પ્રયાસ કરે છે. ■

## જમ્મુમાં પૂરમાં ત્રણ જણ તણાયા



**પૂરઃ** જમ્મુ અને કાશ્મીરના ડોડા ભાદેરવાહ ખાતે નવેસરથી આવેલા પૂરમાં ફસાયેલા લોકો. અહીં ભારે વરસાદને લીધે પૂર આવ્યું હતું અને ભેખડો ધસી પડી હતી. (પીટીઆઇ)

જમ્મુ : ઓચિંતા પડેલા ભારે વરસાદને લીધે જમ્મુ અને કાશ્મીરના રાજૌરી, પૂંચ , દોડા અને કઠુઆના વિવિધ વિસ્તારોમાં પૂર આવ્યાં હતાં અને આમાં બે બાળક સહિત ત્રણ જણ તણાઈ ગયા હતા અને બીજા ચારને બચાવી લેવામાં આવ્યા હતા. રાજૌરીના કાળકોટ સબ ડિવિઝનના સિયાલ સુઈ મોઉ ગામમાં નદીમાં પૂર આવતાં શકાફ અલી (૧૪) અને તેનો પિતરાઈ બહેન સફીના કૌસર (૧૧) ડૂબી ગયા હતા. ૧૦ વર્ષની સલમા પૂરમાં ફસાઈ ગઈ હતી અને સ્થાનિક સ્વયંસેવકોએ તેને બચાવીને હૉસ્પિટલમાં દાખલ કરી હતી.

બાળકો ઢોર ચરાવી રહ્યા હતા ત્યારે વાદળું ફાટવાથી તાજું પૂર આવ્યું હતું. અધિકારીઓએ કહ્યું હતું કે મૃતદેહો મળી ગયા છે અને એ અંતિમક્રિયા માટે તેમના કુટુંબીજનોને આપવામાં આવ્યા છે. દુનંદી ગામના રહેવાસી બશરત હુસૈન (૩૨)નો મૃતદેહ દોડાના લોપા ઝરણામાંથી સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સે બહાર કાઢ્યો હતો. હુસૈન ૨૩ જૂને ઝરણામાં નાહી રહ્યો હતો ત્યારે તે ડૂબી ગયો હતો.

અધિકારીઓએ કહ્યું હતું કે ૩૫ વર્ષના બલદેવ રાજ અને સુશિલ કુમારને કઠુઆના નાગરી બ્લોકના જરમાલ ગામની નજીક ઉઝ નદીમાંથી એસડીઆરએફએ બચાવી લીધા હતા. બન્ને નદીમાં માછલી પકડવા ગયા હતા. વરસાદને લીધે નદીની સપાટી વધતા તે ફસાઈ ગયા હતા. અધિકારીઓએ કહ્યું હતું કે એસડીઆરએફએ પૂંચના એક ઝરણામાંથી એક જણને બચાવી લીધો હતો. (એજન્સી)■

## દેશનાં ટોપ સાત શહેરમાં ઘરની કિંમતમાં ૧૧ ટકાનો વધારો, પરંતુ ૨૦ ટકા વેચાણ ઘટ્યું

નવી દિલ્હીઃ દેશના ટોચનાં સાત શહેરોમાં એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં મકાનોના ભાવમાં વાર્ષિક ધોરણે ૧૧ ટકાનો વધારો થયો છે જેનાથી વેચાણમાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ એનારોકે ગુરુવારે ભારતનાં સાત મુખ્ય શહેરોનાં બજારોના આંકડાઓ જાહેર કર્યા હતા.

આંકડાઓ અનુસાર, એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં મકાનોના વેચાણમાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે. આ વર્ષે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ૯૬,૨૮૫ ઘર વેચાયા હતા જ્યારે ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં ૧,૨૦,૩૩૫ ઘર વેચાયા હતા. દિલ્હી-નેશનલ કેપિટલ રિજન (એનસીઆર), મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર), બેંગલુરુ, હૈદરાબાદ, પુણે અને કોલકાતામાં મકાનોના વેચાણમાં ઘટાડો થયો છે. ચેન્નઈમાં માગમાં વધારો નોંધવામાં આવ્યો હતો.

એનારોકના ચેરમેન અનુજ પુરીએ જણાવ્યું હતું કે, ''૨૦૨૫નો બીજો ત્રિમાસિક ગાળો (એપ્રિલ-જૂન) ભારતીય હાઉસિંગ માર્કેટ માટે અસ્થિર રહ્યો હતો. ■

## મેક્સિકોમાં રસ્તા પર ડાન્સ કરી રહેલા લોકો પર ફાયરિંગ

મેક્સિકો સિટીઃ મેક્સિકોના ગુઆનાજુઆટોમાં મોડી રાત્રે યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન કેટલાક અજાણ્યા લોકોએ ગોળીબાર કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ ફાયરિંગની ઘટનામાં ૧૨ લોકોનાં મોત થયા છે જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા. પોલીસ તપાસમાં અત્યાર સુધી જાણવા મળ્યું છે કે સેન્ટ જોન ધ બૈપટિસ્ટની ઉજવણીમાં લોકો રસ્તા પર ડાન્સ કરી રહ્યા હતા અને મસ્તી કરી રહ્યા હતા.

આ હુમલાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જોવા મળે છે કે ઉજવણીની વચ્ચે ગોળીબારનો અવાજ સાંભળીને ઉજવણી કરનારાઓએ બૂમો પાડવાનું શરૂ કર્યું અને ગોળીઓથી બચવા માટે ભાગવાનો પ્રયાસ કરવા લાગ્યા હતા. ઇરાપુઆટોના અધિકારી રોડોલ્ફો ગોમેઝ સર્વેન્ટ્સે જણાવ્યું હતું કે પીડિતોની સંખ્યા વધીને ૧૨ થઈ ગઈ છે. લગભગ ૨૦ અન્ય ઘાયલ થયા છે. રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શિનબામે હુમલા પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે તેની તપાસ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે ગયા મહિને સૈન બાર્ટોલો ડે બેરિયોસ ગુઆનાજુઆટોમાં કેથોલિક ચર્ચ દ્વારા આયોજિત પાર્ટીને નિશાન બનાવીને કરવામાં આવેલા ગોળીબારમાં સાત લોકો માર્યા ગયા હતા. ■

# બોટાદના આપના ધારાસભ્ય ઉમેશ મકવાણા પક્ષવિરોધી ગતિવિધિ બદલ પાંચ વર્ષ માટે સસ્પેન્ડ

અમદાવાદઃ બોટાદના આપના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ ગુરુવારે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ યોજી આમ આદમી પાર્ટીના દંડક અને રાષ્ટ્રીય જોઇન્ટ સેક્રેટરી પદેથી રાજીનામું આપ્યું હતું. જે બાદ તેમને પક્ષવિરોધી ગતિવિધિ કરવા બદલ પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ઉમેશ મકવાણાએ રાજીનામું આપ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે પાર્ટી દ્વારા ઓબીસી સમાજ અને પછાત વર્ગના નેતાઓનો ચૂંટણીમાં માત્ર ઉપયોગ થાય છે અને ચૂંટણી બાદ તેમને હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે. આ ઉપરાંત તેમણે કહ્યું, હું જ્યારે આપમાં અલગ અલગ હોદ્દાઓ પર હતો ત્યારે મને ખુદ અહેસાસ થઇ રહ્યો છે કે પછાત સમાજના મુદ્દા ઉઠાવવાના હોય છે ત્યારે પાર્ટી તરફથી ઉણપ જોવા મળે છે.

હોદ્દા આપવાની વાત આવે ત્યારે સવર્ણ સમાજને હોદ્દા આપવામાં આવે છે. ચૂંટણી સમયે ઓબીસીનો માત્ર વોટ બેંક તરીકે ઉપયોગ થાય છે. ચૂંટણી પૂરી થઇ ગયા બાદ હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે. ગોપાલ ઈટાલિયા માટે આખી પાર્ટી મેદાનમાં ઊતરી અને કડીનો ઉમેદવાર દલિત સમાજનો હોવાથી તેને એકલો મૂકી દીધો હતો.

આ ઉપરાંત તેમણે કહ્યું, ધારાસભ્ય પદેથી રાજીનામું આપવું કે નહીં તે બોટાદની જનતાને પૂછીને નિર્ણય કરીશ. ટૂંક સમયમાં સમાજના આગેવાનો સાથે બેઠક કરીશ અને તે બાદ આગામી નિર્ણય જાહેર કરીશ. આ અગાઉ પણ ઉમેશ મકવાણાના રાજીનામાની ચર્ચાઓ શરૂ થઈ હતી. એ સમયે તેમણે પ્રેસ-કોન્ફરન્સ કરીને આ વાતનો ઈનકાર કર્યો હતો. આમ આદમી પાર્ટીએ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં બોટાદ બેઠક પરથી ઉમેશ મકવાણાને ટિકિટ આપી હતી.

# કડાણા તાલુકાની દીવડા પીએમ શ્રી સ્કૂલથી રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આરંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શાળા, શિક્ષક અને શિક્ષણની ત્રિવેણીથી શિક્ષણનો વ્યાપ વધુને વધુ વિસ્તારીને સમાજ વિકાસ દ્વારા વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું ભાવિ તૈયાર કરવાની રાજ્ય સરકારની નેમ વ્યક્ત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન તરીકે ૨૦૦૩થી શરૂ કરાવેલા શાળા પ્રવેશોત્સવ - કન્યા કેળવણી મહોત્સવના ૨૩માં ચરણનો રાજ્યવ્યાપી પ્રારંભ મહીસાગરના કડાણા તાલુકાની દીવડા પીએમ શ્રી સ્કૂલથી કરાવતા મુખ્ય પ્રધાને આ નેમ દર્શાવી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે બાલવાટિકા, આંગણવાડી, પ્રાથમિક શાળા અને ધોરણ નવમાં બાળકોનું નામાંકન કરાવ્યું હતું અને શૈક્ષણિક કીટ ભેટ આપી તેમને શાળામાં આવકાર્યા હતા. મુખ્ય પ્રધાને પ્રવેશ મેળવનારાં બાળકો સાથે વડીલ વાત્સલ્ય ભાવે સહજ સંવાદ કરીને તેમના ઘર-પરિવારની વિગતો પણ મેળવી હતી.

મુખ્ય પ્રધાને આ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલીન મુખ્ય પ્રધાન તરીકે ગુજરાતમાં શરૂ કરાવેલા લોકહિતના બધા કાર્યક્રમો અપાર સફળતા પામ્યા છે અને તેના સુખદ પરિણામો જોવા મળે છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડા પ્રધાને ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવ્યો ત્યારે ડ્રોપ આઉટ રેઈટ ૩૫ ટકા જેટલો હતો તે ઘટાડીને ૦.૮૫ ટકા એટલે કે ૧ ટકાથી પણ નીચે લઈ જવામાં સફળતા મળી હતી.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે, રાજ્ય સરકારે શાળામાં પ્રવેશ લેનાર બાળકો અભ્યાસ છોડી ન દે તેની પૂરતી કાળજી લીધી છે. પરિવારની આર્થિક તકલીફને કારણે અભ્યાસમાં અગવડ ન થાય તે માટે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાથી સરકાર આવા બાળકોની પડખે ઊભી રહે છે.

તેમણે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ નિયમિત શાળામાં આવે તેની દરકાર પણ સરકારે લીધી છે. એટલું જ નહીં, શિક્ષકો પણ જો કોઈ બાળક એકાદ દિવસ ગેરહાજર રહે તો તેના ઘરે જઈને ગેરહાજરીના કારણો જાણે છે. સરકારની વ્યવસ્થાઓમાં જન જનની ભાગીદારી હોય તો સૌને લાભ મળે અને સાથે જ ૧૦૦ ટકા પરિણામ આવે તેવા અભિગમથી તેમણે વાલીઓને પણ સક્રિય થવાનો અનુરોધ કર્યો હતો.

# અમદાવાદ-મુંબઈ હાઈવે પર વડોદરા નજીક ૧૫ કિલોમીટરનો ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ-મુંબઈ હાઈવે પર વડોદરા નજીક ૧૫ કિલોમીટરનો ટ્રાફિકજામ સર્જાયો હતો. ટ્રાફિકજામને લઈ વાહન ચાલકો પરેશાન થઈ ગયા હતા. નેશનલ હાઇવે પર વાહનોની લાંબી લાઇન લાગતાં કામ અર્થે નીકળેલા લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા હતા. ઉપરાંત આસપાસની સોસાયટીના લોકોને પણ ટ્રાફિકને કારણે અવરજવર કરવામાં ભારે હાલાકી ભોગવવી પડી હતી. આ ટ્રાફિકમાં સવારે પાંચ એમ્બ્યુલન્સ પણ ફસાઈ ગઈ હતી.

મળતી વિગત પ્રમાણે, વડોદરા શહેર નજીકથી પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઇવે પર જાંબુવાબ્રિજના રોડ પર મોટા-મોટા ખાડા પડી જતાં ગુરુવારે વહેલી સવારથી ૧૫ કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. જાંબુવાબ્રિજ, પોરબ્રિજ અને બામણગામ બ્રિજ પર હેવી ટ્રાફિકજામ થતાં વાહનચાલકો પરેશાન થયા હતા. હાઇવે પરથી પસાર થતી પાંચ જેટલી એમ્બ્યુલન્સ પણ એક-એક કલાક સુધી ટ્રાફિકજામમાં ફસાઈ હતી. જેને લઈ દર્દીના જીવ જોખમમાં મુકાયા હતા.

સ્થાનિકોના કહેવા પ્રમાણે, ટ્રાફિકજામની સમસ્યા છેલ્લાં ૫ વર્ષથી છે. ચોમાસાના સમયમાં બ્રિજ ઉપર ખાડા પડી જતાં આ સમસ્યા સર્જાય છે. ઘણી વખત તો પોર સુધી ટ્રાફિકજામ થઈ જાય છે. આ બ્રિજની કામગીરી ઝડપથી શરૂ કરવામાં આવે તેવી અમારી માગણી છે.

અમદાવાદ વિમાન દુર્ઘટનાનું રહસ્ય ટૂંક સમયમાં ઉકેલાશે

# બ્લેકબોક્સની મેમરી એક્સેસ થતાં ડેટા કાઢવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી

અમદાવાદઃ અમદાવાદથી લંડન જતી ફલાઈટ ૧૨ જૂનના રહેણાક વિસ્તારમાં ક્રેશ થઈ હતી. આ ફલાઈટ દુર્ઘટના કેમ સર્જાય એ સૌથી મોટો પ્રશ્ન હતો. જેનો જવાબ એક માત્ર બ્લેક બોક્સ હતું. આ બ્લેકબોક્સ ફલાઈટના કાટમાળમાંથી મળી આવ્યું હતું. જેની રિકવરી માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી. હવે આ દુર્ઘટનાનાં કારણો જાણવા માટે બ્લેકબોક્સની મેમરી સફળતાપૂર્વક એક્સેસ કરી લેવામાં આવી હતી અને તેનું વિશ્લેષણ દિલ્હીની એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો લેબમાં ચાલી રહ્યું છે. વિમાનના બ્લેક બોક્સમાંથી કોકપિટ વોઈસ રેકોર્ડર અને ફ્લાઈટ ડેટા રેકોર્ડર સુરક્ષિત કાઢવામાં આવ્યાં હતાં. તેનો ડેટા ડાઉનલોડ કરવામાં આવ્યો હતો અને હવે તેનું વિશ્લેષણ શરૂ કરવામાં આવ્યું હતું. આ માટે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરોએ આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ મુજબ એક બહુ-વિષયક ટીમ બનાવી છે, જેમાં ઉડ્ડયન ચિકિત્સા નિષ્ણાત, એર ટ્રાફિક કંટ્રોલ અધિકારી અને અમેરિકાના નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડના પ્રતિનિધિ સામેલ છે.

બ્લેકબોક્સના બે ભાગમાંથી એક ૧૩ જૂને દુર્ઘટનાસ્થળે ઇમારતની છત પરથી અને બીજો ૧૬ જૂને કાટમાળમાંથી મળી આવ્યો હતો. ૨૪ જૂને ભારતીય વાયુસેનાના વિમાન દ્વારા આ બ્લેકબોક્સ અમદાવાદથી દિલ્હી લાવવામાં આવ્યો હતો. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડની ટીમે તે જ દિવસે સાંજે ડેટા ડાઉનલોડ કરવાની પ્રક્રિયા શરૂ કરી. આ ડેટા દુર્ઘટનાના કારણો જેમ કે ટેક્નિકલ ખામી કે અન્ય સમસ્યાઓ શોધવામાં મદદ કરશે. ૧૨ જૂનના રોજ અમદાવાદથી લંડન જતું એર ઇન્ડિયાનું બોઇંગ ૭૮૭-૮ ડ્રિમલાઇનર વિમાન સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથકથી ઉડાન ભર્યાની થોડી જ સેકંડમાં મેઘાણીનગર વિસ્તારમાં બીજે મેડિકલ કોલેજના હોસ્ટેલ પરિસરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

# વડોદરાની જીએમઈઆરએસ મેડિકલ કૉલેજના બે વિદ્યાર્થીના કેનાલમાં ડૂબી જવાથી મૃત્યુ

અમદાવાદઃ વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલી જીએમઈઆરએસ મેડિકલ કૉલેજમાં એમબીબીએસમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થી અંકોડિયા કેનાલ પાસે વરસાદી માહોલ જોઈને ફરવા ગયા હતા. દરમિયાન કેનાલમાં નાહવા પડેલા એક વિદ્યાર્થીનું ચંપલ કેનાલમાં પડી જતાં એ ચંપલ લેવા માટે પાણી તરફ ગયો હતો ત્યારે અન્ય વિદ્યાર્થીએ તેને પકડી સહારો આપ્યો હતો, પણ સહારો આપનાર ઘાસમાં લપસી જતાં બંને ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ અને તાલુકા પોલીસની ટીમ અંકોડિયા કેનાલ પાસે પહોંચી હતી. વડોદરાની જીએમઈઆરએસ ગોત્રી મેડિકલ કૉલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થી અંકોડિયા નર્મદા કેનાલ પાસે ફરવા ગયા હતા. આ દરમિયાન બે વિદ્યાર્થીનાં કેનાલમાં ડૂબી જવાથી મોત નીપજ્યાં હતાં. સુરતથી અભ્યાસ માટે આવેલ આદિત્ય અને જામનગરના પ્રેમ નામના વિદ્યાર્થીના મોત થયા હતા. ચાર મિત્રો કેનાલ પાસે ચાલવા માટે ગયા હતા. ચપ્પલ પડી જતાં એક બીજાના સહારે મિત્રો નીચે ઊતર્યા અને ડૂબી ગયા હતા. કેનાલમાં બંને મિત્રો વારાફરથી સ્લીપ થઈ જતાં બંને ડૂબી ગયા હતા.એક ચપ્પલ માટે બે વિદ્યાર્થીએ પોતાના જીવ ગુમાવ્યા છે, ત્યારે એક પરિવારે દીકરાનાં અંગનું દાન કરી સમાજ માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે. તો બીજા પરિવારે જિંદગી છે તો બધું જ છે, એવી વાત કરી આવી ઘટના સમાજમાં ન બને એ માટે આજીજી કરી હતી.

# આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે ઊંઝા ખાતેથી ટી. ડી. અને ત્રિગુણી રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો

અમદાવાદઃ આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લાના ઊંઝા ખાતેથી ટી.ડી અને ત્રિગુણી રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા માતાઓને ધનૂર અને ડિપ્થેરિયા તેમજ બાળકોને થતા ૧૧ ઘાતક રોગો જેવા કે ઝેરી કમળો, બાળ ગંભીર ટી.બી., પોલિયો, ડીપ્થેરીયા, ઊટાટીયું, ધનુર, હીબબેક્ટેરિયાથી થતા રોગો (ન્યુમોનિયા અને મગજનો તાવ), ન્યૂમોકોકલથી થતા ન્યુમોનિયા, રોટાવાયરસથી થતા ઝાડા, ઓરી, રૂબેલા જેવા રોગો સામે રસીકરણ કરવાથી બચાવી શકાય છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯થી સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ૧૦ વર્ષ અને ૧૬ વર્ષનાં કિશોરો અને કિશોરીઓમાં ધનૂર અને ડિપ્થેરિયાની ટી.ડી રસીની શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યમાં ગત વર્ષે નિયત વયજૂથના તરૂણોનું શાળાઓમાં જતા અને શાળાઓમાં ન જતા મળીને કુલ ૨૩,૦૫,૧૯૦ તરૂણોનું રસીકરણ અભિયાન કરવામાં આવ્યું હતું. ટીડી રસીકરણ અભિયાનની સફળતાને ધ્યાને લઈ દર વર્ષે ઉઘડતી શાળાઓ જૂન અને જુલાઈ મહિનામાં ટીડી અભિયાન કરવાનું નિયત કરવામાં આવેલ છે.

આ રસીકરણના રાજ્યવ્યાપી અભિયાનમાં જૂન-જૂલાઈ મહિના દરમિયાન રાજ્યની તમામ સરકારી/પ્રાઈવેટ શાળાઓમાં ધોરણ પાંચ અને ધોરણ ૧૦ના તમામ બાળકોને ટી.ડી. (ધનૂર અને ડિપ્થેરિયા) ની રસી આપવામાં આવે છે. બાલવાટિકાઓમાં પાંચ વર્ષ પૂર્ણ થયેલ તમામ બાળકોનું ડીપીટી બુસ્ટરનાં બીજા ડોઝથી રસીકરણથી ત્રણ રોગો સામે રક્ષણ પૂરું પાડવામાં આવશે. રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષના ટી.ડી અભિયાન થકી ડિપ્થેરિયા અને ટીટેનસના કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. બાલવાટિકાના અભિયાન થકી ઉંટાટીયુનાં કેસોમાં પણ ખૂબજ નોંધપાત્ર ઘટાડો થયો હતો.

આ અભિયાનમાં રાજ્યની ૯૯૨ આરબીએસકે ટીમો દ્વારા ૪૭,૪૩૯ શાળાઓના અંદાજિત ૧૮,૨૦,૧૦૪ લાખ બાળકોનું રસીકરણ શાળાઓમાં ૧૦,૭૬૪ આરોગ્ય ટીમો દ્વારા ટીડી સેશન યોજી રસીકરણ કરવામા આવશે. ઉપરાંત,અંદાજીત ૩,૯૦,૪૫ બાળવાટિકાઓના ૬,૧૦,૨૭૯ બાળકોનું ડીપીટી બૂસ્ટરનાં બીજા ડોઝ થકી રક્ષણ કરવામાં આવશે.

# વરસાદ અને ખાડીપૂરથી સુરતમાં કરોડોનો માલ સામાન પલળી જતાં વેપારીઓની હાલત કફોડી બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમંડ નગરી સુરતમાં છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદ અને ખાડીપૂરના કારણે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. ઘણા વિસ્તારોમાં ત્રણથી ચાર ફૂટ પાણી ભરાયેલા હતા. શહેરના સીમાડા વિસ્તારમાં ખાડીપૂરના પ્રકોપે વેપારીઓને કરોડોનું નુકસાન પહોંચાડ્યું હતું. ગુરુવારે વરાછા અને સરથાણામાં સવારથી બપોર સુધીમાં પાંચ ઇંચ વરસાદ ખાબકતા રસ્તાઓ પર નદીઓ વહેતી થઈ હોય તેવા દૃશ્યો સર્જાયા હતા. નાના વરાછાની ચીકુવાડી ખાતે બે કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. વેપારીઓના કહેવા પ્રમાણે, બે દિવસ સુધી પલળવાને કારણે તમામ સ્વાહા થઈ ગયું હતું. સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી અનરાધાર વરસાદે ઠેર ઠેર તારાજી સર્જી હતી. ભારે વરસાદને કારણે શહેરના રિંગ રોડ સ્થિત આવેલી ટેક્સટાઈલ માર્કેટની દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયાં હતાં, જે પૈકી રઘુકુળ ટેક્સટાઇલ માર્કેટમાં પાણી ઘૂસી જતાં દુકાનોમાં રહેલો માલ પલળી ગયો હતો. આના પગલે વેપારીઓને કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું. બેઝમેન્ટમાં આવેલી અનેક દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં ભારે હાલાકી સર્જાઈ હતી. દુકાનોમાં પાણી ભરાઈ જવાને કારણે મોટા ભાગની સાડીઓ પલળી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે હાલ સાડીઓના માર્કેટમાં તેજીનો માહોલ છે, જેના કારણે મોટા ભાગના વેપારીઓએ પોતાની દુકાનોમાં મોટા પ્રમાણમાં માલ ભરીને રાખ્યો હતો.

વેપારીઓના કહેવા પ્રમાણે અમે છેલ્લાં ઘણાં વર્ષોથી આ સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ.

# આવાસ યોજનાઓના લાભાર્થીઓ માટે રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં સરકારની સહાયથી નિર્માણ થયેલાં આવાસોના લાભાર્થીઓના વ્યાપક હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. મુખ્ય પ્રધાનના આ નિર્ણય અનુસાર કેન્દ્ર સરકારની ફ્લેગશિપ યોજના પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની વિવિધ યોજનાઓમાં સરકારની સહાયથી બનેલાં આવાસો માટે રાજ્યભરમાં આવાસ લાભાર્થીઓ પાસેથી એક સમાન દરે વાર્ષિક રૂ.૨૦૦ ઘર વેરા આકારણી પેટે લેવામાં આવશે. રાજ્યની તમામ ગ્રામ પંચાયતોની હદમાં સરકારી સહાયથી બનેલા આવાસોની હાલની ઘર વેરા આકારણીના સમયગાળાથી આગામી ૪ વર્ષ માટે વાર્ષિક ૨૦૦ રૂપિયાના આ આકારણીના દર નક્કી કરવામાં આવ્યા છે. કોઈપણ ગ્રામ પંચાયત આ વાર્ષિક ૨૦૦ રૂપિયાના નિર્ધારિત દરથી વધારે રકમ વસૂલ કરી શકશે નહીં તેવો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ચાર વર્ષ પછી આ આકારણી દરની રાજ્ય સરકાર સમીક્ષા હાથ ધરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતની આવાસ યોજનાઓના લાભાર્થીઓની આર્થિક સ્થિતિ નબળી હોય છે અને આવા લાભાર્થીઓને પોતીકા આવાસ બાંધકામ માટે પણ સરકાર આર્થિક સહાય આપીને 'ઘરના ઘર'નું સપનું સાકાર કરવા સરકાર પડખે ઊભી રહે છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ આવાસ યોજનાના લાભાર્થીઓ પ્રત્યે સંવેદનશીલતા દર્શાવતા રાજ્યમાં ગ્રામીણ ક્ષેત્રોમાં સરકારી સહાયથી બનેલા આવાસો માટે એક સમાન એટલે કે, વાર્ષિક રૂ.૨૦૦ના દરે ઘર વેરા આકારણી કરવાનો નિર્ણય કર્યો છે.

# અંબાજી મંદિરમાં દર્શન અને આરતીનો નવો સમય આજથી લાગુ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટે યાત્રાળુઓની સુવિધા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. ટ્રસ્ટે ૨૭ જૂન ૨૦૨૫ (અષાઢ સુદ-બીજ)થી મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો હતો. નવા સમયપત્રક મુજબ, સવારની આરતી ૭:૩૦થી ૮:૦૦ વાગ્યા સુધી થશે. ત્યારબાદ સવારે ૮:૦૦થી ૧૧:૩૦ વાગ્યા સુધી દર્શન ચાલુ રહેશે. બપોરે ૧૨:૦૦ વાગ્યે રાજભોગ થશે. બપોરના દર્શન ૧૨:૩૦થી ૪:૩૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યા છે. સાંજની આરતી ૭:૦૦થી ૭:૩૦ વાગ્યા સુધી થશે. રાત્રિના દર્શન ૭:૩૦થી ૯:૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાઃ બી. જે. મેડિકલ હૉસ્ટેલની મેસમાં વિદ્યાર્થીઓએ એકત્ર થઈ પૂજાપાઠ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એર ઈન્ડિયાની એઆઈ-૧૭૧ નંબરની ફ્લાઈટ લંડન જતી વખતે બી જે મેડિકલ કોલેજ હોસ્ટેલમાં તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં મેડિકલના ચાર વિદ્યાર્થીઓનાં મોત થયા હતા અને ૨૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાના ૧૨ દિવસ બાદ બી જે મેડિકલ કોલેજના ઈન્ટર્ન ડોક્ટરો એકત્ર થયા હતા અને નવી પ્રીમાઈસીસમાં મેસની શરૂઆત માટે પૂજાપાઠ કર્યા હતા.

વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે, દુર્ઘટનાના ૧૨ દિવસ બાદ અમે ફરી એકત્ર થયા છીએ. તમામ પ્રતિકૂળતાઓનો સામનો કરીને અથાક કામ કર્યું અને વ્યક્તિગત નુકસાન સહન કરવાનો પડકાર ઝીલ્યો અને તેમ છતાં વિમાન દુર્ઘટનામાં સેંકડો મૃત્યુ પામેલા અને ઘાયલો માટે ફરજ પર હાજર રહ્યા છીએ. અમારી સામે ઘણા પડકારો છે. આવા સંજોગોમાં આ નવી મેસ અમારા માટે નવી આશાનો સંચાર છે.

વિદ્યાર્થીઓ દ્વારા સોપાનમ ૭-૮ અને અતુલ્યમ ૧૧-૧૨માં પૂજા કરવામાં આવી હતી. મૃતકોનાં આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી અને નવી શરૂઆત માટે આશીર્વાદ માગ્યા હતા. આ ખુલ્લી જગ્યાઓ હાલમાં સ્ટોવ અને વાસણોથી સજ્જ કામચલાઉ રસોડામાં રૂપાંતરિત કરવામાં આવી છે. કેટલીક મહિલા રસોઈયા પાછી આવી હતી. કારણકે લગભગ ૬૫૦ જેટલા ડોકટરો, વિદ્યાર્થીઓ અને ઇમારતોના નિવાસીઓ માટે મહાપ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતો. વિમાન દુર્ઘટના બની ત્યારે મેસના કેટલાક રસોઈયા પણ ઘાયલ થયા હતા અને તેઓ હજુ રિકવર થઈ રહ્યા છે. તેઓ ટૂંક સમયમાં સ્વસ્થ થઈ જશે. વિમાનમાં દુર્ઘટનામાં ડાઈનિંગ ટેબલ-ખુરશી આગમાં સ્વાહા થઈ ગયા હોવાથી હાલ ફક્ત ટિફિનની જ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. પરીક્ષાઓ નજીક આવી રહી છે, અને નિયમિત ભોજનની ખાતરી કરવી એ પ્રાથમિકતા હતી. લગભગ એક મહિના પછી પરીક્ષાઓ પૂરી થયા પછી બધું વ્યવસ્થિત થઈ જશે તેવી આશા છે.

હોસ્ટેલ મેસ સહિત ઓછામાં ઓછી ત્રણ ઇમારતોને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થયા પછી, સત્તાવાળાઓ માટે મુખ્ય પડકાર મૂળભૂત સુવિધાઓની વ્યવસ્થા કરવાનો હતો. ઘાયલોની સારવારમાં સીધા સામેલ ન હોય તેવા મેડિકોને સત્તાવાળાઓ દ્વારા ઘરે મોકલી દેવામાં આવ્યા હતા. આ પગલું મેડિકલ વિદ્યાર્થીઓના માતાપિતા અને સંબંધીઓની ચિંતા ઓછી કરવા માટે પણ હતું, એમ સૂત્રોએ જણાવ્યું હતું. બી.જે. મેડિકલ કોલેજના ડીન ડૉ. મીનાક્ષી પરીખે જણાવ્યું કે વિદ્યાર્થીઓએ મેસ સ્થાપિત કરવાની પહેલ કરી છે જે હાલમાં તેમના દ્વારા સંચાલિત પણ કરવામાં આવશે. રાજ્ય સરકારે જરૂરી વાસણો અને એક મહિના માટે રાશનની વ્યવસ્થા કરી છે. અમે સત્તાવાળાઓને ઘટનામાં નુકસાન થયેલા પાણી અને ગટર જોડાણને ફરી શરૂ કરવાની પણ વિનંતી કરી છે.

# ગોપાલ ઈટાલિયાની જીત બાદ ગાંધીનગરમાં આવતીકાલે પાટીદારોની બેઠક મળશે

અમદાવાદઃ ગુજરાતમાં કડી અને વિસાવદર પેટા ચૂંટણીના તાજેતરમાં પરિણામ જાહેર થયા હતા. કડીમાં ભાજપ અને વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા બન્યા હતા. વિસાવદરની પેટાચૂંટણીમાં આપના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની ૧૭,૫૮૧ મતથી ભવ્ય જીત થઈ હતી. ગોપાલ ઈટાલિયાની જીત બાદ આવતીકાલે પાટીદારોની ગાંધીનગરમાં મોટી બેઠક યોજાશે. પાટીદાર આંદોલનકારીઓની બેઠકને લઈને વરુણ પટેલે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને જાણકારી આપી હતી.

વરુણ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં પાટીદાર સમાજના પ્રાણપ્રશ્નોને લઈને આગામી ૨૮ જૂને શનિવારના રોજ ગાંધીનગર ખાતે પાટીદાર આંદોલનથી જોડાયેલા મુખ્ય આંદોલનકારીઓ અને લડાયક સામાજિક આગેવાનોની એક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં પાટીદાર સમાજની સૌથી મોટી બેઠક આગામી ૨૮ જૂને થવાની છે, ત્યારે ગુજરાતના રાજકારણમાં નવાજૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે. સૂત્રો મુજબ, આ બેઠકમાં અલ્પેશ કથીરિયા, ધાર્મિક માલવિયા, વરુણ પટેલ સહિતના પાટીદાર સમાજના આંદોલનકારી હાજર રહેશે. ઉપરાંત તમામ પાટીદાર અનામત આંદોલન સમિતિ કન્વીનરો હાજર રહેશે.

# ગુજરાતમાં જીપીએસસીની ૧૦૨ જગ્યા પર ભરતી બહાર પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જીપીએસસી દ્વારા ૧૦૨ ભરતી બહાર પાડવામાં આવી હતી. નાયબ સેક્શન અધિકારી (સચિવાલય) વર્ગ - ૩ની ૯૨, નાયબ સેક્શન અધિકારી (ગુજરાત વિધાનસભા) વર્ગ - ૩-ની ૧ તથા નાયબ સેક્શન અધિકારી (ગુજરાત જાહેર સેવા આયોગ)ની - ૯ જગ્યા મળી કુલ ૧૦૨ જગ્યા પર ભરતી બહાર પાડવામાં આવી હતી. અરજી કરવા માંગતા ઉમેદવારો ૦૯-૦૭-૨૦૨૫ સુધી રાત્રે ૧૧.૫૯ કલાક સુધી અરજી કરી શકશે. આ જગ્યાની પ્રાથમિક કસોટી ૦૭-૦૯-૨૦૨૫ના રોજ યોજવામાં આવશે. મુખ્ય લેખિત પરીક્ષા સંભવતઃ ફેબ્રુઆરી ૨૦૨૬માં યોજાશે. અરજી કરવાની મહત્તમ વય મર્યાદા ૩૫ વર્ષ છે. જોકે બિન અનામત (સામાન્ય મહિલા ઉમેદવારો, ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના પુરુષ તથા મહિલા ઉમેદવારોને વય છૂટછાટ મળશે. આ ઉપરાંત ગુજરાતમાં પ્રથમ વખત માત્ર દિવ્યાંગ ઉમેદવારો માટે મોટર વાહન નિરીક્ષક-વર્ગ ૨ની ૧૧ જગ્યા ભરવામાં આવશે. મગજનો લકવો સહિત હલનચલની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલા, એસિડ એટેકનો ભોગ બનેલા તથા નબળા સ્નાયુઓ ધરાવતાં લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે.

# વડોદરામાં વિશ્વામિત્રી નદીની સપાટી ૧૦ ફૂટને પાર થતાં તંત્ર સતર્ક બન્યું

અમદાવાદઃ ગુજરાતમાં હાલ ચોમાસાએ જમાવટ કરી છે. દક્ષિણ ગુજરાતને ધમરોળી નાખ્યું છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે વિશ્વામિત્રી નદીની સપાટી ૧૦ ફૂટને પાર થતાં તંત્ર સતર્ક થઈ ગયું છે. વિશ્વામિત્રી નદીની ભયજનક સપાટી ૨૬ ફૂટ છે, તેમ છતાં તંત્રએ અગમચેતીના ભાગરૂપે સાવચેતી અને તકેદારીના પૂરતા પગલાં લેવા જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. સૂત્રોના કહેવા પ્રમાણે, આ વરસાદ અમારું માટે લાઇવ ટેસ્ટિંગ છે. વિશ્વામિત્રી પ્રોજેક્ટની થયેલી કામગીરીની કસોટી થશે. વડોદરામાં પૂર ન આવે તેવી ભગવાનને પ્રાર્થના. જોકે, સંભવિત કોઇપણ સ્થિતિને પહોંચી વળવા ક્વિક રિસ્પોન્સ ટીમ તૈયાર છે. આજવા સરોવરમાં ડી વોટરિંગ પંપ બેસાડવામાં આવશે. જેથી ઓવરફ્લોની સ્થિતિ પહેલાં સ્થળાંતર કરી શકાય. વિશ્વામિત્રીનાં પાળા માટીનાં છે એટલે તે તો ધોવાશે. પણ પાળાનું ધોવાણ એ ચિંતાનો કોઇ વિષય નથી. વિશ્વામિત્રીની એક-એક ફૂટની સ્થિતિ પર અમારી નજર છે. વડોદરા જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. વડોદરા જિલ્લામાં ભારેથી મધ્યમ વરસાદની આગાહીના પગલે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ થયું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## ચાતુર્માસ પ્રવેશ

પ.પૂ. આ. દેવ શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ ગુરુદેવ આ. શ્રી વિ. તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્યરત્ન પ.પૂ. મુનીરાજ શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા. આદિ થાણા-૫નો ચાતુર્માસ પ્રવેશ થાણાના શ્રી વાગડ વિસા ઓસવાળ શ્વે. મૂર્તિ તપાગચ્છ જૈન સંઘના મામા-ભાણેજ કલાપૂર્ણસૂરી આરાધના ભવનમાં થયો. સાથે જ .પૂ. મુનીરાજ શ્રી તીર્થતીલક વિજયજી મ.સા. આદિ થાણા-૬નો ચાતુર્માસ પ્રવેશ ઘાટકોપરના શ્રી ઘાટકોપર શ્વે. મૂર્તિ. જૈન સંઘ પંતનગરમાં થયો. એ દરમિયાન વિવિધ અનુષ્ઠાનોનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથમાં ચાતુર્માસ પ્રવેશ

શ્રી પ્રેમ-ભુવન-જયઘોષ-સમુદાયના પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી

રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞામાં જિનશાસનમાં અનેક ધાર્મિક કાર્યોના પ્રેરક-માર્ગદર્શક પચાસ ચાતુર્માસની યાત્રા કરનારા પ.પૂ. વડિલ મુનીરાજજી શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. મુનીરાજ વિવેકસાર વિજયજી મ.સા. મુનીરાજ હેમકિર્તી વિજયજી મ.સા. મુનીરાજ પ્રીતીયશ વિજયજી મ.સા. આદિ થાણા-૪નો ચાતુર્માસ પ્રવેશ ઘોડબંદર રોડ પર આવેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહાતીર્થધામમાં થયો છે. દરરોજ ઓજસ્વી પ્રવચનકાર મુનીરાજ વિવિધ વિષય પર પ્રવચન આપે છે.

## યુવક મંડળની કારોબારી સમિતિ

શ્રી વિશા સોરઠિયા વણિક યુવક મંડળની ૨૦૨૫-૨૭ની નવી કારોબારી સમિતિ નિમવામાં આવી છે. આ કારોબારી સમિતીના પદાધિકારીઓને જ્ઞાતિના વિવિધ મંડળ, પદાધિકારીઓ, મહિલા મંડળ, ગુજરાત સૌરાષ્ટ્રના મંડળો, વરિષ્ઠ જ્ઞાતિજનોએ શુભેચ્છા આપી છે. છેલ્લાં ૨૩ વર્ષથી રાહત દરે નોટબુકનું વિતરણ પણ કરવામાં આવે છે.

# ઉદ્ધવે હિન્દી ફરજિયાતની નીતિ સ્વીકારી હતીઃ ઉદય સામંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના શાળા શિક્ષણમાં હિન્દી ફરજિયાત બનાવવાની નીતિને ઉદ્ધવ ઠાકરેએ મહા વિકાસ આઘાડીની સરકાર દરમિયાન મુખ્ય પ્રધાન તરીકે સ્વીકારી હતી. ડો. માશેલકર સમિતિએ પ્રસ્તાવ મૂક્યો હતો કે ત્રણ ભાષાઓ - મરાઠી, અંગ્રેજી અને હિન્દી - ધોરણ પહેલાથી બારમા સુધી ફરજિયાત શીખવવામાં આવે, જેને ઠાકરેએ કેબિનેટમાં સ્વીકારી હતી, પરંતુ હવે જ્યારે હિન્દી ફરજિયાત નથી, ત્યારે પણ યુબીટી જાણી જોઈને હિન્દી ભાષા પર રાજકારણ કરી રહ્યા છે, એમ ઉદ્યોગ અને મરાઠી ભાષા ખાતાના પ્રધાન ઉદય સામંતે ઉદ્ધવ ઠાકરેની ટીકા કરતા જણાવ્યું હતું. સામંતે કહ્યું હતું કે સરકારનું વલણ હિન્દીને ક્યાંય ફરજિયાત બનાવવાનું નથી અને હિન્દીને ફરજિયાત બનાવવાના પણ નથી. તેમણે ઉદ્ધવ ઠાકરે પર એવો આરોપ લગાવ્યો હતો કે તેઓ પાલિકાની ચૂંટણીઓ નજીક આવી રહી હોવાથી આ મુદ્દે રાજકારણ કરી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલ માટે એક કાર્યકારી જૂથની રચના કરવામાં આવી હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. રઘુનાથ માશેલકરની આગેવાની હેઠળની આ સમિતિએ સરકારને એક અહેવાલ સુપરત કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે ધોરણ પહેલાથી બારમા સુધી ત્રણ ભાષાઓ - મરાઠી, અંગ્રેજી અને હિન્દી - શીખવવી જોઈએ. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ તત્કાલીન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કેબિનેટમાં આ અહેવાલ સ્વીકાર્યો હતો. આમ જણાવીને સામંતે સવાલ કર્યો હતો કે રાજ્યમાં શૈક્ષણિક નીતિ ૨૦૨૦ની નીતિ મુજબ યુબીટીએ ધોરણ બારમા સુધી ફરજિયાત હિન્દી ભાષા સામે કેમ વાંધો ઉઠાવ્યો નહીં.

# અપોઈંટમેન્ટ લેટર મળ્યો છતાં આઠ મહિનાથી બેરોજગાર

મુંબઈઃ સરકારી કચેરીઓમાં વિલંબ એ કોઈ નવી સમસ્યા નથી, આ વિલંબ સરકાર સાથે સંકળાયેલી પ્રક્રિયાઓનો એક અનિવાર્ય ભાગ બની ગયો છે. કોંકણના સાવંતવાડીના એક યુવાને અધિકારીઓ સામે અવાજ ઉઠાવ્યો અને આ સમસ્યાનો ભોગ બનવાનો ઇનકાર કર્યો.

સરકાર દ્વારા માન્ય સંસ્થા તરફથી માન્ય અપોઇન્ટમેન્ટ લેટર મળ્યો હોવા છતાં, સાવંતવાડીનો આ યુવાન અમલદારશાહીની ઉદાસીનતાને કારણે આઠ મહિનાથી વધુ સમયથી બેરોજગાર છે. આખરે, ન્યાય મેળવવા માટે, તેણે હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને એક અરજી દ્વારા પસંદ કરેલા પદ પર તેને નિયુક્ત કરવાનો આદેશ માંગ્યો હતો.

અરજદાર સુમેધ શિવાજી જાધવે અંગ્રેજી સાહિત્યમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યુ છે. રાજ્ય સરકાર દ્વારા કર્મચારી વ્યવસ્થાપન માટે નિયુક્ત ખાનગી કોન્ટ્રાક્ટર, એસટુ ઇન્ફોટેક ઇન્ટરનેશનલ લિમિટેડમાં મહારાષ્ટ્ર રોજગાર ગેરંટી યોજના (ઇજીએસ) હેઠળ તેની પસંદગી કરવામાં આવી હતી. તેને પહેલી ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ નિમણૂક પત્ર પણ મળ્યો અને બીજા દિવસે, એસટુ ઇન્ફોટેકે સિંધુદુર્ગમાં ઇજીએસ શાખાના નાયબ જિલ્લા મેજિસ્ટ્રેટને જાધવની પસંદગી વિશે ઔપચારિક રીતે જાણ કરી હતી.

જોકે, મંત્રાલયમાં સંબંધિત વિભાગમાં વારંવાર ફોલો-અપ અને મુલાકાતો કરવા છતાં, જાધવને સત્તાવાર રીતે નોકરી પર રાખવામાં આવ્યો ન હતા કે તેને કોઈ સ્પષ્ટ જવાબ પણ આપવામાં આવ્યો ન હતો.

# મહારાષ્ટ્ર વિધાનસભાનું ચોમાસુ સત્ર 30 જૂનથી ૧૮ જુલાઈ સુધી ચાલશે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાનું ચોમાસુ સત્ર ૩૦ જૂનથી ૧૮ જુલાઈ સુધી ચાલશે. આ નિર્ણય રાજ્ય વિધાનસભાના બંને ગૃહોની કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદે અને નાયબ અધ્યક્ષ નીલમ ગોર્હે, વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર અને નાયબ અધ્યક્ષ અન્ના બનસોડે ઉપરાંત રાજ્યના સંસદીય બાબતોના પ્રધાન ચંદ્રકાંત પાટીલ પણ હાજર રહ્યા હતા.

ભાગ લેનારા અન્ય લોકોમાં રાજ્યના સાંસ્કૃતિક બાબતોના પ્રધાન આશિષ શેલાર, અન્ન અને નાગરી પુરવઠા પ્રધાન છગન ભુજબળ, જળ સંસાધન ખાતાના પ્રધાન ગિરીશ મહાજન, વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવે તેમજ વિધાનસભ્યો દીપક કેસરકર (શિવસેના), શિવસેના (યુબીટી)ના ભાસ્કર જાધવ, એનસીપી (એસપી)ના જિતેન્દ્ર આવ્હાડ, નીતિન રાઉત અને અમીન પટેલ (કોંગ્રેસ) હાજર હતા.

'કામકાજ સમિતિએ ત્રણ અઠવાડિયા માટે ચોમાસુ સત્ર ચલાવવાને અંતિમ સ્વરૂપ આપ્યું છે. આમાં જે નિર્ણય લેવામાં આવ્યો છે તે મુજબ કાર્યવાહી ચલાવીશું,' એમ ફડણવીસે ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું.

શાળાના અભ્યાસક્રમમાં ત્રીજી ભાષા અંગેના વિવાદ પર બોલતા, તેમણે કહ્યું કે હિન્દી વૈકલ્પિક છે જ્યારે મરાઠી ફરજિયાત છે.

૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં બોગસ મતદાન સંબંધિત અરજીઓને 'નિરાશામાં કરવામાં આવેલા હાસ્યાસ્પદ દાવાઓ' ગણાવીને હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવ્યા અંગે પૂછવામાં આવતા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે જો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ખરેખર બંધારણ, લોકશાહી અને ન્યાયતંત્રનો આદર કરે છે તો તેમણે રાજ્યની ચૂંટણીઓમાં ગોટાળા અને અનિયમિતતાઓ વિશે વાત કરવાનું હવે બંધ કરવું જોઈએ.

હાઈકોર્ટે તર્ક સાથે વિગતવાર આદેશ આપ્યો છે એમ જણાવતાં ફડણવીસે કહ્યું હતું કે 'ઊંઘનો ડોળ કરનારાઓ વિશે કશું કરી શકાતું નથી.'

'પણ યે પબ્લિક હૈ, યે સબ જાનતી હૈ (જનતા બધું જાણે છે),' એમ તેમણે હિન્દી ફિલ્મના સંવાદનો ઉપયોગ કરીને જણાવ્યું હતું.

# ડિફેક્ટિવ ટીવી પધરાવ્યુંઃ માત્ર ટીવી કંપની નહીં પણ ઈ-કોમર્સ કંપનીય દંડાઈ

મુંબઈઃ ફ્લિપકાર્ટ ઓનલાઈન ખરીદીમાં 'માત્ર મધ્યસ્થી' તરીકે 'જવાબદારીથી છટકી' શકે નહીં તેવો ચુકાદો આપતા, અહીંના ગ્રાહક કમિશને ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને ટેલિવિઝન ઉત્પાદક કંપની થોમસનને ગ્રાહકને ખામીયુક્ત ટીવી પહોંચાડ્યા પછી સેવામાં ખામી માટે દોષિત ઠેરવી છે.

દક્ષિણ મુંબઈના જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ પંચે આ મહિનાની શરૂઆતમાં પસાર કરેલા એક આદેશમાં જણાવ્યું હતું કે ઉત્પાદક દ્વારા સમસ્યાનું નિરાકરણ લાવવાના પ્રયાસના બચાવને નોંધપાત્ર પુરાવા દ્વારા સમર્થન આપવામાં આવ્યું ન હતું, જે 'અયોગ્ય અભિગમ' દર્શાવે છે.

કોર્ટે ઈ-કોમર્સ કંપની અને ઉત્પાદકને ખામીયુક્ત ટીવી માટે ચૂકવવામાં આવેલા ૧૩,૯૯૯ રૂપિયા વ્યાજ સાથે પરત કરવા તેમજ માનસિક યાતના અને અસુવિધા માટે ૧૫,૦૦૦ રૂપિયાનું વધારાનું વળતર અને મુકદ્દમાના ખર્ચ માટે ૫,૦૦૦ રૂપિયા આપવાનો આદેશ આપ્યો. ફ્લિપકાર્ટે દલીલ કરી હતી કે તે ફક્ત ઓનલાઈન મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે અને માલ વેચતું કે બનાવતું નથી, અને ઉમેર્યું હતું કે ફરિયાદીએ ૧૦-દિવસની રિપ્લેસમેન્ટ નીતિનો ઉપયોગ કર્યો ન હતો, જેના પગલે જવાબદારી ઉત્પાદક પર ખસેડાઈ. થોમસન ટીવી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડે દાવો કર્યો હતો કે ઉત્પાદન વોરંટી હેઠળ આવરી લેવામાં આવ્યું હતું. ઈ-કોમર્સ ફર્મની ભૂમિકાને સંબોધતા, કમિશને જણાવ્યું હતું કે ફ્લિપકાર્ટ વેચાણ અને વેચાણ પછીની પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવે છે, તેથી તે ''માત્ર મધ્યસ્થી'' તરીકે જવાબદારીથી છટકી શકે નહીં.

પાંચમા પાનાનું ચાલુ

## ભાષા મુદ્દે

જણાવ્યું હતું તેમણે એમ પણ કહ્યું હતું કે તેમનો પક્ષ હિન્દીનો વિરોધ કરતો નથી, પરંતુ તેના લાદવાની વિરુદ્ધ છે.

'ભાજપ ભાષાના આધારે લોકોમાં વિભાજન કરવાનો પ્રયાસ કરી રહી છે. તે ભાષા કટોકટી લાદી રહી છે,' એમ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને દાવો કર્યો હતો અને ઉમેર્યું હતું કે આ પગલાં શાસક પક્ષના ગુપ્ત એજન્ડાનો ભાગ છે.

જો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ જાહેર કરે કે રાજ્યની શાળાઓમાં હિન્દી ફરજિયાત નહીં બનાવવામાં આવે તો વિવાદાસ્પદ ભાષાનો મુદ્દો ઉકેલી શકાય છે, એમ પણ તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું કે ૨૦૧૯થી ૨૦૨૨ સુધીના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન તેમણે મહારાષ્ટ્રની બધી શાળાઓમાં મરાઠીને ફરજિયાત વિષય બનાવવાનો નિર્ણય લીધો હતો. ઉદ્ધવ ઠાકરેએ એવી જાહેરાત કરી હતી કે તેમનો પક્ષ સાતમી જુલાઈના રોજ દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં આ મુદ્દે આયોજિત આંદોલનમાં ભાગ લેશે.

તેમણે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પણ ટીકા કરી હતી અને કહ્યું કે 'ગદ્દારોને' પાર્ટીના સ્થાપક સ્વ. બાળ ઠાકરેના આદર્શો વિશે જણાવવાની જરૂર છે. આ વિવાદ પર બોલતા, મુખ્ય પ્રધાન ફડણવીસે સ્પષ્ટ કર્યું હતું કે હિન્દી વૈકલ્પિક છે જ્યારે મરાઠી ફરજિયાત છે. ગયા અઠવાડિયે રાજ્ય સરકારે એક સુધારેલો આદેશ જારી કર્યા પછી આ વિવાદ ઉભો થયો જેમાં કહેવામાં આવ્યું હતું કે મરાઠી અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ પહેલાથી પાંચમા સુધીના વિદ્યાર્થીઓને હિન્દી 'સામાન્ય રીતે' ત્રીજી ભાષા તરીકે શીખવવામાં આવશે. આદેશ મુજબ, જો શાળામાં પ્રતિ ધોરણ ૨૦ વિદ્યાર્થીઓ કોઈપણ અન્ય ભારતીય ભાષાનો અભ્યાસ કરવા માગતા હોય, તો તેઓ હિન્દીનો ઉપયોગ છોડી શકે છે. જો આવી માગણી ઉભી થાય, તો કાં તો શિક્ષકની નિમણૂક કરવામાં આવશે અથવા ભાષા ઓનલાઈન શીખવવામાં આવશે.

મનસે પ્રમુખે કહ્યું કે તેઓ ત્રણ ભાષાના ફોર્મ્યુલા અને હિન્દી લાદવાની સાથે સાથે 'મરાઠી ભાષા' દૂર કરવાના સરકારના પગલાનો પણ વિરોધ કરે છે.

રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે મનસેએ પાંચમી જુલાઈએ રોજ ગિરગામ ચોપાટીથી એક મોરચો શરૂ કરવાનો નિર્ણય લીધો છે, જે કોઈપણ પક્ષના ધ્વજ વગર મુંબઈના મરાઠીઓનું વિરોધ પ્રદર્શન હશે.

શાળા શિક્ષણ ખાતાના પ્રધાન દાદા ભૂસે આ મુદ્દે સરકારનું વલણ સમજાવવા માટે રાજને મળ્યા હતા, તેમણે કહ્યું હતું કે તેમણે રમતગમત અને કલાને ભાષાને બદલે વધારાના વિષય બનાવવા અંગે સારા સૂચનો આપ્યા છે. મંત્રાલયમાં બાદમાં પત્રકારોને સંબોધતા, ભૂસેએ કહ્યું કે ધોરણ પહેલા અને બીજાના વિદ્યાર્થીઓ માટે કોઈ પુસ્તકો નહીં હોય. શિક્ષણનું માધ્યમ મૌખિક હશે અને આ બે ધોરણના વિદ્યાર્થીઓને ગીતો શીખવવામાં આવશે અને ચિત્રો બતાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે જણાવ્યું હતું કે ધોરણ પહેલાથી હિન્દી ફરજિયાત ન કરવી જોઈએ, અને કોઈપણ નવી ભાષા, જો તે દાખલ કરવી હોય તો, ધોરણ પાંચમા પછી શીખવવી જોઈએ કારણ કે પ્રાથમિક સ્તરે નાના વિદ્યાર્થીઓને વધારાની ભાષાઓનો બોજ આપવો યોગ્ય નથી. દેશનો એક મોટો વર્ગ હિન્દી બોલે છે, અને ભાષાને સંપૂર્ણપણે અવગણવાનું કોઈ કારણ નથી, એમ પણ પવારે કહ્યું હતું.

તેમણે પ્રારંભિક શિક્ષણમાં માતૃભાષાના મહત્વ પર ભાર મૂક્યો અને કહ્યું હતું કે માતાપિતાને નક્કી કરવાનો અધિકાર હોવો જોઈએ કે તેમના બાળકોને ધોરણ પાંચમા પછી હિન્દી શીખવાની જરૂર છે કે નહીં. રાજ્ય સરકારે ધોરણ પહેલાથી હિન્દી ફરજિયાત બનાવવાનો પોતાનો આગ્રહ છોડી દેવો જોઈએ, એમ ભારપૂર્વક જણાવતા, પવારે કહ્યું કે તેઓ ઠાકરે પિતરાઈ ભાઈઓ દ્વારા લેવામાં આવેલા વલણને સમર્થન આપે છે. મરાઠી ભાષી વસ્તી આ બાબતે એક થાય તો તે સારું છે, એમ વિપક્ષી નેતાએ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે કહ્યું હતું કે તેમનો પક્ષ મરાઠી ભાષા માટે કરવામાં આવી રહેલા તમામ વિરોધ અને આંદોલનોમાં ભાગ લેશે.

'આ મુદ્દો ફક્ત રાજકીય નથી. તે મહારાષ્ટ્રની ઓળખ, તેની ભાષા અને તેના સાંસ્કૃતિક વારસા વિશે છે,' એમ સપકાળે ભારપૂર્વક જણાવ્યું હતું.

કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકારે ઉદ્ધવ અને રાજ ઠાકરેના દબાણ હેઠળ આવી જવાની કોઈ આવશ્યકતા નથી. ભાષાના મુદ્દાનું રાજકારણ કરવા બદલ અલગ થયેલા પિતરાઈ ભાઈઓ પર આરોપ લગાવતા તેમણે કહ્યું કે 'હિન્દી આપણી રાષ્ટ્રભાષા છે અને તેનો વિરોધ કરવો એ બંધારણનો વિરોધ કરવા જેવું છે.'

## 'તમારાં કપડાં, જૂતાં,

બહેન યોજનાનો લાભ મળે છે. તમે જે કપડાં પહેરો છો, જૂતાં, મોબાઇલ વાપરો છો તે બધુ અમારે કારણે છે', એમ લોણીકરે કહ્યું હતું. ફડણવીસે પણ તેમના નિવેદનનો અસ્વીકાર કરતા તેને 'તદ્દન ખોટું' ગણાવ્યું હતું.

## મહાયુતિમાં ફરી મહાભારત

છે. એક અંદાજ મુજબ, માર્ચ ૨૦૨૬ સુધીમાં મહારાષ્ટ્રની બાકી લોન ૯.૩૨ લાખ કરોડને સ્પર્શવાનો અંદાજ છે, જેમાં ૧.૫૪ લાખ કરોડ ફક્ત ચુકવણી માટે રાખવામાં આવ્યા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના પ્રિય પ્રોજેક્ટ શક્તિપીઠ એક્સપ્રેસ-વે માટે હુડકો પાસેથી ઉધાર લેવાના નિર્ણયથી રાજકોષીય ખાધ ૪.૦૮ ટકા સુધી વધવાની અને જીએસડીપીની સાથે દેવાનો ગુણોત્તર ૨૫ ટકા સુધી વધવાની અપેક્ષા છે. તેને કારણે મહેસૂલ ખર્ચ અને જાહેર કલ્યાણ યોજનાઓમાં સંભવિત ઘટાડા અંગે ચિંતાઓ ઉભી થઈ છે.

આ સમયે, આયોજન વિભાગ દ્વારા એમએસઆરડીસીના નાણાકીય ખર્ચની સમીક્ષા કરવાની માગણી કરવામાં આવી રહી છે જેનાથી તણાવમાં વધારો થયો છે. એજન્સી શક્તિપીઠ એક્સપ્રેસ-વે, પુણે રિંગ રોડ અને નાંદેડ-જાલના હાઇવે સહિતના મુખ્ય પ્રોજેક્ટ્સનું કામ કરી રહી છે. આ ઉપરાંત, આયોજન વિભાગે રાજ્ય દ્વારા સમર્થિત એમએસઆરડીસીની ૨૪,૧૯૦ કરોડની હાલની લોન ગેરંટીને રોક લગાવી છે, જેમાં ચુકવણી માટે બજેટની જોગવાઈઓ પણ છે.

આ પહેલા, ભારતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (સીએજી) એ પણ એમએસઆરડીસીની નાણાકીય અને કાર્યકારી પદ્ધતિઓમાં સમસ્યાઓ તરફ ધ્યાન દોર્યું છે. અગાઉ, એમએસઆરડીસીના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર રાધેશામ મોપલવાર પર કરોડોની બિનહિસાબી સંપત્તિ એકઠી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

હવે પવાર અને શિંદે વચ્ચે નવો ઝઘડો જોવા મળી રહ્યો છે. અહીં ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલાં જ એકનાથ શિંદેએ પોતાની પાર્ટીના પ્રધાનોને અજિત પવારના ખાતાઓ માટે ફાળવવામાં આવેલા નાણાંના ખર્ચનો હિસાબ રાખવા જણાવ્યું હતું. કેમ કે શિંદેના પ્રધાનો ભંડોળની ફાળવણીમાં અજિત પવાર દ્વારા પરેશાની કરવામાં આવતી હોવાનો આરોપ લગાવ્યો હતો અને હવે અજિત પવારે એકનાથ શિંદેની અધ્યક્ષતાવાળી એમએસઆરડીસીનું ઓડિટ કરવાનો આદેશ આપીને મોટો ફટકો માર્યો હોવાનું કહેવાઈ રહ્યું છે.

### નાણાકીય ખર્ચ પર ભારે પડશેઃ સુળે

એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ ગુરુવારે મહારાષ્ટ્ર સરકારને ૮૬,૩૦૦ કરોડ રૂપિયાના પ્રસ્તાવિત નાગપુર-ગોવા શક્તિપીઠ એક્સપ્રેસ પ્રોજેક્ટ પર પુનર્વિચાર કરવા જણાવ્યું હતું અને ભારપૂર્વક કહ્યું હતું કે તેનાથી 'પહેલેથી જ ખાલી' થઈ ગયેલા રાજ્યના ખજાના પર બોજ પડશે. બારામતીના લોકસભા સાંસદે હાઇ-સ્પીડ કેરેજવે માટે લોનની જરૂરિયાત પર સવાલ ઉઠાવ્યો હતો.

સુળેએ કહ્યું કે લોકો એક્સપ્રેસ-વેનો વિરોધ કરી રહ્યા છે. તેમને લાગે છે કે નવા રસ્તાની કોઈ જરૂર નથી કારણ કે હાલના કોરિડોરને અપગ્રેડ કરી શકાય છે. ચૂંટણીઓ આવશે અને જશે, પરંતુ રાજ્યની નાણાકીય સ્થિતિ સ્થિર થવામાં વર્ષો લાગશે.

### નાણાં વિભાગનો કોઈ વિરોધ નથીઃ ફડણવીસ

૮૦૨ કિલોમીટર લાંબા નાગપુર-ગોવા શક્તિપીઠ એક્સપ્રેસ-વે પર ચાલી રહેલા વિવાદ વિશે બોલતા ફડણવીસે કહ્યું હતું કે રાજ્યના નાણાં વિભાગે પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવા માટે લોન લેવાના નિર્ણય સામે કોઈ વાંધો ઉઠાવ્યો નથી.

તેમણે (નાણા વિભાગ) ફક્ત કેટલાક મુદ્દાઓ તરફ ધ્યાન દોર્યું છે, જે તેમનું કામ છે. જ્યારે આપણે માળખાકીય સુવિધાઓમાં રોકાણ કરીએ છીએ, ત્યારે અર્થતંત્રનો વિકાસ થાય છે, એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

# હિન્દુ મરણ

**પંચાલ**

મુંબઇ અંધેરી રણજીત પ્રાણજીવન પંચાલ (ઉં. વ. ૭૪) બુધવાર, તા. ૨૪-૬-૨૫ના અક્ષરધામ પામ્યા છે. તે સ્વ. ઇલાબેન, પ્રફુલાબેન, ઉષાબેન, યોગીતાબેન અને નરેશ પંચાલના મોટાભાઇ. જતીન, કલ્પેશ અને જીજ્ઞા પંચાલના પિતા. પલ્લવી, વૈશાલી અને અમિત પંચાલના સસરા. અનમ્યા, વ્યોમ અને અથર્વના દાદા અને નવ્યાના નાના. સાદડી, તા. ૨૮-૬-૨૫ના શનિવાર ૪થી ૬. ઠે. સત્ય નારાયણ ગોએન્કા ભવન, જે. બી.નગર, અંધેરી (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુતાર**

જયોતિન્દ્ર (જયેશ) નારણદાસ પીઠવા (ઉં. વ. ૬૫) મોરબી નિવાસી હાલ ઘાટકોપર મંગળવાર તા. ૨૪-૬-૨૫ના શ્રીચરણ પામેલ છે. તે બીનાબેનના પતિ. ધરમીલ-શર્વરીના પિતા. સ્વ. શાંતાબેન નારણદાસના પુત્ર. સ્વ. કિશોરભાઇ, હસુબેન ધીરજલાલ પિત્રોડા, ઉષાબેન પ્રવીણલાલ મિસ્ત્રી (મારૂ)ના નાનાભાઇ. સ્વ. શાંતિભાઇ જેચંદભાઇ શાહના જમાઇ. પ્રાર્થનાસભા - લૌકિક વ્યવહાર પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

જામસલાયાવાળા હાલ બોરિવલી જયેન્દ્ર કરસનદાસ દત્તાણી (ઉં. વ. ૭૭) તે સ્વ. મણીબેન તથા સ્વ. કરસનદાસ લાલજી દત્તાણીનાં પુત્ર. તે ભારતીબેનના પતિ. અવની રાજેશકુમાર ઉનડકટના પિતા. સ્વ. રામદાસભાઇ, સ્વ. મનુભાઇ, સ્વ. મધુભાઇ, સ્વ. રમેશભાઇ, મહેશભાઇ, વસુબેન મોહનલાલ, સ્વ. મંજુબેન શશીકાંત, સરોજબેન જીતેન્દ્રકુમાર, કોકિલાબેન સુરેશકુમાર, ઉષાબેન મનોજકુમારના ભાઈ. સ્વ. કાનજી વિઠ્ઠલદાસ રાયઠઠ્ઠાના જમાઈ. ચિ. ઓમના નાના ગુરુવાર, તા. ૨૬-૦૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૭-૦૬-૨૫નાં સાંજે ૪.૦૦થી ૬. ઠે. હાલાઈ લોહાણા મહાજન વાડી, શંકરના મંદિરની પાસે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ, લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**

અમરેલી નિવાસી ભીવંડીવાળા હાલ બોરિવલી, રતીલાલ પોપટલાલ રાઇચાના પુત્ર અરવિંદભાઇ, (ઉં. વ. ૭૭) તે હસુમતીબેનના પતિ. સ્વ. કેતન અને આનંદના પિતા. અજીતભાઇ, મનોજભાઇ, સરોજબેન રમેશકુમાર સોમૈયા, ચંદાબેન ધીરજભાઇ રૂપારેલ અને પૂર્ણિમાબેન દીપકકુમાર માણેકના મોટાભાઇ તા. ૨૫/૬/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ વડોદરા, સ્વ જયંતભાઈ મંગળદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. ભારતીબેન મહેતા (ઉં. વ. ૭૫) ૧૭/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ઉર્મિલભાઈ, સ્વ. રશ્મિનભાઈ, કલ્પના ભરતકુમાર મહેતા, દક્ષા હર્ષદકુમાર મહેતાના ભાભી. રક્ષાબેનના જેઠાણી. ધર્મિન, ધૃતિ, યશ, રુહીના મોટામમ્મી. પિયરપક્ષે સ્વ. વ્રજલાલ મકનદાસ વળીયાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદીચ્ય સહત્ર બ્રાહ્મણ**

છાયાબેન જોષી (ઉં. વ. ૫૮) તે સ્વ. વીરેન્દ્રભાઈ કાંતિલાલ જોષીનાં પત્ની. સાગરનાં માતા. નાનાલાલ મણીશંકર રાવલનાં પુત્રી. તા. ૨૪-૬-૨૫મીએ અવસાન પામ્યાં છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૫ના શુક્રવારે ૪ થી ૬. સંન્યાસ આશ્રમ હોલ, વિલેપાર્લે વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**વિસા સોરઠીયા**

જુણેજવાળા હાલ બોરીવલી, જ્યોત્સ્ના શિરીષ શાહ (ઉં. વ. ૭૨) સ્વ. નાનાલાલ અને સ્વ. કુસુમબેનના દીકરી મંગળવાર તા. ૨૪.૬.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. રિતેશ અને અંકિતના માતા. તૃપ્તિ અને ભૈરવીના સાસુ. કિયાનના દાદી. સ્વ. ચીમનલાલ શાહ, સ્વ. જયંતીલાલ શાહ, સ્વ. દિલીપ શાહના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશગામ પંચાલ**

ડુંગરીવાળા હાલ મલાડ, ધિરેન્દ્ર મોહનલાલ મિસ્ત્રી (ઉં. વ.૮૧) તે જયવંતીબેનના પતિ. કૃતિબેનના પિતા. ધર્મેશભાઈના સસરા. પલસાણાવાળા ગોવિંદજી ભુલાભાઈના જમાઈ. સ્વ. ઈશ્વરભાઈ, સ્વ. રમેશભાઈ, રાજેન્દ્રભાઈ, રણજિતભાઈ, અશોકભાઈ, મધુકાંતાબેનના ભાઈ તા. ૨૧/૦૬/૨૫ના દેવલોક પામ્યા છે. સાદડી પ્રથા બંધ છે. ૭, જય નારાયણ બિલ્ડીંગ, હવાહિરાની સામે, પુષ્પા પાર્ક, દફતર રોડ, કુરાર વિલેજ મેટ્રો સ્ટેશન નજીક, મલાડ ઈસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ભાવનગર નિવાસી હાલ ગોરેગામ અ. સૌ. બ્રિન્દા (ઉં. વ. ૪૭) તા. ૨૫-૬-૨૫ બુધવારના કૈલાસવાસી થયેલ છે. તે અ. સૌ. પ્રજ્ઞા પ્રવીણભાઇ દવેના પુત્રવધૂ. પ્રિયંકના ધર્મપત્ની. ચિ. મરિમન અને ચિ. હિતેનના માતા. અ. સૌ. હેતલ હિતેષકુમાર જોશીના ભાભી. અ. સૌ. પન્નાબેન ચંદ્રચકોર જાનીના પુત્ર. મહર્ષિ જાનીના મોટાબહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય બ્રાહ્મણ**

નાગનેશ નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. દમયંતી હર્ષદરાય દવે (ઉં. વ. ૮૬) તે અવની, હર્ષા અને તુષારકાંતિના મમ્મી. અમિતકુમાર, તુષારકુમાર તથા અ. સૌ. સ્મિતાના સાસુ તા. ૨૫-૬-૨૫ના કૈલાસનિવાસી થયા છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૬-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. બ્રાહ્મણ સમાજ, જોશી લેન, ઘાટકોપર (ઇસ્ટ).

## પાકિસ્તાનનાં ૩૯

હતી. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં અનેક ભારતીય પર્યટકોનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટના પછી ભારત સરકારે પાકિસ્તાનમાંથી સામાનની પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ આયાત પર પ્રતિબંધ મૂકી દીધો હતો. અગાઉ આવા માલ પર ૨૦૦ ટકા કસ્ટમ્સ ડ્યૂટી લાગુ થતી હતી. પ્રતિબંધ છતાં અમુક આયાતકારો સરકારી આદેશને નેવે મૂકી સામાનના ઉત્પાદનના મૂળ સ્થાનની ખોટી નોંધ કરીને અને સંબંધિત શિપિંગ દસ્તાવેજો સાથે ચેડાં કરીને પાકિસ્તાનથી માલની આયાત કરતા હોવાની માહિતી ડીઆરઆઈને મળી હતી. માહિતીને આધારે બે અલગ અલગ કેસમાં ડીઆરઆઈએ ન્હાવા શેવા પોર્ટ પર ૩૯ કન્ટેઈનર જપ્ત કર્યા હતા, જેમાં અંદાજે નવ કરોડ રૂપિયાનો ૧,૧૧૫ મેટ્રિક ટન સામાન હોવાનું જાણવા મળ્યું હતું.

# પારસી મરણ

મની ધનજીશા કરકરીયા તે મરહુમ ઓસ્તી ધનજીશાના ધનીયાની. તે મરહુમો મેહર નાદીરશા રાઇતરના દીકરી. તે કેટી ને બરઝીસના માતાજી. તે નૈવઝરના સાસુજી. તે હોશંગ ને મરહુમો મીનું, પરવેઝ, રુસી, ગુલ ને હોમીના બહેન. તે રુશાદના મમઇજી. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૧૫૩, મેહેરદાદ કફ પરેડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૬-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છે.

# જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઇ સ્વ. પાર્વતીબેન હરખચંદભાઇ ગીંદરા (ઉં. વ. ૯૨) મંગળવાર, તા. ૨૪-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મીણાબેન વાઘજીના પુત્રવધૂ. સ્વ. હરખચંદભાઇના ધર્મપત્ની. મહેન્દ્ર, ચંદ્રકાંત, મંજુલા, વર્ષા, મીના, હંસા, (સંસાર પક્ષે પ. પૂ. સા. ભક્તિપૂર્ણાશ્રીજી મ. સા.)ના માતુશ્રી. સંગીતા, હર્ષા, ચુનીલાલ, પ્રવીણ, ધનજી, પ્રકાશના સાસુજી. શ્રેયાંસ, પ્રથમ, અપૂર્વ, શ્રેયાના દાદી. ઉર્મિલ, ભાવેન, ધૃમિલ, ધૃમિ, દ્વિજલ, ધ્વનિ, રીતુ, દેવાંશીના નાનીમા. શિવલખાના નામાબેના રાણા નરશી ગડાના દીકરી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭-૬-૨૫ના બપોરે ૩થી ૪.૩૦. ઠે. યોગીસભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ).

**વિશાશ્રીમાળી તળપદા જ્ઞાતિ જૈન**

મૂળ કઠોર, ગુજરાત હાલ જુહુ સ્કીમ મુંબઈ, ભુપેન્દ્ર શાહ (ઉં. વ. ૭૮) તે સ્વ. રતનબેન અંબાલાલ શાહના સુપુત્ર. સ્વ. ડૉ. નીરૂપમા ભુપેન્દ્ર શાહના પતિ. શ્રીમતી મૈત્રી બીજલ પંડ્યાના પિતા. બીજલ પંડયાના શ્વસુર. કૈરવ અને મલયના નાનાજી. ગુરુવાર, તા. ૨૬મી જૂન ૨૦૨૫ના અરિહંતશરણ થયેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ધોરાજી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રેવાબેન મણિલાલ બાવીશીના પુત્ર, અશ્વિનભાઇ (ઉં. વ. ૮૧) ૨૦/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે આશાબેનના પતિ. મનોજભાઈ, પંકજભાઈના મોટાભાઈ. કાજલ, યામિની, જતીન સંઘવીના સસરા. જયંતીલાલ જીવણલાલ મડિયા બગસરાવાળાના જમાઈ. સોનલ, ભાવેશ, મિહિરના પિતા, ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગમા બાઇ પિપળીયા હાલ અંધેરી, સ્વ. લીલાવંતીબેન તથા રતીલાલ અમરચંદ ઉદાણીના પુત્ર. સ્વ. અ.સૌ. મીનાબેનના પતિ સૂર્યકાંતભાઈ (ઉં. વ. ૮૩) તે મિલનભાઈ, રૂપેશભાઈ, મમતા પંકજભાઈ મલકાણના પિતા. અ.સૌ. કુંતલ તથા અ.સૌ. મિલીના સસરા. સ્વ. અનિલભાઈ, ઉષાબેન બદાણીના ભાઈ. અમરેલી નિવાસી સ્વ. ભાઈલાલભાઈ હપાણીના જમાઈ. તા. ૨૧/૬/૨૫ના અરીહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ ભાયંદર રોડ, સ્વ. રમણિકલાલ ચંદુલાલ સંઘવી (ઉં. વ. ૮૩) ૨૪/૬/૨૫ના અવસાન થયું છે. રંજનબેન સંઘવીના પતિ. મિકી, કિંજલ, જયના પિતા. સૌરભકુમાર, અમિતકુમાર, હર્ષદાના સસરા. ફલકના દાદા. જીનલ, ક્રિષા, શિખા, સિદ્ધના નાના. લૌકિક વ્યવહાર બંધ છે. જય રમણીકલાલ સંઘવી સંગમ બિલ્ડીંગ શિવસેના ગલી બી-૨ ગ્રાઉન્ડ ફ્લોર ભાઈંદર (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

હાલાપરના રમણીક હીરજી છેડા (ઉં. વ. ૬૯)તા. ૨૧-૬ ના જબલપુરમાં અવસાન પામ્યા છે. ગાંગબાઈ હિરજીના પુત્ર. વનિતાના પતિ. કૃતિકા, વૃશાંકના પિતા. રેખા, લીલાધર, મનુ, તારાચંદ, હેમાના ભાઈ. નાના ભાડિયાના લક્ષ્મીબેન મોરારજી પૂંજા સાવલાના જમાઈ. નેત્ર અને ત્વચા દાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. વનિતા છેડા, ૩૨ એકતા પરિસર એલટીસી જબલપુર.

ભુજપુરના મણીબેન નાનજી ગાલા (ઉં. વ. ૧૦૩) ૨૫-૬ના સંથારા સહિત અરિહંત શરણ પામેલ છે. નાનજીના પત્ની. દેવકાબેન ખેતશીના પુત્રવધૂ. કપાયા માંકબાઈ વેલજી ઓભાયાના પુત્રી. કાંતા, કિશોર, ચંદ્રલતા, કોકીલા, મંજુલા, અરૂણા, ભરત, રમેશના માતા. કપાયા ભવાનજી, બારોઈ પાનબાઈ કુંવરજી, બેરાજા મંજુલાબેન નાગજી, પત્રી કેસરબેન પ્રેમજીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. ભરત ગાલા, ૪૦૩, રાઈટ માર્વેલ, આઝાદ રોડ બી.એમ.સી ઓફિસની પાસે, અંધેરી (પૂ).

ભોરારાના ભાનુબેન દેવજી દેઢિયા (ઉં. વ. ૯૩) તા. ૨૪.૬.૨૦૨૫ ના અવસાન પામ્યા છે. દેવજી ધારસીના ધર્મપત્ની. વેજબાઈ ધારસી કાનજીના પુત્રવધૂ. હિતેન્દ્ર, રોહિત, જતીન, મંજુલા (માલતી), ચંદ્રીકા, અંજુના માતુશ્રી. લાખાપર લાડબાઈ/દેવકાબેન મુરજી શવરાજના સુપુત્રી. હીરજી, ભાણજી, મનસુખ, જયંતિલાલ, સમાઘોઘા રંજનબેન (મંજુલા) જેઠાલાલ દામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. અંજુ દેવજી દેઢિયા, ૫૦૨, ભૈરવી-૮, તુલસીધામ, ઘોડબંદર રોડ, થાણા (વે).

મોટા આસંબિયાના ચિંતન (પપ્પી) ચંદ્રકાંત સાવલા (ઉં. વ. ૪૨) તા. ૨૩.૬.૨૫ ના અવસાન પામેલ છે. માતુશ્રી નિરંજના ચંદ્રકાંત સાવલાના સુપુત્ર. દીશી, વંશીના પપ્પા. નીલમ (અવની), કુંજલના ભાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. ચંદ્રકાંત ખીમજી સાવલા : મથુરા બિલ્ડીંગ, બ્લોક નં. ૪, મહાત્મા ફુલે રોડ, ડોંબિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ દહીંસર સ્વ. રમણીકલાલ ફૂલચંદ ગાંધીના ધર્મપત્ની શાંતાબેન (ઉં. વ. ૮૮) તા. ૨૪-૬-૨૫ મંગળવારના અવસાન પામેલ છે. તે પ્રદીપ, અજયના માતુશ્રી. ભદ્રા, રુપાના સાસુ. ઉન્નતી, ભાવીન, જૈનમ, નીહારના દાદી. નીરવકુમાર, અપેક્ષાના મોટી સાસુમાં. પીયર પક્ષે ચભાડીયાવાળા હાલ ભાવનગર સ્વ. શામજીભાઇ મગનભાઇ દોશીની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એ-૨૦૨, વિશાખા સદન નં-૨, માતૃછાયા કોલેજની બાજુમાં, ન્યુ લીંક રોડ, આનંદ નગર, દહીસર (ઇ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

### મહાયુતિમાં ફરી મહાભારત



# અજિત પવાર v/s એકનાથ શિંદે



**એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની સંસ્થાના ઓડિટનો અજિત પવારે આદેશ આપ્યો**

**મહારાષ્ટ્ર કેબિનેટે શક્તિપીઠ એક્સપ્રેસવે પ્રોજેક્ટ માટે ૨૦,૭૮૭ કરોડની લોનને મંજૂરી આપી છેઃ નાણાં વિભાગે કહ્યું કે આનાથી રાજ્ય પર બોજ પડશે**

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળના મહારાષ્ટ્ર આયોજન વિભાગે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી)નું સ્વતંત્ર રીતે ઓડિટ કરાવવાની માગણી કરી છે, જેનાથી રાજ્યની મહાયુતિ સરકારમાં ચાલી રહેલા સત્તાના સંઘર્ષ પર ધ્યાન કેન્દ્રિત થયું છે.

આ પગલાના કેન્દ્રમાં ૮૬,૩૫૮ કરોડ રૂપિયાનો શક્તિપીઠ એક્સપ્રેસવે છે - ૮૦૨ કિમીનો નાગપુર-ગોવા કોરિડોર જે ભારતના સૌથી મોંઘા રોડ પ્રોજેક્ટ્સમાંનો એક માનવામાં આવે છે. આ અઠવાડિયાની શરૂઆતમાં મહારાષ્ટ્ર કેબિનેટે પ્રોજેક્ટના જમીન સંપાદન માટે ૨૦,૭૮૭ કરોડ રૂપિયાની લોન ગેરંટીને મંજૂરી આપી હતી.

જોકે, પવારના નેતૃત્વ હેઠળના નાણા વિભાગે શક્તિપીઠ એક્સપ્રેસવે માટે હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (હુડકો)ને લોન પર ૮.૮૫ ટકા વ્યાજ દર આપવાના નિર્ણયને નાણાકીય રીતે અવ્યવહારુ ગણાવ્યો છે. તેમણે એવી દલીલ કરી છે કે રાજ્યના પોતાના બોન્ડ ૬.૭૫ ટકાના નોંધપાત્ર નીચા દરે વ્યાજ મેળવે છે.

નાણા વિભાગે કહ્યું છે કે આ લોનથી રોકડની તંગીવાળા રાજ્ય પર આ પ્રોજેક્ટથી બોજ પડશે. મંજૂરી પહેલાં એક કેબિનેટની નોંધમાં પણ વિભાગે ચેતવણી આપી હતી કે બજેટની બહાર ઉધાર લેવાથી ભવિષ્યમાં મહારાષ્ટ્રની લોન લેવાની ક્ષમતા પર અસર પડશે.

રાજ્ય પહેલેથી જ દેવાના બોજ હેઠળ દબાયેલું (જુઓ પાનું ૪) ▶▶





# ભાષા મુદ્દે ઉદ્ધવ અને રાજનો નોખો ચોકો

**હિન્દી લાદવા સામે વિરોધ દર્શાવવા બંને અલગ-અલગ દિવસે મોરચા કાઢશેઃ શરદ પવારે સંયુક્ત વિરોધનું આહ્‌વાન કર્યું**

મુંબઈઃ શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ ગુરુવારે કહ્યું કે તેઓ રાજ્યના વિદ્યાર્થીઓ પર હિન્દી ભાષા લાદવાના તમામ પ્રયાસોનો વિરોધ કરશે અને ભારપૂર્વક જણાવ્યું કે તેઓ 'ભાષા કટોકટી' લાદવા અને 'મરાઠી-ભાવના' દૂર કરવાનો સત્તાધારી ભાજપની મહાયુતિ સરકારનો પ્રયાસ છે. અલગ-અલગ પત્રકાર પરિષદને સંબોધતા સેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ અનુક્રમે સાતમી અને પાંચમી જુલાઈએ વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી હતી. ભાજપ મુખ્યત્વે મરાઠી ભાષી રાજ્યમાં 'ભાષા કટોકટી' લાદવાનો પ્રયાસ કરી રહી છે, એમ ઉદ્ધવ ઠાકરેએ (જુઓ પાનું ૪) ▶▶

# 'તમારાં કપડાં, જૂતાં, મોબાઈલ અમારી બદોલત છે'


**ભાજપના નેતા બબનરાવ લોણીકરે વિવાદ છેડ્યો**

છત્રપતિ સંભાજીનગરઃ ભાજપ અને સરકારની ટીકા કરનારા લોકોને ખબર છે કે તેમને કપડાં, જૂતાં, મોબાઇલ, યોજનાઓનો નાણાકીય લાભ ફક્ત અમારે લીધે જ મળી રહ્યો છે, એવું નિવેદન કરીને ભાજપના નેતા બબનરાવ લોણીકરે નવો વિવાદ ઊભો કર્યો છે. મધ્ય મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં પારતુર મતવિસ્તારમાં 'હર ઘર સોલાર' યોજના માટેના એક કાર્યક્રમમાં લોણીકરે ભાજપના નેતૃત્વ હેઠળની સરકારની કલ્યાણકારી યોજનાઓ અને વિકાસ કાર્યો લોકોને જણાવ્યા હતા. ગુરુવારે સોશ્યલ મીડિયા પર તેમના વિવાદાસ્પદ ભાષણનો વીડિયો વાયરલ થયો હતો. વિપક્ષો દ્વારા તેની આકરી ટીકા કરાઇ રહી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ લોણીકરના નિવેદનનો અસ્વીકાર કર્યો હતો. 'અમુક લોકો એવા છે, ખાસ કરીને યુવાનો જેઓ સોશ્યલ મીડિયા પર અમારી અને અમારી સરકારની ટીકા કરે છે. અમે તમારા ગામને પાણીની ટાંકીઓ, કોંક્રિટના રસ્તાઓ, કાર્યક્રમો માટેના હોલ અને વિવિધ સરકારી યોજનાઓનો લાભ આપ્યો છે', એમ કહેતા વીડિયોમાં જોવા મળે છે. 'અમારી ટીકા કરનારાઓની માતાને આ બબનરાવ લોણીકર પગાર આપે છે અને તેમના પિતાની પેન્શન મંજૂર કરે છે. વાવણી માટે પીએમ મોદી તમારા પિતાને ૬૦૦૦ રૂપિયા આપે છે. તમારી બહેનોને લાડકી (જુઓ પાનું ૪) ▶▶

# રાણીબાગમાં બિહારથી આવ્યા ચાર મગરમચ્છ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે પ્રાણી સંગ્રહાલય (રાણીબાગ)માં રાંચી પ્રાણીસંગ્રહાલયથી ચાર મગરમચ્છ (ઘડિયાલ) લાવવામાં આવ્યા છે. રાણીબાગમાં આ નવા મગરમચ્છોએ બાળકો સહિત પર્યટકોમાં ખાસ્સું એવું આકર્ષણ જમાવ્યું છે.

ખાસ દુર્લભ અને લુપ્તપ્રાય સરિસૃપ શ્રેણીમાં આવતા ઘરિયાલ અને મગર માટે અગાઉ પ્રાણીસંગ્રહાલયમાં રહેવા માટે અલાયદી વ્યવસ્થા નહોતી. પ્રાણી સંગ્રહાલયે મે, ૨૦૨૩માં તેનો પહેલો અંડરવોટર વ્યૂઈંગ ડેક બનાવ્યો હતો, જેમાં એક એલિવેટેડ ગેલેરીનો સમાવેશ થાય છે. અહીંથી પર્યટકો પાણીની ઉપર અને નીચે સરિસૃપની ગતિવિધિઓને જોઈ શકે છે. પ્રશાસન દ્વારા અગાઉ એક મગર અને બે ઘડિયાલ માટે ખાસ અલગ અલગ બે ઍન્ક્લોઝર બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમની સંખ્યા વધારવા માટે પ્રાણી સંગ્રહાલયે ગયા વર્ષે રાંચીના ભગવાન બિરસા બાયોલોજિકલ પાર્કનો સંપર્ક કર્યો હતો અને તેમની પાસેથી ચાર ઘડિયાલ લેવામાં આવલ્યા હતા. અધિકારીના જણાવ્યા મુજબ રાંચીના પ્રાણીસંગ્રહાલય પાસેથી છથી આઠ વર્ષના ચાર ઘરિયાલ લેવામાં આવ્યા હતા, તેની સામે તેમને આઠ કોકાટીલ (દુર્લભ પક્ષી) જેમાં ચાર સફેદ અને ચાર ગ્રે આપવામાં આવ્યા હતા. આગામી સમયમાં હિપ્પો એક્ઝિબિટની સામે નવું સરિસૃર પ્રાણીઓ માટે ઘર બનાવવાની યોજના છે. ગ્રાઉન્ડ પ્લસ એક માળના ઘરમાં ૧૨ પ્રજાતિઓ રહેશે. જેમાં ટ્રિન્કેટ સ્નેક, ભારતીય ક્રોબા, ભારતીય રોક પાયથન(અજગર) અને પટ્ટાવાળા કીલબેકનો સમાવેશ થાય છે. ■

# મુંબઈમાં વરસાદી પાણી ન ભરાય એ માટે માસ્ટર પ્લાન

**કલાકના ૧૦૦ મિ.મી.થી વધુ વરસાદ પડે તો પણ પાણીનાં નિકાલ માટેની યોજનાના પહેલા તબક્કા માટે કેન્દ્ર સરકારે ૫૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ આપ્યું**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વરસાદી પાણીનો નિકાલ કરનારી ડ્રેનેજ લાઈનની ક્ષમતા પ્રતિ કલાકની ૧૦૦ મિ.મી. કરતા વધુ વરસાદની કરવામાં આવવાની છે. તેમ જ વરસાદનાં પાણીનો ઝડપથી નિકાલ થઈ શકે તે માટે વધુ ચાર નવાં પમ્પિંગ સ્ટેશન પણ બનાવવામાં આવશે. કેન્દ્ર સરકારના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી પાસેથી મુંબઈ મહાનગરપાલિકાને ભંડોળ ઉપલબ્ધ થશે. બહુ જલદી તે માટે માસ્ટર પ્લાન બનાવવામાં આવવાનો પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈમાં હાલ વરસાદી પાણીનો નિકાલ કરનારી ડ્રેનેજ લાઈનની ક્ષમતા પ્રતિ કલાકની પંચાવન મિ.મી.ની છે, જેને કારણે વર્ષોથી થોડો વરસાદ પડે અને જો દરિયામાં ભરતી હોય તો તરત પાણી ભરાઈ જવાની સમસ્યા રહી છે. હવે જોકે આ ડ્રેનેજ લાઈનની ક્ષમતા પ્રતિ કલાકની ૧૦૦ મિલીમીટરથી પણ વધુ વરસાદની કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ ખાતાના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તરફથી મુંબઈને તે માટે વધારાનું ભંડોળ ઉપલબ્ધ થશે એવું પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈની પૂરજનક પરિસ્થિતિની નોંધ કેન્દ્રના ગૃહ ખાતા હેઠળ આવતા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ લીધી છે. પહેલા તબક્કાની ઉપાયયોજના માટે ૫૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ કેન્દ્ર સરકારે પાલિકાને ઉપલબ્ધ કરી આપ્યું છે. શહેરની પૂરજનક પરિસ્થિતિનો અભ્યાસ કરીને એક એક્શન પ્લાન પાલિકાએ તૈયાર કર્યો છે, તેનો અભ્યાસ આઈઆઈટીની નિષ્ણાતોની બનેલી કમિટી કરી રહી છે. અહેવાલ તૈયાર થયા બાદ તેને અમલમાં મૂકવા પાછળ લગભગ પાંચ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે એવો પ્રાથમિક અંદાજ છે. અહેવાલ તૈયાર કરવા સમયે મુંબઈની રેલવે, મેટ્રો, એમએમઆરડીએ સહિત અન્ય ઓથોરિટી સાથે ચર્ચા કરવામાં આવશે.

અધિકારીના જણાવ્યા મુજબ તાજેતરના વર્ષોમાં વાતાવરણમાં થયેલા મોટા ફેરફારની સાથે જ વરસાદની પેટર્ન પણ બદલાઈ ગઈ છે, જેને કારણે અનેક સમયે ટૂંકા ગાળામાં અમુક વિસ્તારોમાં જ ભારે વરસાદ પડી જતો હોય છે. ■

### અંધેરી અને કુર્લામાં પાણી ભરાવાથી રાહત મળશે

ડ્રેનેજ લાઈનની ક્ષમતા વધારવાની સાથે જ પંપિંગ સ્ટેશનોની સંખ્યા પણ વધારવામાં આવવાની છે. હાલ મુંબઈના નવ નાના પંપિંગ હોઈ તેમાં વધારો કરીને મહારાષ્ટ્ર નગર અને ધારાવી ટી જંકશન પાસે બે નવા નાનાં પંપિંગ સ્ટેશન ઊભા કરવામાં આવવાના છે. તો હાલ છ મોટા પંપિંગ સ્ટેશન છે, તેમાં વધારો કરીને મોગરા અને માહુલમાં બે નવા સ્ટેશન ઊભા કરવામાં આવવાના છે. તેથી કુર્લા અને અંધેરીમાં ભરાતાં પાણીનો નિકાલ થવામાં મદદ મળશે.■

### ગટરોનો વોર્ડ સ્તરે સર્વે

દક્ષિણ મુંબઈમાં વરસાદી પાણીનો નિકાલ કરનારી ગટરોનો વિગતવાર સર્વે કરવા માટે એક નિષ્ણાત એજન્સીની નિમણૂક થશે. સાથે જ તમામ ૨૪ વોર્ડના આસ્ટિન્ટ કમિશનરોને તેમના સંબંધિત વિસ્તારમાં ડ્રેનેજ સિસ્ટમનો વિગતવાર અવલોકન અને મૂલ્યાંકન કરીને તેનો રિપોર્ટ સબમિટ કરવાની સૂચના પણ આપવામાં આવી છે. ■

# પાકિસ્તાનનાં ૩૯ કન્ટેઈનર ન્હાવા શેવા બંદરેથી જપ્ત

**પહલગામના આતંકી હુમલા બાદ ભારત દ્વારા પ્રતિબંધ છતાં પાકિસ્તાનથી આયાત કરનારી કંપનીના ભાગીદારની ધરપકડ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પહેલગામના આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાનથી પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે માલસામાન આયાત કરવા પર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યા છતાં પાકિસ્તાનથી સામાનની આયાત કરવામાં આવતી હોવાની માહિતીને આધારે ડિરક્ટરેટ ઑફ રેવન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) 'ઑપરેશન ડીપ મેનિફેસ્ટ' હાથ ધર્યું હતું. ડીઆરઆઈએ નવી મુંબઈના ન્હાવા શેવા બંદરે મૂળ પાકિસ્તાનનાં ૩૯ કન્ટેઈનર જપ્ત કરી આયાતકાર કંપનીના ભાગીદારની ધરપકડ કરી (જુઓ પાનું ૪) ▶▶

# એકનાથ શિંદેનો ભાજપને ઝટકો

**સોલાપુરમાં ભાજપનાં પ્રથમ મેયર શોભા બંશેટ્ટી શિંદે-સેનામાં જોડાયાં**

સોલાપુરઃ સોલાપુરમાં નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ ભાજપને મોટો ઝટકો આપ્યો છે. ભાજપના પ્રથમ મેયર શોભા બંશેટ્ટી શિંદેની હાજરીમાં શિવસેનામાં જોડાયા હતા. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા ભાજપ માટે આ એક મોટો ઝટકો માનવામાં આવે છે. આ પ્રવેશને કારણે, સોલાપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપ અને શિંદેની શિવસેના વચ્ચે મુકાબલો થવાની શક્યતા છે. શોભા બંશેટ્ટીએ અગાઉ ભાજપના ધારાસભ્ય વિજયકુમાર દેશમુખ સામે વિધાનસભા ચૂંટણી લડી હતી. હવે, શિંદેની શિવસેનામાં જોડાવાથી રાજકીય સમીકરણો બદલાઈ ગયા છે. તેમના પક્ષમાં જોડાવાના સમયે, એનસીપી શરદ ચંદ્ર પવારની પાર્ટીના ધારાસભ્ય નારાયણ પાટીલ અને કોંગ્રેસના શહેર પ્રવક્તા પ્રો. અશોક નિમ્બર્ગી હાજર હતા. ૨૦૧૭ માં, સોલાપુર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ સત્તા પર આવ્યું. તે સમયે શોભા બંશેટ્ટી મેયર બન્યા હતા. તેઓ એક વરિષ્ઠ કોર્પોરેટર હતા. જોકે, પાછળથી તેમના ભાજપના ધારાસભ્ય વિજયકુમાર દેશમુખ સાથે મતભેદ થયા. ■

# મહિલા કમાતી હોય તોય છૂટાછેડા પછી પતિ પાસેથી નાણાકીય સહાયની હકદારઃ હાઇ કોર્ટ

મુંબઈઃ મહિલા કમાય છે એનો અર્થ એ નથી કે તેને છૂટાછેડા પછી પતિ પાસેથી નાણાકીય સહાય ન મળી શકે. આખરે તેણે પોતાનું જીવનધોરણ પણ સાચવી રાખવાનું હોય છે, એમ બૉમ્બે હાઇ કોર્ટે જણાવ્યું હતું.

હાઇ કોર્ટે ૧૮મી જૂને આપેલો ચુકાદો, જેની નકલ ગુરુવારે ઉપલબ્ધ થઇ હતી, તેમાં જણાવાયું હતું કે છૂટાછેડા લેવા પહેલા મહિલા જેવું જીવન ધોરણ ધરાવતી હતી તેવી જ રીતે છૂટાછેડા બાદ પણ જીવવાનો તેનો અધિકાર છે.

ઓગસ્ટ,૨૦૨૩માં ફેમિલી કોર્ટે મહિલાને દર મહિને ૧૫,૦૦૦ રૂપિયાનું ભરણપોષણ આપવાનો આદેશ આપ્યો હતો જેને પતિએ હાઇ કોર્ટમાં પડકાર્યો હતો. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે મહિલા કમાવે છે, પરંતુ તેની આવક પૂરતી નથી. મહિલાને નોકરી માટે ઘણું દૂર પણ જવું પડે છે. તેની આવક એટલી છે જેના દ્વારા તે પોતાનું જીવન યોગ્ય રીતે જીવી શકે એમ નથી. મહિલા કમાવે છે એનો અર્થ એવો નથી કે તેને ભરણપોષણથી વંચિત રાખવામાં આવે. લગ્ન બાદ તે જેનું જેવું જીવનધોરણ હતું એવું જ જીવન જીવવાનો તેનો અધિકાર છે, એમ હાઇ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# અકસ્માતને પગલે કસારા ઘાટ પર કલાકો ટ્રાફિક જૅમ

મુંબઈઃ મુંબઈ-નાશિક હાઇવેના જૂના કસારા ઘાટ પર ગઈ કાલે વહેલી સવારે બે ભારે વાહનો વચ્ચે ટક્કર થતાં ટ્રાફિક ઠપ થઈ ગયો હતો. ઘાટના સાંકડા, વળાંકવાળા ભાગમાં એક કન્ટેનર ટ્રકે કાબૂ ગુમાવતા બીજા વાહન સાથે અથડાઈ ગયો હતો. આ અકસ્માતને કારણે સમગ્ર માર્ગ અવરોધાઈ ગયો હતો અને વાહનોની અવરજવર ઠપ થઈ ગઈ હતી. અકસ્માતના દૃશ્યો ઇન્ટરનેટ પર સામે આવ્યા હતા, જેમાં ક્ષતિગ્રસ્ત કન્ટેનર ટ્રકે સમગ્ર રસ્તો બ્લોક કરેલો જોઈ શકાતું હતું, જેના કારણે બંને બાજુ ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. સ્થાનિક પોલીસ અધિકારીઓ અને અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી રાહત કામગીરી શરૂ કરી દીધી હતી. હાઇવે પોલીસે પણ વધુ ભીડ અટકાવવા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિકને નવા ઘાટ રૂટ તરફ વાળ્યો હતો. મુંબઈ અને નાશિક વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે અને જ્યાં સુધી આ પટ્ટો સંપૂર્ણપણે સાફ ન થાય ત્યાં સુધી વિલંબ થવાની શક્યતા છે. દરમિયાન, આ જ પ્રદેશ નજીક એક દુઃખદ ઘટનામાં, ૨૪ જૂનના રોજ સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર એક ગંભીર કાર અકસ્માતમાં અનુભવી બિલ્ડર સુનીલ ગણપતરાવ હેકરેનું મોત નીપજ્યું હતું. ૬૨ વર્ષીય હૅકરે એક પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપીને મુંબઈથી નાશિક પરત ફરી રહ્યા હતા ત્યારે કસારા નજીક આ દુર્ઘટના બની હતી. ■

# દાગીનાના બદલામાં નકલી સોનાની બિસ્કિટ્સ આપનારી ટોળકી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઝવેરીઓ પાસેથી સોનાના દાગીના લઈને બદલામાં નકલી સોનાની બિસ્કિટ્સ પધરાવનારી ટોળકીના ત્રણ સભ્યને પોલીસે પકડી પાડ્યા હતા. બાન્દ્રાના ત્રણ અને દક્ષિણ મુંબઈના ગિરગામના એક ઝવેરી પાસેથી ૧.૨૯ કરોડ રૂપિયાના દાગીના પડાવનારી આ ટોળકીએ અનેક જ્વેલર્સને ચૂનો ચોપડ્યો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ રાકેશ કિસનદાસ લિલાની (૫૦), વિક્રાંત રંગરાજ પારેખ (૩૮) અને મોહમ્મદ હનીફ અબદુલ્લા શમા (૬૨) તરીકે થઈ હતી. આરોપીઓના બે સાથી ફરાર હોવાથી પોલીસ તેમની શોધ ચલાવી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ ધરપકડ આરોપીમાંથી એક ફરાર બે સાથી સાથે અગાઉ ઝવેરીબજારમાં દલાલીનું કામ કરતો હતો, જેને કારણે અનેક જ્વેલર્સ સાથે તેમની ઓળખાણ હતી. આરોપીઓએ મોટા ભાગે ઓળખીતા જ્વેલર્સને જ ટાર્ગેટ કર્યા હોવાનું તપાસમાં જણાયું હતું. જ્વેલર્સનો સંપર્ક સાધી આરોપીઓ બાવીસ કૅરેટના સોનાના દાગીના ખરીદવાની તૈયારી દાખવતા અને તેના બદલામાં ૨૪ કૅરેટ સોનાની બિસ્કિટ્સ આપવાની લાલચ બતાવતા. બાદમાં દાગીના લઈને નકલી સોનું આપતા હતા. આ રીતે સોનાના દાગીના સાથે આરોપી રફુચક્કર થઈ જતા હતા. આ રીતે બીકેસીના ત્રણ અને વી. પી. રોડના એક જ્વેલર્સ સાથે ૧.૨૯ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. ચાલુ વર્ષે બીકેસીમાં જ્વેલર્સને આ રીતે છેતરવાના ત્રણ ગુના નોંધતાં તેને ગંભીરતાથી લઈ વરિષ્ઠ અધિકારીએ તપાસનો આદેશ આપ્યો હતો. બીકેસી પોલીસની સ્પેશિયલ ટીમે વિવિધ મુદ્દે તપાસ કરી ત્રણ આરોપીને પકડી પાડ્યા હતા. આરોપીઓએ ચારેય ગુના કબૂલ્યા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ■

# બંધારણ સર્વોપરી, લોકશાહીની ત્રણેય પાંખ તેની હેઠળ કાર્ય કરે છેઃ સીજેઆઇ ગવઇ

અમરાવતીઃ ભારતનું બંધારણ સર્વોપરી છે અને લોકશાહીની તમામ ત્રણેય પાંખો તેની હેઠળ કામ કરે છે, એમ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (સીજેઆઇ) બી. આર. ગવઇએ જણાવ્યું હતું.

'મૂળભૂત માળખા'ના સિદ્ધાંતોના પાયા વિશેના સુપ્રીમ કોર્ટના આદેશને ટાંકતા તેમણે કહ્યું હતું કે સંસદને સત્તામાં સુધારો કરવાનો અધિકાર છે, પણ બંધારણના મૂળભૂત માળખાને તે બદલી શકે નહીં', એમ અમરાવતીમાં એક કાર્યક્રમમાં ગવઇએ જણાવ્યું હતું. ગયા મહિને જ તેમણે ભારતના બાવનમા સીજેઆઇ તરીકે શપથ લીધા હતા.

અમુક લોકો કહે છે કે સંસદ સૌથી ઉચ્ચ સ્થાન ધરાવે છે, પણ મારા હિસાબે બંધારણ સર્વોપરી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

લોકશાહીની ત્રણ પાંખ કારોબારી, ન્યાયતંત્ર અથવા ધારાસભામાંથી સૌથી મહત્ત્વનું શું છે એવી ચર્ચાઓ હંમેશા થતી હોય છે. ઘણાનું માનવું છે કે સંસદ સર્વોચ્ચ છે, પરંતુ મારા મત પ્રમાણે ભારતનું બંધારણ સર્વોપરી છે અને લોકશાહીની ત્રણેય પાંચ તેની હેઠળ કામ કરે છે, એમ તેમણે કહ્યું હતું.

જજ સરકારની વિરુદ્ધમાં આદેશો આપીને સ્વતંત્ર રીતે કામ કરી શકે નહીં. જજે હંમેશા યાદ રાખવું જોઇએ કે તેની મહત્ત્વની ફરજ છે અને નાગરિકોના અધિકાર, બંધારણના સિદ્ધાંતો અને મૂલ્યોના તેઓ રખેવાલ છે. અમારી પાસે ફક્ત સત્તા નથી, પણ એક જવાબદારી છે, એમ ગવઇએ કહ્યું હતું. લોકો અમારા ચુકાદા વિશે શું માને છે એના આધારે આદેશ એક જજે ન આપવો જોઇએ, પણ જજે સ્વતંત્ર રીતે વિચાર કરવો જોઇએ. લોકો શું વિચાર કરશે એ અંગે અમે વિચારી શકીએ નહીં, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)■

# વરસાદને લીધે પાણી ભરાતાં સ્મશાનમાં ફસાયેલા ત્રણ જણને બચાવાયા



વર્ધાઃ મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં ભારે વરસાદને કારણે પાણી ભરાઈ ગયેલા સ્મશાનમાં ફસાયેલા ત્રણ લોકો સહિત એક વિદ્યાર્થીને ગઈ કાલે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ફાયર બ્રિગેડના કર્મચારીઓએ બચાવ્યા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. વહેલી સવારથી ભારે વરસાદને કારણે વર્ધાના દેવલી તાલુકાના દિગદોહ ગામમાં પૂર આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર રિસ્પોન્સ મેનેજમેન્ટ ઓફિસર શુભમ ઘોરપડેએ જણાવ્યું હતું કે, બપોરે લગભગ ૧૨.૩૦ વાગ્યે એક વિદ્યાર્થી અને બે અન્ય યુવાનો સ્મશાનમાં ફસાઈ ગયા હતા. ફાયર બ્રિગેડ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કર્મચારીઓની ટીમને જાણ કરવામાં આવતાં તેઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બાદમાં ત્રણ લોકોને બચાવી લીધા હતા. ■

# બૅંગકોકથી આવેલા બે પ્રવાસીના લગેજમાંથી મળ્યાં ૧૨૦ દુર્લભ પ્રાણી

મુંબઈઃ મુંબઈ એરપોર્ટ પર બે પ્રવાસીના લગેજમાંથી ઇગુઆના તેમ જ સુમાત્રન પટ્ટાવાળા સસલાં સહિત ૧૨૦ જેટલા દુર્લભ પ્રાણી મળી આવ્યાં હતાં, જેને પગલે બંને પ્રવાસીની ધરપકડ કરવામાં આવી હતી.

કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પર બુધવારે રાતે આ કાર્યવાહી કરી હતી. બંને પ્રવાસી મુંબઈના રહેવાસી હોઇ તેઓ બૅંગકોકથી ફ્લાઇટમાં બુધવારે રાતે છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવ્યા હતા.

કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ બંને પ્રવાસીને શંકાને આધારે તાબામાં લીધા હતા અને તેમના લગેજની તલાશી લેવામાં આવતાં નાના પ્લાસ્ટિક અને જ્યુટ બોક્સમાં ભરેલા બ્રાઉન બેસિલિસ્ક ગરોળી, ઇગુઆના, સુમાત્રન પટ્ટાવાળા સસલાં, કસકસ સહિત ૧૨૦ દુર્લભ પ્રાણી મળી આવ્યાં હતાં. (પીટીઆઇ)■

# કૅન્સર પીડિત નાનીને આરેના જંગલમાં તરછોડીઃ દોહિત્ર સહિત ત્રણની ધરપકડ

મુંબઈઃ ગોરેગામમાં આરે કોલોનીના જંગલમાં કચરામાં તરછોડી દેવાયેલી ૭૦ વર્ષની વૃદ્ધાના કેસમાં પોલીસે દોહિત્ર અને દિયર સહિત ત્રણની ધરપકડ કરી હતી.

આરે પોલીસે વૃદ્ધાના દોહિત્ર સાગર શેવાળે (૩૩), દિયર બાબાસાહેબ ગાયકવાડ (૭૦) અને રિક્ષા ડ્રાઈવર સંજય કુડશીમ (૨૭) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. બુધવારે ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી. જોકે જામીનપાત્ર ગુનો હોવાથી તેમને નોટિસ બજાવી છોડવામાં આવ્યા હતા. તપાસ પૂરી કરી તેમની વિરુદ્ધ આરોપનામું કોર્ટમાં દાખલ કરવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

કાંદિવલી પૂર્વના પોઈસર પરિસરમાં રહેતી યશોદા રવિવારની સવારે આરે કોલોનીના દરગાહ રોડ પરના કચરામાં પડેલી મળી આવી હતી. ચામડીના કૅન્સરથી પીડાતી યશોદાને સારવાર માટે કૂપર હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે યશોદા તેના દોહિત્ર સાગરના પરિવાર સાથે રહેતી હતી. ■

# સૂર્યકુમારે જર્મનીમાં સ્પોર્ટ્સ હર્નિયાની સર્જરી કરાવી

## ટી-૨૦ કૅપ્ટનનો મીડિયામાં ચાહકો માટે સંદેશ, ‘બહુ જલદી પાછું રમવાનું શરૂ કરી દઈશ’



નવી દિલ્હીઃ ભારતના ટી-૨૦ કૅપ્ટન સૂર્યકુમાર યાદવે જર્મનીના મ્યૂનિક શહેરમાં સ્પોર્ટ્સ હર્નિયાનું ઑપરેશન કરાવ્યું છે. તેનું આ ઑપરેશન સફળ રહ્યું છે અને પોતાની તબિયત સારી હોવાનો સંદેશ તેણે સોશિયલ મીડિયામાં ચાહકોને આપ્યો છે.

સ્પોર્ટ્સ હર્નિયા પેડુના નીચલા ભાગમાં થાય છે. પેડુમાં આ તકલીફ મોટા ભાગે ઍથ્લીટો અને સ્પોર્ટ્સ પર્સન્સને થતી હોવાથી એ સ્પોર્ટ્સ હર્નિયા તરીકે વધુ ઓળખાય છે. એમાં દર્દીને પેડુના સ્નાયુઓ અને માંસપેશીમાં અસહ્ય દુખાવો થાય છે.

સૂર્યકુમારે પેડુના જમણા ભાગમાં હર્નિયા (સારણગાંઠ)ની સર્જરી કરાવવાનો નિર્ણય મીડિયામાં વ્યક્ત કર્યો હતો. તેણે સર્જરી બાદ મીડિયાના હૅન્ડલ પરની પોસ્ટમાં લખ્યું, ‘આ સર્જરી ખૂબ જ સરસ રહી. મને કોઈ જ દુખાવો ન થયો અને હવે તો હું રિકવર પણ થવા લાગ્યો છું. ક્યારે મેદાન પર પાછો ઊતરું એની રાહ જોઈ રહ્યો છું.’

મુંબઈમાં રહેતો સૂર્યકુમાર જર્મનીમાં સર્જરી કરાવ્યા પછી સ્વદેશ પાછો આવશે ત્યારે બે અઠવાડિયા બેંગલૂરુમાં રિહૅબિલિટેશન માટે બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સમાં વીતાવશે અને જ્યાં ઑપરેશન પછીની રિકવરીની સારવાર શરૂ થશે.

મર્યાદિત ઓવર્સની ક્રિકેટમાં ભારતની હવે પછીની સિરીઝ ઑગસ્ટમાં છે જેમાં ભારતીય ટીમ બાંગ્લાદેશના પ્રવાસે જશે. ત્યાં ત્રણ વન-ડે અને ત્રણ ટી-૨૦ રમાશે. ■

# ભારતની મૅચોને હજી ચાર મહિના બાકી છે, ટિકિટો અત્યારથી જ ‘સૉલ્ડ આઉટ’

## ઑસ્ટ્રેલિયામાં અગરવાલ સમાજના અમિત ગોયલે ૮૮૦ ટિકિટ ખરીદીને વિક્રમ કર્યો, ભારત આર્મીએ મેળવી ૨,૪૦૦ ટિકિટ

મેલબર્નઃ ભારતીય ક્રિકેટરોની ઑસ્ટ્રેલિયા ખાતેની વન-ડે અને ટી-૨૦ ટૂરને હજી ચાર મહિનાનો સમય બાકી છે, પણ ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે આઠ મૅચની ૯૦,૦૦૦ ટિકિટ અત્યારથી વેચી નાખી છે અને એમાં પણ ભારતની સિડની ખાતેની વન-ડેની તેમ જ કૅનબેરા ખાતેની ટી-૨૦ મૅચની તમામ ટિકિટો અત્યારથી વેચાઈ ગઈ છે.

ભારતીય ટીમ આગામી ઑક્ટોબર-નવેમ્બરમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જશે જેમાં ત્રણ વન-ડે અને પાંચ ટી-૨૦ મૅચ રમાશે. શ્રેણીમાં સિડનીની મૅચ ત્રીજી અને કૅનબેરાની ટી-૨૦ પ્રથમ હશે. એ ટૂરમાં ભારતીયોની અંતિમ મૅચ આઠમી નવેમ્બરે બ્રિસ્બેનમાં રમાશે.

ક્રિકેટ ઑસ્ટ્રેલિયા (સીએ)એ એક નિવેદનમાં જણાવ્યું છે, ‘ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ ભારતની ઑક્ટોબર-નવેમ્બરની સિરીઝોની મૅચોમાં લોકોનો પ્રચંડ પ્રતિસાદ જોવા મળ્યો છે. ખાસ કરીને ભારતીય મૂળના ક્રિકેટપ્રેમીઓ એ મૅચો જોવા માટે ખૂબ ઉત્સાહિત છે. ૧૬ ટકાથી વધુ ટિકિટો ભારતીયોની ફૅન ક્લબોએ ખરીદી છે. સિડની-કૅનબેરા મૅચની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે, મેલબર્ન ખાતેની ટી-૨૦ અને ગૅબા ખાતેની ટી-૨૦ માટે પણ બહુ સારો પ્રતિસાદ જોવા મળ્યો છે.’

ક્રિકેટ બોર્ડના જણાવ્યા અનુસાર, ‘ઑસ્ટ્રેલિયા સામેની ટિકિટો ખરીદવામાં ભારત આર્મી સૌથી સક્રિય ફૅન ક્લબોમાંથી એક છે. આ ક્લબે ૨,૪૦૦ ટિકિટ ખરીદી છે. ફૅન્સ ઇન્ડિયાએ ૧,૪૦૦ ટિકિટ મેળવી છે. અગરવાલ સમુદાયની બ્રિસ્સી બનિયાઝ નામની ક્લબના અમિત ગોયલે ગૅબાની ટી-૨૦ માટેની ૮૮૦ ટિકિટ ખરીદી છે અને તેઓ એક મૅચની વ્યક્તિગત રીતે સૌથી વધુ ટિકિટ ખરીદનાર ક્રિકેટફૅન બન્યા છે. ભારતીય સમુદાયની જ ગોલ્ડ કોસ્ટ તથા પક્કા લૉકલ ક્લબે ગોલ્ડ કોસ્ટ અને મેલબર્નની ટી-૨૦ની ૫૦૦થી વધુ ટિકિટો ખરીદી છે.’ ■

# ટી-૨૦ની અસર, ઑસ્ટ્રેલિયા-વેસ્ટ ઇન્ડિઝ ટેસ્ટના પ્રથમ દિવસે ૧૪ વિકેટ પડી

## કાંગારુઓના ૧૮૦/૧૦ સામે કૅરિબિયનોના ૫૭/૪



જેડન સીલ્સે ૬૦ રનમાં પાંચ વિકેટ અને શમાર જોસેફે ૪૬ રનમાં ચાર વિકેટ લીધી હતી

બ્રિજટાઉનઃ ઑસ્ટ્રેલિયા અને વેસ્ટ ઇન્ડિઝના ખેલાડીઓ પર ટી-૨૦ ફૉર્મેટની એટલી બધી અસર થઈ છે કે તેમણે સિરીઝની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે (બુધવારે) ૧૪ વિકેટ ગુમાવી દીધી હતી. બાર્બેડોઝમાં બ્રિજટાઉનનું આ એ જ ગ્રાઉન્ડ છે જ્યાં ૧૨ મહિના પહેલાં (જૂન ૨૦૨૪માં) ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલ રમાઈ હતી જે ભારતે જીતી લીધી હતી. તાજેતરમાં લૉર્ડ્સમાં સાઉથ આફ્રિકા સામેની વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલના પ્રથમ દિવસે પણ પહેલા દિવસે ૧૪ વિકેટ પડી હતી.

ફરી ટેસ્ટની વાત પર આવીએ તો ડબ્લ્યૂટીસીના રનર-અપ ઑસ્ટ્રેલિયાએ ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી અને એનો દાવ ટ્રૅવિસ હેડના ૫૯ રન અને ઉસ્માન ખ્વાજાના ૪૭ રન છતાં ૧૮૦ રનમાં સમેટાઈ ગયો હતો અને રમતના અંત સુધીમાં કૅરિબિયન ટીમે ૫૭ રનમાં ચાર વિકેટ ગુમાવી હતી. વેસ્ટ ઇન્ડિઝનો ચોથા નંબરનો બૅટ્સમૅન બ્રેન્ડન કિંગ ૨૩ રને રમી રહ્યો હતો. ફીલ્ડિંગમાં તેણે ત્રણ કૅચ છોડ્યા હતા.

ઑસ્ટ્રેલિયાની ઇનિંગ્સમાં કૅરિબિયન પેસ બોલર જેડન સીલ્સે ૬૦ રનમાં પાંચ વિકેટ અને શમાર જોસેફે ૪૬ રનમાં ચાર વિકેટ લીધી હતી. શમારે નવ ટેસ્ટમાં કુલ ૩૪ વિકેટ લીધી છે જેમાંથી ૧૭ વિકેટ ઑસ્ટ્રેલિયનોની છે.

ઑસ્ટ્રેલિયાના ૫૭ ઓવરમાં બનેલા ૧૮૦ રન વેસ્ટ ઇન્ડિઝમાં પ્રથમ બૅટિંગ લીધા પછીનો એનો આ સૌથી નીચો સ્કોર છે. માર્નસ લબુશેનના સ્થાને સૅમ કૉન્સ્ટૅસનો ટીમમાં સમાવવામાં આવ્યો હતો, પણ તે ફક્ત ત્રણ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. તાજેતરની આઇપીએલમાં પંજાબને રનર-અપ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપનાર જૉશ ઇંગ્લિસ માત્ર પાંચ રનમાં વિકેટ ગુમાવી બેઠો હતો. ખુદ કૅપ્ટન અને આઇપીએલની સનરાઇઝર્સ હૈદરાબાદ ટીમનો પૅટ કમિન્સ પણ ૨૮ રન બનાવીને આઉટ થયો હતો.

કાંગારૂઓ ઑલઆઉટ થયા બાદ રૉસ્ટન ચેઝના સુકાનમાં વેસ્ટ ઇન્ડિઝે ૫૭ રનમાં જે ચાર વિકેટ ગુમાવી એમાંથી બે વિકેટ મિચલ સ્ટાર્કે અને એક-એક વિકેટ કમિન્સ અને જૉશ હૅઝલવૂડે લીધી હતી.

પહેલા જ દિવસે ૧૪ વિકેટ પડી જતાં આ મૅચ રોમાંચક વળાંકો સાથે ત્રણથી ચાર દિવસમાં પૂરી થઈ જશે તો નવાઈ નહીં લાગે. ■

# શિખર ધવન બની ગયો લેખક, ક્રિકેટ ઉપરાંત દોસ્તી અને રિલેશનશિપ વિશે ઘણું લખ્યું છે

## આ આક્રમક ઓપનર ધોનીને બૉલિવૂડના હીરો તરીકે જોવા માગતો હતો!



નવી દિલ્હીઃ ધમાકેદાર ઓપનિંગ બૅટિંગ માટે જાણીતા ભૂતપૂર્વ ક્રિકેટર શિખર ધવને પુસ્તક લખ્યું છે જેમાં તેણે ક્રિકેટની શાનદાર કારકિર્દીમાં થયેલા અનુભવ ઉપરાંત પોતાની રિલેશનશિપ્સથી માંડીને દોસ્તી સુધીની રજેરજ માહિતી વણી લીધી છે તેમ જ મેદાન પર તથા મેદાનની બહાર પોતાને સ્પર્શેલા વિવાદોનો પણ ઉલ્લેખ કર્યો છે.

‘ધ વનઃ ક્રિકેટ, માય લાઇફ ઍન્ડ મોર’ ટાઇટલવાળા આ પુસ્તકમાં શિખરે પોતાની ઝીણી ઝીણી જાણકારી તેમ જ નિરીક્ષણો શૅર કર્યા છે તેમ જ અનુભવોની વિગતો આપવા ઉપરાંત હૃદયના ઊંડા ભાવ પણ વ્યક્ત કર્યા છે. તેણે પોતાની આ બુક વિશે કહ્યું છે, ‘ક્રિકેટે મને એક ઉદ્દેશ આપ્યો. જોકે એમાં મારી સફરમાં હું ખૂબ ઊંચે ગયો અને નીચે પણ પડ્યો. જે કંઈ હોય, હું આજે જે કંઈ છું એ કરીઅર દરમ્યાનની યાદગાર ક્ષણોને લીધે જ છું. એ ક્રિકેટ સફર મેં પ્રામાણિકપણે અને કંઈ પણ છુપાવ્યા વિના હૃદયના ઊંડા ભાવ સાથે વ્યક્ત કરી છે.’

દિલ્હી ક્રિકેટમાં તીવ્ર હરીફાઈ વચ્ચે કાબેલ ક્રિકેટર બનનાર શિખર શરૂઆતમાં તો વિકેટકીપર હતો, પરંતુ પછીથી ઓપનિંગ બૅટ્સમૅન બન્યો હતો. ૨૦૧૦થી ૨૦૨૨ સુધીની કરીઅરમાં તેણે ભારત વતી ૩૪ ટેસ્ટમાં ૨,૩૧૫ રન, ૧૬૭ વન-ડેમાં ૬,૭૯૩ રન અને ૬૮ ટી-૨૦માં ૧,૭૫૯ રન કર્યા હતા.

શિખરને ૨૦૧૦ની સાલમાં (ઑસ્ટ્રેલિયાની ટીમ ભારત-પ્રવાસે આવી હતી ત્યારે) પહેલી વાર ભારતીય ડ્રેસિંગ-રૂમમાં પ્રવેશ મળ્યો હતો.

તેણે આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ થઈ એ પહેલાંની વાત કરતા લખ્યું છે, ‘મેં પહેલી વાર મહેન્દ્રસિંહ ધોનીને જોયો હતો ત્યારે તેના લુકથી ખૂબ પ્રભાવિત થઈ ગયો હતો. હું તો તેને બૉલિવૂડની ફિલ્મમાં હીરો તરીકે જોવા માગતો હતો. તે ફિલ્મ સ્ટાર જેવો જ દેખાતો હતો. લાંબા વાળ અને મોહક સ્મિત. મને તેનામાં બૉલિવૂડના હીરો જેવી ઝલક દેખાતી હતી.’

શિખરે એ સમયે ધોની સાથે પહેલી વાર થયેલી મુલાકાતની વાત કરતા લખ્યું છે, ‘હું તેને મળ્યો ત્યારે ક્રિકેટમાં કરીઅર બનાવવાની મારી જે ઇચ્છા હતી એ તેની સમક્ષ વ્યક્ત કરી હતી. મેં તેને કહ્યું કે મારે ભારત વતી રમવું છે અને હું તને બૉલિવૂડના હીરો તરીકે જોવા માગું છું. તેણે મારી વાત સાંભળીને ચોંકી ગયો હતો અને પછી ખૂબ હસ્યો હતો.’

શિખર ૨૦૧૦માં કારકિર્દીની પહેલી વન-ડેમાં (ઑસ્ટ્રેલિયા સામે) ઝીરોમાં આઉટ થયો હતો, જ્યારે ૨૦૧૧માં પહેલી ટી-૨૦માં (વેસ્ટ ઇન્ડિઝ સામે) ફક્ત પાંચ રન કરી શક્યો હતો. જોકે ૨૦૧૩માં સૌથી પહેલી ટેસ્ટમાં (ઑસ્ટ્રેલિયા સામે) પ્રથમ ઇનિંગ્સમાં ૧૮૭ રન કરીને ક્રિકેટ જગતમાં છવાઈ ગયો હતો.

શિખરે ૨૦૦૮માં ઑસ્ટ્રેલિયામાં રહેતી આયેશા મુખરજી નામની કિકબૉક્સર સાથે સગાઈ કરી હતી અને ૨૦૧૨માં તેની સાથે લગ્ન કર્યાં હતાં. શિખર-આયેશા વચ્ચેની મુલાકાત હરભજન સિંહે કરાવી હતી. શિખરથી આયેશા ૧૨ વર્ષ મોટી હતી અને તેને બે પુત્રી હતી. ૨૦૧૪માં આયેશાએ શિખરથી થયેલા પુત્રને જન્મ આપ્યો હતો જેનું નામ ઝોરાવર છે. ૨૦૨૧માં શિખર-આયેશાએ છૂટાછેડા લીધા હતા. શિખરની હાલમાં આઇરિશ પ્રૉફેશનલ સૉફી શાઇન સાથે રિલેશનશિપ છે. ■

# હર્ષિત રાણાને ભારતીય ટીમમાંથી છૂટો કરાયો, બર્મિંગહૅમ નથી લઈ ગયા

બર્મિંગહૅમઃ ૨૩ વર્ષના ફાસ્ટ બોલર હર્ષિત રાણાને લીડ્સની પ્રથમ ટેસ્ટ માટેના ૧૮ ખેલાડીઓના સ્ક્વૉડમાં ૧૯મા ખેલાડી તરીકે સમાવવામાં આવ્યો હતો, પણ હવે તેને ટીમમાંથી છૂટો કરી દેવામાં આવ્યો છે. ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટ બુધવાર, બીજી જુલાઈથી બર્મિંગહૅમમાં રમાશે અને હર્ષિતને ટીમ સાથે બર્મિંગહૅમ નથી લઈ જવામાં આવ્યો. તેને નજીવી ઈજા હોવાનું મનાય છે.

હર્ષિત ઑસ્ટ્રેલિયામાં બે ટેસ્ટ રમ્યો હતો જેમાં તેનો પર્ફોર્મન્સ સાધારણ હતો. ઇંગ્લૅન્ડમાં તે ઇન્ડિયા ‘એ’ ટીમમાં હતો, પણ એમાં પણ તે ઇંગ્લૅન્ડ લાયન્સ સામેની બિનસત્તાવાર ટેસ્ટમાં સારું પર્ફોર્મ નહોતો કરી શક્યો, કારણકે તેને ૨૭ ઓવરમાં ૯૯ રનના ખર્ચે માત્ર એક વિકેટ મળી હતી.

બીસીસીઆઇના એક સૂત્રએ નામ જાહેર ન કરવાની શરતે પીટીઆઇને જણાવ્યું હતું કે ‘હર્ષિત રાણાને સ્ક્વૉડમાંથી છૂટો કરી દેવાયો છે. બીજી જુલાઈએ બર્મિંગહૅમમાં બીજી ટેસ્ટ શરૂ થશે, પરંતુ તેને ટીમ સાથે ત્યાં નથી લઈ જવાયો.’

પર્થમાં ઑફ-કટરથી ટ્રૅવિસ હેડના ડિફેન્સિવ અભિગમને ભેદીને તેને આઉટ કરવા બદલ જાણીતો હર્ષિત હજી રેડ બૉલની ક્રિકેટ (ટેસ્ટ-ક્રિકેટ) રમવા હજી પૂરેપૂરો ઘડાયો નથી એવું નિષ્ણાતોને થોડા સમયથી જોવા મળ્યું છે.

હેડ-કોચ ગૌતમ ગંભીરે ભારતની પ્રથમ ટેસ્ટની હાર પછી કહ્યું હતું કે ‘હર્ષિત રાણા વિશે હું ચીફ સિલેક્ટર સાથે ચર્ચા કરી લઈશ. તેને નજીવી ઈજાને કારણે બર્મિંગહૅમ નથી લઈ જવાયો. બાકી બધુ ઠીક છે. હું આગરકર સાથે ચર્ચા કરીને પછી નિર્ણય લઈશ.’ ■

# બુમરાહ બીજી ટેસ્ટમાં કદાચ ન પણ રમેઃ સાઇ સુદર્શનને વળી શું થયું?

લંડનઃ ભારતીય ટીમ લીડ્સમાં ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીના બૅનર હેઠળની ટેસ્ટ સિરીઝની પ્રથમ મૅચમાં યજમાન ઇંગ્લૅન્ડની તમામ ૨૦ વિકેટ ન લઈ શકી અને હારી બેઠી ત્યાં હવે સાત દિવસના લાંબા બ્રેક બાદ બીજી જુલાઈએ બર્મિંગહૅમમાં શરૂ થનારી બીજી ટેસ્ટ પહેલાં જ ભારતે ‘બે વિકેટ’ ગુમાવી દીધી હોવાનું મનાય છે. વાત એવી છે કે વર્કલૉડ મૅનેજમેન્ટ હેઠળ જસપ્રીત બુમરાહ આ બીજી ટેસ્ટમાં કદાચ ન પણ રમે. બીજું, ૨૦મી જૂને ટેસ્ટમાં ડેબ્યૂ કરનાર વનડાઉન બૅટ્સમૅન સાઇ સુદર્શનને ઈજા છે જેને કારણે કદાચ તે પણ બીજી ટેસ્ટમાં નહીં રમે.

લીડ્સ ટેસ્ટના પ્રથમ દાવમાં બુમરાહની બોલિંગમાં ચાર કૅચ છૂટ્યા હતા છતાં તે પાંચ વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. તેના સિવાય ભારતનો બીજો કોઈ પણ બોલર ધારણા જેટલો અસરદાર નહોતો અને બીજી ઇનિંગ્સમાં બુમરાહ ૫૭ રનમાં એક પણ વિકેટ નહોતો લઈ શક્યો. જોકે હવે ટીમ ઇન્ડિયાની નજર બીજી ટેસ્ટ પર છે જે છેક બુધવારે શરૂ થવાની હોવા છતાં એની ઇલેવન તૈયાર કરવાની બાબતમાં ટીમ મૅનેજમેન્ટ થોડું ચિંતામાં છે.

હેડ-કોચ ગૌતમ ગંભીરે બુમરાહ વિશે જે અપડેટ બુધવારે આપ્યું એ અત્યારે ખૂબ ચર્ચામાં છે. ગંભીરના સુકાનમાં ભારતીય ટીમ તાજેતરમાં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી, પણ (ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા બાદ હવે) સતત ત્રીજી ટેસ્ટ-શ્રેણીમાં ટીમ ઇન્ડિયા સારું પર્ફોર્મ નથી કરી રહી.

ટેસ્ટનો વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ ઇંગ્લૅન્ડના પ્રવાસમાં ભારતનો મુખ્ય બોલર છે, પરંતુ તેના વર્કલૉડ મૅનેજમેન્ટને કારણે તે આ સિરીઝમાં બધી પાંચ ટેસ્ટ નથી રમવાનો જે તેણે સિરીઝની પહેલાં જ બીસીસીઆઇને અને સિલેક્ટરોને કહી દીધું હતું.

ખુદ ગૌતમ ગંભીરે પત્રકાર પરિષદમાં પુષ્ટિ આપતા જણાવ્યું હતું કે ‘મને લાગે છે કે બુમરાહના વર્કલૉડને મૅનેજ કરવું અમારા માટે મહત્ત્વપૂર્ણ બાબત છે. શ્રેણીમાં આગળ મારે હજી ઘણું રમવાનું બાકી છે અને અમે જાણીએ છીએ કે બુમરાહ કેટલો બધો જરૂરી છે. આ ટૂર પર આવતાં પહેલાં જ નક્કી થઈ ગયું હતું કે બુમરાહ બધી પાંચ ટેસ્ટ નહીં રમે અને ત્રણ જ ટેસ્ટ રમશે. તેના ફિટનેસની વાત કરીએ તો જોઈએ હવે તેનું શરીર તેને કેટલો સાથ આપે છે. જોકે અમે હજી એ નક્કી નથી કર્યું કે તે બાકીની કઈ બે અન્ય ટેસ્ટ રમશે. એવું લાગે છે કે તે બીજી ટેસ્ટમાં નહીં રમે.’ ■

# ભારતીય બૅટ્સમેનોને પડકાર, ઇંગ્લૅન્ડે ચાર વર્ષે જોફ્રા આર્ચરને ટીમમાં સમાવ્યો

બર્મિંગહૅમઃ ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીના બૅનર હેઠળ રમાતી પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણીમાં એક તરફ ભારતની પેસ બોલિંગ લીડ્સની પહેલી જ ટેસ્ટમાં ઉઘાડી પડી ગઈ ત્યાં વિજેતા બ્રિટિશ ટીમે હવે ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરનો ઉમેરો કરીને બીજી ટેસ્ટ માટેની ટીમ વધુ મજબૂત બનાવી છે.

લીડ્સના હેડિંગ્લી ગ્રાઉન્ડ પર મંગળવારે ભારતનો પ્રથમ ટેસ્ટમાં પાંચ વિકેટે પરાજય થયો હતો. હવે બીજી ટેસ્ટ બુધવાર, બીજી જુલાઈથી એજબૅસ્ટનમાં રમાશે.

જોકે ૧૩ ટેસ્ટ રમેલા આર્ચરે છેલ્લા થોડા વર્ષો દરમ્યાન કોણીની ઈજાને લીધે ઘણી મૅચો ગુમાવી છે. તે છેલ્લે ચાર વર્ષ પહેલાં ટેસ્ટ રમ્યો હતો. ભારત સામેની એ ટેસ્ટ અમદાવાદમાં રમાઈ હતી.

લીડ્સની પ્રથમ ટેસ્ટમાં ભારતીય ટીમમાં બન્ને દાવ મળીને કુલ પાંચ સેન્ચુરી થઈ હોવા છતાં ભારતે છેવટે પરાજય જોવો પડ્યો જે ૧૪૮ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં પહેલી વાર બન્યું છે. ભારતે બન્ને ઇનિંગ્સમાં કુલ ૮૩૫ રન બનાવ્યા એમ છતાં ભારત હાર્યું અને ઇંગ્લૅન્ડે જીતીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી છે.

**ઇંગ્લૅન્ડની ૧૫ પ્લેયરની સ્ક્વૉડઃ**

બેન સ્ટૉક્સ (કૅપ્ટન), ઑલી પૉપ (વાઇસ-કૅપ્ટન), જૅમી સ્મિથ (વિકેટકીપર), બેન ડકેટ, ઝૅક ક્રૉવ્લી, હૅરી બ્રૂક, જો રૂટ, સૅમ કૂક, જોફ્રા આર્ચર, જેકબ બેથેલ, શોએબ બશીર, બ્રાયડન કાર્સ, જૅમી ઓવર્ટન, જૉશ ટન્ગ અને વૉક્સ. ■

# ટ્રક ડ્રાઇવરના દીકરાનો આઇપીએલના ખેલાડીઓને શરમાવે એવો પર્ફોર્મન્સ



હરવંશ પંગલિયા

લંડનઃ ઇંગ્લૅન્ડમાં એક તરફ શુભમન ગિલની સાધારણ કૅપ્ટન્સીમાં ભારતીય ટીમે ઇંગ્લૅન્ડ સામેની પહેલી જ ટેસ્ટમાં પરાજય જોયો ત્યાં બીજી તરફ ઇંગ્લૅન્ડમાં જ ભારતના અન્ડર-૧૯ ટીમના ખેલાડીઓ ધમાલ મચાવી રહ્યા છે જેમાં ખાસ કરીને ટ્રક ડ્રાઇવરના પુત્ર અને મૂળ ગુજરાતના હરવંશ સિંહ પંગલિયા (૧૦૩ અણનમ, બાવન બૉલ, નવ સિક્સર, આઠ ફોર) સુપરસ્ટાર હતો.

ભારતે આ આમંત્રણિય વન-ડેમાં નિર્ધારિત ૬૦ ઓવરમાં ૪૪૨ રન કર્યા હતા. આઇપીએલના ખેલાડીઓ આયુષ મ્હાત્રે એક રન બનાવીને અને ૧૭ વર્ષનો વૈભવ સૂર્યવંશી ૧૭ રન બનાવીને પૅવિલિયનમાં પાછો ફર્યો હતો.

જોકે ડોમેસ્ટિક ક્રિકેટમાં સૌરાષ્ટ્ર અન્ડર-૧૯ ટીમ વતી રમી ચૂકેલા ૧૮ વર્ષીય હરવંશે ઇંગ્લૅન્ડ યંગ લાયન્સ ટીમના બોલર્સની ખબર લઈ નાખી હતી.

તેના ઉપરાંત રાહુલ કુમારે ૭૩ રન, કનિષ્ક ચૌહાણે ૭૯ રન અને આરએસ અંબરીશે ૭૨ રન કર્યા હતા.

ઇંગ્લૅન્ડ યંગ લાયન્સ ટીમ ૨૧૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ભારતની અન્ડર-૧૯ ટીમનો ૨૩૧ રનથી વિજય થયો હતો.

ભારતીય અન્ડર-૧૯ ટીમ વતી નમન પુષ્પક તથા વિહાન મલ્હોત્રાએ બે-બે વિકેટ લીધી હતી.

ભારતીય મૂળનો ખેલાડી અને ગુજરાતનો હરવંશ કૅનેડામાં રહે છે. કૅનેડાના બ્રેમ્પ્ટનમાં હરવંશના પિતા ટ્રક ડ્રાઇવર છે. ■

# આઇસીસીએ અપનાવ્યા નવા નિયમોઃ અમ્પાયરોને વધુ સત્તા, ટેસ્ટમાં પણ સ્ટૉપ ક્લૉકનું ટિક...ટિક...ટિક...



દુબઈઃ ક્રિકેટના કાયદા ઘડતી ઇંગ્લૅન્ડની મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી) દ્વારા તૈયાર કરવામાં આવેલા તેમ જ ફેરફાર કરવામાં આવેલા કેટલાક મહત્ત્વના નિયમોને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ અપનાવ્યા છે જેમાં ખાસ કરીને લાળ સંબંધિત નિયમ પણ સામેલ છે. બૉલ પર ખેલાડીની લાળ લાગી હોય તો એ બૉલ બદલી નાખવો એવું અમ્પાયર માટે હવે ફરજિયાત નથી. બૉલ બદલવો કે નહીં એ અમ્પાયરો નક્કી કરશે. સ્ટૉપ-ક્લૉકનો નિયમ વન-ડે ક્રિકેટ બાદ હવે ટેસ્ટ-ક્રિકેટમાં પણ લાગુ કરવામાં આવી રહ્યો છે.

ઇન્ટરનૅશનલ મૅચમાં બૉલ પર લાળ લગાડવાની મનાઈ છે. બનતું એવું કે કેટલાક બોલર નવા બૉલની જરૂર પડતી ત્યારે બૉલ પર તેઓ વારંવાર લાળ લગાડતા હતા કે જેથી બૉલ ખરાબ થઈ જતો અને અમ્પાયર પાસે તેઓ નવા બૉલની માગણી કરતા હતા કે જેથી કરીને બોલિંગમાં તેમને ફાયદો થાય. જોકે હવે આઇસીસીએ નિયમ બનાવ્યો છે કે બૉલ પર જો લાળ લાગી જ હોય તો બૉલ બદલી જ નાખવો એ હવે અમ્પાયરો માટે ફરજિયાત નથી. બૉલ ત્યારે જ બદલવામાં આવશે જ્યારે બૉલ પૂરેપૂરો ભીનો થઈ ગયો હોય કે ખરાબ થઈ ગયો હોય. ટૂંકમાં, બૉલ બદલવાની પૂરેપૂરી સત્તા અમ્પાયરને અપાઈ છે.

આઇસીસીએ વન-ડે બાદ હવે ટેસ્ટ-ક્રિકેટમાં પણ સ્ટૉપ ક્લૉકનો નિયમ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. એમાં ફીલ્ડિંગ કરનારી ટીમે પાછલી ઓવર પૂરી થયા બાદ એક મિનિટની (૬૦ સેકન્ડની) અંદર નવી ઓવર શરૂ કરવા માટે તૈયાર રહેવું પડશે. જો એવું નહીં થાય તો ફીલ્ડિંગ કરનારી ટીમને અમ્પાયર બે ચેતવણી આપશે. જો બે ચેતવણી પછી પણ ફીલ્ડિંગ કરનારી ટીમ કસૂર કરવાનું ચાલુ રાખશે તો એને પાંચ રનની પેનલ્ટી કરાશે. ૮૦ ઓવર બાદ અમ્પાયરે જે પણ ચેતવણી આપી હશે એ શૂન્ય થઈ જશે. ટેસ્ટના વર્લ્ડ કપમાં (વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં)ની નવી સીઝનમાં આ નિયમનો ઉપયોગ થઈ રહ્યો છે.

જો કોઈ બૅટ્સમૅનને વિકેટકીપરના હાથમાં કૅચઆઉટ થયેલો જાહેર કરવામાં આવે અને બૅટ્સમૅન ડીઆરએસ (ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ) હેઠળ અપીલ કરે જેમાં બૉલ તેના બૅટને અડીને ન ગયો હોય, પણ માત્ર પૅડને અડીને પાછળની દિશામાં ગયો હોય એવું અલ્ટ્રાએજમાં જોવા મળશે તો એ બૅટ્સમૅન કૅચની અપીલમાં નૉટઆઉટ ગણાશે. જોકે નવા નિયમ મુજબ બૉલ-ટ્રૅકિંગ ગ્રાફિકમાં અમ્પાયરના મૂળ નિર્ણયમાં ‘આઉટ’ જણાવાયું હશે તો એ નિર્ણયને કૅચઆઉટ ઉપરાંત એલબીડબ્લ્યૂ માટેની રિવ્યૂ તરીકે પણ ગણવામાં આવશે અને જો બૉલ-ટ્રૅકિંગમાં બૉલ બૅટ્સમૅનના પૅડને અડક્યો હોય અને તે સ્ટમ્પ્સની લાઇનમાં હશે તેને લેગ બિફોર વિકેટ આઉટ આપવામાં આવશે.

શૉર્ટ રનની બાબતમાં પણ નિયમ બદલાયો છે. જો કોઈ બૅટ્સમૅન રન દોડી રહ્યો હોય અને વધુ એક રન લઈ શકાય એ હેતુથી પાછલા રન વખતે તે ક્રીઝમાં ન પહોંચ્યો હોય અને બીજો રન લેવા દોડ્યો હોય તો એ સ્થિતિમાં નવા બૉલનો સામનો કયા બૅટ્સમૅને કરવો એ ફીલ્ડિંગ કરતી ટીમના કૅપ્ટન પર છોડવામાં આવશે. એ ઉપરાંત, બૅટિંગ કરતી ટીમને પાંચ રનની પેનલ્ટી પણ કરાશે.

બીજી જુલાઈથી વન-ડેમાં ૩૫મી ઓવરથી થનારી રમતમાં એક જ બૉલ વપરાશે. બીજી રીતે કહીએ તો બે નવા બૉલને બદલે એક જ બૉલથી રમવાનું ફરજિયાત રહેશે. આને લીધે બોલરને વધુ સારા રિવર્સ-સ્વિંગ મળશે તેમ જ ઇનિંગ્સમાં પછીથી સ્પિનર્સને પણ ફાયદો થશે. ■

# મૅટિની

## સ્ટાર-ચાર-કલાકાર

સંજય છેલ

# યુદ્ધ ને કલા

# ‘ગોડ ઇઝ ગિલ્ટી’ કહેનારો વિદ્રોહી નાટ્યકાર!

### એકવાર માનવપ્રેમે અને બીજીવાર શબ્દપ્રેમે આ નાટ્ય લેખકને કેદમાંથી ભાગી જતો અટકાવ્યો!

તાનાશાહ હિટલરના જમાનામાં જંગના માહોલમાં એક જર્મન લેખકે કહેલું, ‘ઓરડાની ભીંત પર સૂર્યપ્રકાશનાં બે અંડાકાર પ્રતિબિંબ પડતાં હતાં અને એને તાકતાં અચાનક મને વિચાર આવ્યો કે યુદ્ધમાં જો માણસ નપુંસક થઈ ગયો હોય એને દુનિયા કેવી દેખાય? ખાલી ઇંડા જેવી! આપણે તંદુરસ્ત અને નોર્મલ આંખે ઘણુંબધું બરાબર જોઈ નથી શકતા. એ માટે ઝિંદગીને મોતનાં ચશ્મા લગાડી જોવી પડે છે.’

આ શબ્દો અર્નસ્ટ ટૉલર નામના જર્મન કવિ-નાટ્યકાર, ક્રાંતિકારી વિચારકના છે.

આજકાલ આપણાં દેશમાં અને હવે તો આખા જગતમાં મહાયુદ્ધનાં ભણકારાનો માહોલ છે. યુદ્ધની ભયાનકતા સામે એ પણ સત્ય છે કે જો મહાભારતનું યુદ્ધ ના થયું હોત તો આપણને ભગવદ્ ગીતા જેવો મહાગ્રંથ ના મળ્યો હોત, ટોલ્સ્ટોયની ‘વોર એંડ પીસ’ જેવી અદ્ભુત નવલકથા ના મળી હોત. ‘પ્લેટૂન’ કે ‘શિંડલર્સ લિસ્ટ’ જેવી હોલિવૂડની અદ્ભુત ફિલ્મ્સ ના મળી હોત કે અર્નસ્ટ ટૉલર જેવો નાટ્યકાર ના થયો હોત....

૨૨ મે ૧૯૨૯ના રોજ આત્મહત્યા કરનાર અર્નસ્ટ ટૉલર, જન્મે યહૂદી, કર્મે કવિ ને નાટ્યકાર... નવમા વર્ષે કવિતાઓ લખવાની શરૂ કરી, બાપનું કેન્સરમાં મૃત્યુ થયું પછી ટૉલરે લશ્કરમાં દાખલ થવું પડ્યું. યુદ્ધમાં તોપખાનાની કામગીરી અને ઘાતકી અનુભવો જોઈને, જૂઠ્ઠી ને ઘાતકી દેશભક્તિથી એને નફરત થઈ ગઈ. આજન્મ યુદ્ધને, જૂઠા રાષ્ટ્રવાદને એ ધિક્કારતો રહ્યો. હજારોની મેદનીને સંબોધીને જર્મન સરકાર અને યુદ્ધ વિરુદ્ધ બોલવા બદલ વાંરવાર એણે જેલમાં જવું પડ્યું. મંચ પર પથ્થરો ખાધા અને હદ તો ત્યારે થઇ ગઇ કે જયારે ટૉલરની સગી માએ સરકારને કહ્યું કે ‘મારો દીકરો પાગલ છે, એની માનસિક તપાસ કરાવો!’



અર્નસ્ટ ટૉલર

એ પછી માત્ર ચાર જ દિવસ પાગલખાનામાં ગુજારીને જગતને જોવાની ટૉલરની દૃષ્ટિ જ બદલાઈ ગઈ. યુદ્ધે ટૉલરની અનુભૂતિઓને હચમચાવી નાખી હતી અને એટલે જ એ ક્રૂર હિટલર વિરુદ્ધ સતત જાહેરમાં ભાષણો આપતો. અર્નસ્ટ ટૉલરે ‘મેન એન્ડ માસીઝ’ નાટક જ્યારે ૧૯૨૧માં બર્લિન ખાતે રજૂ કર્યું ત્યારે વિચિત્ર ચહેરાઓ વાળું વિશાળ ભયાનક ટોળું ધીમે ધીમે ચાલીને હાથકડીથી બંધાયેલા એક માણસ તરફ નજીક આવે છે..એ માણસ ટોળાને પૂછે છે:


‘તમે કોણ છો? ઓ ચહેરા વિનાનાં આકારો? કોણ છો?’

ટોળું કહે છેઃ જનતા... જનતા... અમે જનતા છીએં!

ગુજરાતી ભાષાનાં ‘સુંદરમ’ જેવા મહાકવિ-સાહિત્યકારે ટૉલરનાં નાટકોનાં ‘કાયાપલટ’, ‘જન અને જનતા’, ‘હિન્કમાન’ અને ‘હોપ્લા, ‘ઐસી હૈ જિન્દગી!’ જેવાં અદ્ભુત અનુવાદો આપ્યા છે..

જોકે, એ વિશે કેટલાંને ખબર છે? આપણને તો માત્ર ધોતિયા ફાડીને રૂમાલ બનાવતી કોમેડીઓમાં રસ પડે છેને? ટૉલરનાં નાટકોને જર્મનીના એ.સી. હોલમાં નહીં પણ મજૂરોએ ખુલ્લા મેદાનોમાં ભજવ્યાં હતાં. નાઝીઓએ લગાવેલી આગમાંથી પોતાનાં નાટકોની કોપીઓને બચાવતો બચાવતો એ સતત લખ્યા જ કરતો અને બિન્દાસ સભાઓમાં વિદ્રોહ કરતો. ટૉલરની આત્મકથા : ‘આઈ વોઝ જર્મન’નો એક કિસ્સો તો એને વ્યક્તિ તરીકે પણ ઊંચાઈ પર મૂકી દે છે.

એકવાર એણે જેલમાંથી ભાગી જવાનો પ્લાન કર્યો હતો, પણ આખા પ્લાનમાં જેલના વોર્ડનનું ખૂન થવાની શક્યતા હોવાની ખબર પડી ત્યારે છેલ્લી ઘડીએ એણે ભાગી જવાનું માંડી વાળ્યું ને બદલામાં એણે પાંચ વર્ષ જેલમાં રિબાઈને કાઢ્યા! પછી થોડા દિવસ પછી પેલો વોર્ડન સાથે ટૉલર અને એનો કેદી મિત્ર પાસેના શહેરમાં દવાખાને જઈ રહ્યા હતા. સાંકડી, નિર્જન ગલીમાં વોર્ડનને ધક્કો મારીને ભાગીને ઓસ્ટ્રિયા પહોંચી શક્યા હોત.પણ આ દરમિયાન ટૉલરે ‘હિન્કમાન’ નાટક લખવાનું શરૂ કર્યું હતું. જોકે, એનો મિત્ર થોભી શકે એમ નહોતો. ટૉલરનું નાટક છેલ્લાં દૃશ્ય સુધી પહોંચ્યું હતું. મિત્રએ એને એક દિવસની મોહલત આપી.




બીજે દિવસે ભાગવાનું હતું. ટૉલરે આખી રાત વિચાર્યું કે નાસી જવું કે નાટક પૂરું કરવું? એણે ભાગવાને બદલે નાટક લખવાનું પસંદ કર્યું! ટૉલરનો મિત્ર નાસી છૂટ્યો. આમ, એકવાર માનવપ્રેમે અને બીજીવાર શબ્દપ્રેમે ટૉલરને કેદમાંથી ભાગી જતો અટકાવ્યો!

આપણા સાહિત્યકારોની જેમ એ હિંચકે બેસીને મોર કે કોયલને સાંભળતાં સાંભળતાં ઠાલી ફિલોસોફીઓ નહોતો હાંકતો, ટૉલરનાં વિચાર-વાણી-વર્તનમાં કોઈ જ ફરક નહોતો. એના ‘હિન્કમાન’ નાટકમાં એક હેન્ડસમ સૈનિકનું ગુપ્તાંગ છેદાઈ જતાં એ કેવી અસહાય હાલતમાં, જીવનની વંધ્યતામાં ગરક થઈ જાય છે એની વાત ટોલરે કરી હતી. સરકસમાં એ નપુંસક હીરો ‘જીવતા ઉંદરને ખાઈ જવાનો’ મર્દાના ખેલ કરી બતાવે છે... ઓડિયન્સમાં યુવાન છોકરીઓ એના પડછંદ કાયાને જોઈ સિસકારાં બોલાવે છે, તાળીઓ પાડે છે અને આ બાજુ એ સૈનિકની પત્ની કોઈ બીજા જ પુરુષની સાથે એ જ ખેલ જોવા આવી હોય છે. એની પત્ની સાથેનો પુરુષ કહે છે :

‘સાલ્લું, આવું તૂત તેં ક્યારેય જોયું છે? જીવતા ઉંદર ખાનારો વીર નર! અરે, એ તો હિજડો કહેવાય તેવો છે!’ ત્યારે હિન્કમાન કહે છે, ‘દુનિયાનો આત્મા નાશ પામ્યો છે, જેમ મારી ઇન્દ્રિય નાશ પામી છે!’

એકવાર એનાં એક શોમાં હુલ્લડ થયું. હિટલરના ભાડૂતી માણસોએ એના વિરોધમાં ખૂબ બૂમાબૂમ કરી, આ ધમાલમાં ઓડિયન્સમાં બેઠેલો એક માણસ હાર્ટએટેકથી મરી ગયો પણ કોઈનું એ મરતા માણસ પર ધ્યાન જ ના ગયું. સૌ આવેશથી દેશપ્રેમનાં ગીતો લલકારવામાં મસ્ત હતાં. પછી એક માણસે લાશ પાસે નીચે ઝૂકીને મરનારનું નાક તપાસ્યું અને બોલ્યોઃ ‘છીઇઇઇ! આ તો યહૂદી છે, ગંદો સાલો!’

ટૉલરે આ સામૂહિક હિંસા અને નફરતી ઝેર સામે ખૂલ્લેઆમ લખ્યું હતું. ટૉલરે ઘણાંય ખેલ ખેલેલા. ફ્રાંસ, જર્મની, ઇંગ્લેન્ડ, અમેરિકા વચ્ચે એ ફંગોળાતો રહ્યો. હોલિવૂડમાં ફિલ્મ માટે વાર્તાઓ લખી પણ વેચાઈ નહીં, પછી સ્પેન જઈ આંતરવિગ્રહમાં મજૂરીનું કામ કર્યું અને છેવટે ત્યાં જ એણે માનવતાવાદી ચળવળ અધૂરી મૂકવી પડી.

કારકિર્દીને અંતે ‘હોપ્લા!’ (ઐસી હૈ જિંદગી!’) નાટક લખ્યું, જેમાં હીરો કાર્લ લેખક ટૉલરનું જ પ્રતિબિંબ છે. ક્રાંતિકારીઓ પોતે જોયેલા સારા સમાજના સ્વપ્નને કઈ રીતે નજર સામે તૂટતું જુએ છે એની કરુણતા એમાં છે. પોતાની સગી માતાને પોતાનામાં જે પાગલપણું દેખાયેલું એની વાત પણ એમાં આવે છે. નાટકનો હીરો રજાઈમાંથી એક ચીંથરું ફાડીને આત્મહત્યા કરે છે. કહે છે કે ટૉલરે એ જ રીતે પાછળથી જીવનનો અંત આણેલો! કારમી નિરાશામાં એનાં બધાં જ મૂલ્યો ૨૨ મે -૧૯૩૯માં મોત સામે ઓગળી ગયાં અર્નસ્ટ ટૉલરના જીવનનાં કરુણ અંતને જોતાં એના જ નાટકનું પાત્ર યાદ આવે છે, જે ગુસ્સામાં બરાડતું રહે છે :

‘ગિલ્ટી, ગિલ્ટી, ગોડ ઇઝ ગિલ્ટી - દોષી છે, અપરાધી છે, ઈશ્વર દોષી છે!’ ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### દોસંજની ફિલ્મ ‘બોર્ડર’ પાર કરી શકશે?



હાલમાં સિંગર અને ‘એક્ટર’ દિલજિત દોસંજની ફિલ્મ ‘સરદારજી થ્રી’નું ટ્રેલર રિલીઝ થયું. એ સાથે જ હોબાળો મચી ગયો. જોકે, આ હોબાળાના મૂળ બે મહિના પહેલાં જ રોપાઈ ગયા હતા. બન્યું એવું કે પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે ‘ઓપરેશન સિંદૂર’ શરૂ કર્યું. આ દરમિયાન સરદારજીની હીરોઈન, જે પાકિસ્તાની એક્ટર હાનિયા આમિર છે એણે શૂટિંગ પડતું મુકીને પોતાના દેશ પલાયન કરી દીધું.

ત્યારે લોકોને ખ્યાલ આવ્યો કે ‘અચ્છા, તો આ ફિલ્મની હીરોઈન તો પાકિસ્તાની છે’! પરંતુ ફિલ્મ તો ઓલમોસ્ટ બની ગઈ હતી. એટલે હાનિયાની જગ્યાએ કોઈ બીજીને તો લઇ શકાય એમ ન હતી. આથી દિલજિતની આ ફિલ્મ ભારતમાં રિલીઝ નહીં થાય એવો નિર્ણય લેવામાં આવ્યો.

જોકે, વાત અહીંથી અટકી નથી. બે દિવસ પહેલાં મીકા સિંઘે પોતાની ‘ઈન્સ્ટા’ સ્ટોરીમાં ગોળગોળ ભાષામાં દિલજિતની ટીકા કરી છે અને ‘દેશ પહેલાં’ એવો સંદેશ આપ્યો છે. આટલું ઓછું હોય એમ ‘ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને ઈમ્પ્લોઈઝ’ દ્વારા ‘બોર્ડર ૨’ના મેકર્સને એક પત્ર લખવામાં આવ્યો છે કે ફેડરેશન આ ફિલ્મમાં દિલજિતનું કાસ્ટિંગ થયું છે એ બરાબર નથી. ફેડરેશને પહેલેથી જ દિલજિતનો બોયકોટ કરવાનો નિર્દેશ ફિલ્મ ઉદ્યોગને આપી દીધો હતો.

હવે આ ‘બોર્ડર ૨’નું શૂટિંગ ક્યાં સુધી પહોંચ્યું છે એના કોઈ ચોક્કસ સમાચાર નથી, પણ એ ફિલ્મ જો દિલજિતને બદલી જ ન શકાય એવા પોઈન્ટ ઓફ નો રિટર્ન પર પહોંચી ગઈ હોય તો શું દેશભક્તિની આ ફિલ્મનો પણ વિરોધ કરવામાં આવશે?!

### ખરેખર આગ હતી કે ફક્ત ધુમાડો?




ત્રણ દિવસ અગાઉ ફિલ્મ સીટીમાં મેગા સિરિયલ ‘અનુપમા’ના સેટ પર વહેલી સવારે પાંચ વાગ્યે આગ લાગી અને સાત વાગ્યે એપિસોડનું શૂટિંગ શરૂ થવાનું હતું. ફાયરબ્રિગેડે સમયસર પહોંચીને આગને તો બુઝાવી દીધી, પરંતુ હવે આ આગના વિચિત્ર ધુમાડાના ગોટેગોટા દેખાઈ રહ્યા છે.

વર્કર્સ એસોસિએશનનો દાવો છે કે આ પ્રકારે જ્યારે પણ આગ લાગતી હોય છે ત્યારે જે-તે સિરિયલના નિર્માતાઓ થોડાક પૈસા બચાવવા માટે ફાયર સેફ્ટીના પૂરતાં પગલાં લેતા નથી પરિણામે જે નાના કર્મચારીઓ સેટ ઉપર કામ કરે છે એમના જીવ કાયમ જોખમમાં મુકાય છે. આ એસોસિએશનનો તો એવો પણ દાવો છે કે ફિલ્મ સિટીમાં જ કેમ દર બે-ત્રણ મહિને સેટ પર આગની ઘટનાઓ બનવા લાગી છે? ક્યાંક સિરિયલોના પ્રોડ્યુસર્સ વીમાના પૈસા મેળવવા માટે જાતે જ તો...

એસોસિએશને રાજ્ય સરકારને ‘અનુપમા’ના સેટ પર લાગેલી આગની વિશેષરૂપે તપાસ કરવા કહ્યું છે, જેથી જો આ આગનાં કારણો અકુદરતી હોય તો આગળથી આ પ્રકારના ફ્રોડથી બચી શકાય.

### સિંગલ સ્ક્રીન ઝમીન પર?

ગયા શુક્રવારે આપણે આમિર ખાને પોતાની ફિલ્મ ‘સિતારે ઝમીન પર’ને હીટ કરવા માટે કેવી નવી રણનીતિ અપનાવી છે તેના વિશે વાત કરી હતી. હવે આમિરની આ જ રણનીતિ એના ગળામાં ફાંસાની જેમ અટવાઈ ગઈ છે. શરૂઆતમાં ૧૨૦૦-૧૭૦૦ સ્ક્રીન્સમાં ફિલ્મ રિલીઝ થઇ હતી.

રણનીતિ એવી હતી કે જો પહેલા દિવસે સારો રિસ્પોન્સ મળે તો પછી ધીરેધીરે સ્ક્રીન્સની સંખ્યા વધારવી. બન્યું પણ એવું. શુક્રવાર કરતાં શનિવારે ફિલ્મને બમ્પર દર્શકો મળ્યા. એટલે આમિરની ફિલ્મના ડિસ્ટ્રીબ્યુટર્સ ‘પીવીઆર’ દ્વારા સ્ક્રીન્સ વધારીને ૩૦૦૦ કરી દેવામાં આવ્યા. ‘પીવીઆરે’ જે સ્ક્રીન્સ વધાર્યા તે મોટેભાગે મલ્ટિપ્લેક્સમાં જ વધાર્યા આથી સિંગલ સ્ક્રિન્સ જે આમિરની ફિલ્મ દેખાડવા માટે આતુર હતા એ લોકો ફિલ્મ પોતાને ત્યાં આવે એની રાહ જ જોતાં રહી ગયા. પશ્ચિમ બંગાળના એક એક્ઝિબીટરે પોતાની નિરાશા ઠાલવતાં કહ્યું કે તે આ ફિલ્મ પોતાના થિયેટરમાં દેખાડવા માટે અતિશય ઉત્સાહિત હતો, અને એના ડિસ્ટ્રિબ્યુટરે તેણે પોસ્ટર વગેરે મોકલી પણ આપ્યાં હતાં, પરંતુ છેલ્લી ઘડીએ એને ફોન કરીને કહી દીધું કે ‘સોરી, ફિલ્મ નહીં મોકલી શકું!’

આ રીતે સિંગલ સ્ક્રીનને ટાળવાની વાતમાં જયપુરનું આઇકોનિક ‘રાજ મંદિર’ સિનેમા પણ અડફેટમાં આવી ગયું,પરંતુ ડિસ્ટ્રિબ્યુટરની આડોડાઈને લીધે આ થિયેટરમાં પણ ફિલ્મ રિલીઝ જ ન થઇ! ■



### કટ એન્ડ ઓકે...

**‘રણવીર સિંહ જ મારો શક્તિમાન છે’**

*લોકપ્રિય સિરિયલ ‘શક્તિમાન’ પર બની રહેલી ફિલ્મના ડિરેક્ટર બેસિલ જોસેફે ‘શક્તિમાન’ના કાસ્ટિંગની અફવાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે.*



## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# શ્રદ્ધા એક્સપાયર થાય તો અંધશ્રદ્ધા વિશ્વાસ અપ-ગ્રેડ થાય તો આત્મવિશ્વાસ બને...



આજે ખબર પડી કે સુભાષ ખન્ના સહ-નિર્માતા તરીકે પાછળથી જોડાયેલા. ડોલર તો ફાઈનાન્સ ખલાસ થવાથી નાટક બંધ કરવાની વેતરણમાં હતો ત્યાં સુભાષ ખન્ના દોસ્તી દાવે આવ્યો અને આખો પ્રોજેક્ટ ‘ટેક-ઓવર’ કરવા ફાઈનાન્સની જોગવાઈ કરી અને સહ-નિર્માતા બન્યો.

આ વાત મારા લેખ વાંચ્યા પછી ખુદ એમણે મને ફોન કરી જણાવી. સુભાષ ખન્ના પરમ સાઈ ભગત. વેજ-નોન વેજ દબાવીને ખાનાર, પણ ગુરુવારે નોન-વેજને હાથ નહીં લગાડવાનો નિયમ.

એના કારણે જ કલાકાર માટે બંને, વેજ-નોન વેજ ભોજનની વ્યવસ્થા કરાતી. મેં આવો પહેલો નિર્માતા જોયો. (કદાચ અપવાદ હોય તો ખબર નહીં.)

ખેર, વાત હવે આગળ....

‘આમને બાજુમાં બેસાડો અને બંને માટે ચા-કોફી મંગાવો..તમે જરા બેસો હું આવું છું.’ ઇન્સ્પેક્ટરનું આ વાક્ય ખરેખર અમને બંનેને નવાઈ પમાડે એવું હતું. એમની વાત પર લેશમાત્ર વિશ્વાસ નહોતો બેસતો. કહે છે કે શ્રદ્ધા એક્સપાયર થાય તો અંધશ્રદ્ધા બને અને વિશ્વાસ અપ-ગ્રેડ થાય તો આત્મવિશ્વાસ બને. મારો અને ડોલરનો આત્મવિશ્વાસ ઈન્સ્પેક્ટરે હવાલદારને આપેલ સૂચનથી વધી ગયો.

હવાલદાર અમને બાજુમાં, જે ઓફિસનો જ ભાગ હતો, ત્યાં બેસાડી ગયો. હું અને ડોલર કોઈ વાતના મંડાણ કરીએ ત્યાં ચા આવી ગઈ. ‘આને ન્યાય આપો ત્યાં સાહેબ આવી જશે.’

ચા પીધી ત્યાં ઇન્સ્પેક્ટર આવ્યા. પછી આખો મામલો સમજાયો. કોઈની ‘ડોલર કરન્સી’ અંગેની વાત હતી, જે વ્યક્તિ ઇન્સ્પેકટરને મળવા આવવાની હતી. એ આવે એ પહેલા અમે એન્ટર થઇ ગયા. ઈન્સ્પેક્ટરે પૂછ્યું,‘પેલા ડોલર....’ અને એનું વાક્ય પૂરું થાય એ પહેલાં પોતાનું નામ ‘ડોલર’ હોવાથી ડોલરે તરત જવાબ આપ્યો કે, ‘હા.. હું એ જ..’ અને એ સંદર્ભમાં અમને માન-પાન મળ્યાં. જયારે અમે નાટકનાં સમન્સની વાત કરી કે ઇન્સ્પેક્ટરની વાત કરવાનો ‘ટોન’ જ બદલાઈ ગયો. ‘આવાં નાટકો બનાવી શા માટે હેરાન થાવ છો અને કરો છો?’ એમનો કહેવાનો અર્થ સમજાયો નહીં. સમન્સનાં જવાબ રૂપે હાજર થયેલાં એટલે ઉત્તર વાળ્યો નહીં. ઈન્સ્પેક્ટરે થોડા સલાહ-સૂચનો આપ્યાં. થોડું ઘણું. સાચું-ખોટું ખૂબ સંભળાવ્યું પણ ખરું. જીવન પેન-ડ્રાઈવ નથી કે મનપસંદ ગીત વગાડી શકાય, એ રેડિયો જેવું છે.. ક્યારે કયું ગીત વાગે એની ખબર જ ન હોય અને આમ પણ સત્તા સામે સાંભળ્યાં સિવાય શું કરી શકવાના?

‘બે- ત્રણ ફોર્મ ઉપર સહી કરવાની છે, કરી આપજો. હવાલદાર, સહી લઈ લ્યો.’ કહીને એ નીકળી ગયો. હવાલદાર જાડો ‘થોથો’ લઈને આવ્યો , જેમાં જાતજાતનાં નિયમો લખેલા, જેમકે : શો શરૂ કરવાનો સમય ૯.૩૦, પડદો ઊંચકવાનો સમય ૯.૩૦ વગેરે..વગેરે..

એ કહેતો ગયો ત્યાં અમે સહી કરતાં ગયાં. હવાલદાર અમને કહે, ‘સાહેબ, જરા જલ્દી કરો અમારે સામે નાટક જોવામાં મોડું થાય છે.’

બોલો! દરેક માણસ પાસે જિંદગીનું એક નાનું ચેપ્ટર હોય છે પણ સાલું બધાં સામે જોરથી વાંચી નથી શકાતું. ઇન્સ્પેક્ટર સામે ન બોલતા હવાલદારે અમારી સામે બોલી નાખ્યું. બસ! માત્ર મારી જ સહી લેવાની હતી, કારણ કે પ્રમાણપત્ર મારા નામ પર હતું. હવાલદારને સલાહ આપી ઇન્સ્પેક્ટર ‘છુ’ થઈ ગયો તો હવાલદાર ‘અમારે નાટક જોવું છે’ કહી સહી લઈ ‘છુ’ થઈ ગયો.

હું અને ડોલર ત્યાંથી નીકળ્યાં. આ બધું થતાં રાતના ૧૧.૩૦ તો વાગી ગયા હતા. જવું હોય તો હવે થિયેટર પર જઈ શકાય પણ ડોલર કહે, ‘આપણે હોટલ પર જઈએ. હું એક-બે પેગ ગટગટાવું ત્યાં બધા આવશે પછી જેને પીવું હોય એ પીવે અને પછી સાથે જમીશું.’ અમે હોટલ પહોંચ્યાં.

થોડીવારમાં બધા આવી પહોંચ્યાં. તારકનાથ ગાંધીએ સેન્સરનો કાગળ મને આપ્યો. ૧૦ શોનું લાઈસન્સ એ જ હતું. એમાં સૂચનો ઉમેરેલા, ‘શું શું બોલવું/ ન બોલવું. વગેરે.. આવતી કાલથી બધાં સૂચનો પાળવાના રહેશે.

ચેકિંગ હવે ‘રેન્ડમ’ કરવામાં આવશે. જો સૂચન-ભંગ થયો તો જેટલાં શો થયા હોય એટલા, બાકીના બધા શોનું પ્રમાણપત્ર રદ કરવામાં આવશે. એવી સૂચનાઓ અપાયેલી.

ભૂપત વડોદરિયાએ એમના ટેબ્લોઈડ ‘સમભાવ’માં બે પાના ભરીને નાટકની ‘નાગાઈ’ થોડી શિષ્ટ ભાષામાં છાપી બરાબરની ઠેકડી ઉડાડી. એનો ફાયદો બીજે દિવસે નાટકને થયો. માત્ર ત્રણ કલાકમાં શો ‘હાઉસફૂલ’! એ વખતે અમદાવાદથી પ્રસિદ્ધ થતાં અંગ્રેજી દૈનિક ‘ઇન્ડિયન એક્સપ્રેસ’નાં પહેલા પાનાં પર ધોતિયું પહેરેલ એક કાકા ૩૫ રૂપિયાની ટિકિટ બ્લેકમાં રૂપિયા ૪૦૦માં લઈ રહ્યા છે એવો ફોટો છપાયેલો!

આ ને કહેવાય ‘નસીબ’. હવે જયારે ‘લક્ષ્મી’નાં દ્વાર ખુલી રહ્યાં હતાં, ગુજરાત ‘ઘમરોળાતું’ હતું ત્યારે વાંધા પ્રમાણપત્રનાં હતાં.

હવે શું કરવું? મેં રજનીકુમાર પંડ્યાને ફોન કર્યો. ડોલરને રસ નહોતો. હા, શો વધે એમાં જરૂર રસ હશે જ. રજનીભાઈ સાથે મારાજૂનો નાતો તો હતો. માત્ર આ કામની અપેક્ષા હતી. બાકી સંબંધોમાં અપેક્ષા રાખવી એ સ્વાર્થ નથી પણ અપેક્ષાઓ માટે સંબંધ બાંધવો એ સ્વાર્થ છે.

હું રજનીભાઈને મળ્યો. નાટક માટે અભિનંદન તો આપ્યા પણ અમુક મર્યાદા જાળવવા મીઠી ટકોર પણ કરી. એમણે ત્યાનાં જાણીતા દૈનિક અખબારના તંત્રીનું નામ આપી એમને મળવા કહ્યું. મેં કહ્યું ‘વધુ શો માટે પ્રમાણપત્ર મળી જાય તો સારું.’ મને કહે, ‘માગો એટલું તો કદાચ નહીં મળે પણ લાયક હશો એટલું તો મળશે. મળી તો જુઓ.’

હું એમનો આભાર માની એ અખબારના તંત્રીને મળવા નીકળી પડ્યો. ■

**ડબ્બલ રિચાર્જ**

ઘરમાં પૂરા ૨૦ બલ્બ અને ૧૨ ટ્યૂબલાઈટ લાગેલી છે, છતાં પત્ની કહે છે કે ‘તમે આજ સુધી મને અંધારામાં રાખી છે...’

## આજની ટૂંકી વાર્તા

અવિનાશ પરીખ

# ચરણ રુકે ત્યાં કાશી



ઓફિસમાંથી આવીને તે બૂટની દોરી છોડતો હતો ત્યારે પત્નીનો કર્કશ અવાજ સંભળાયો- 'હું તો તેમની આદતોથી તંગ આવી ગઈ છું. કોણ જાણે કઈ સદીમાં જન્મ લીધો છે કે દરેક કામ મારી પસંદગીની વિરુદ્ધ કરવામાં તેને મજા આવે છે.'

તેને માટે આ વાત નવી ન હતી. દર ત્રીજે-ચોથે દિવસે તેના પિતા વિરુદ્ધ રીટા કોઈ ને કોઈ ફરિયાદ કરે છે, જેને તે અણસૂની કરી દે છે અથવા રીટાનું ધ્યાન બીજે વાળી દે છે. તે જાણે છે કે પત્નીની ફરિયાદ કંઈક અંશે સાચી છે પણ સાથે સાથે તે એ પણ જાણતો હતો કે તેના પિતા જે રીતનું જીવન વિતાવી આ ઉંમરે પહોંચ્યા છે તે રીત બદલવી હવે સાવ અસંભવિત છે.

પત્નીની સામાન્ય ફરિયાદ એ છે કે તેને વહેલી સવારે સારી ઊંઘ આવે છે, કારણ કે તે ઘરનું બધું કામ આટોપી રાતના મોડી સૂએ છે. સસરાજી ચાર વાગે ઊઠી જાય છે અને તેમની હિલચાલ અને રામાયણની ચોપાઈઓ મોટે અવાજે ગાવાને કારણે આખો મહોલ્લો જાગી જાય છે. રીટાની વાત સાચી હોવા છતાં તે એ વાતનો ઈનકાર કરી શક્તો નથી કે તેમના વહેલા ઊઠવાની આદતને કારણે જ તે આજે આટલા ઊંચા હોદ્દા પર પહોંચ્યો છે. તે પોતે એક જ નહીં પણ તેમના કેટલાયે વિદ્યાર્થીઓ આજે ઉચ્ચ હોદ્દા પર બિરાજ્યા છે. આવા આદર્શવાદી મહાન પિતાનો વિરોધ કરવાની હિંમત તે ક્યાંથી લાવે?

સુબોધ રીટાને સમજાવતો કે 'તું તારી ટેવો બદલી નાખ, રાતના વહેલી સૂઈ જા. તબિયત સારી રહેશે અને સ્વીટી મોટી થાય ત્યારે વહેલી સવારનો અભ્યાસ તેને માટે ફાયદાકારક રહેશે અને તને પણ વહેલા ઊઠવાથી સ્ફૂર્તિ લાગશે.' પણ રીટા માનતી નહીં. 'કેવી વાત કરો છો? સ્વીટી મોટી થાય ત્યારની વાત ત્યારે. તેના અભ્યાસની અત્યારથી ચિંતા કરી વહેલી સવારની મીઠી નીંદર શું કામ બગાડવાની?' સુબોધ શું બોલે?

એક દિવસ રીટાએ નવી ફરિયાદ કરી- 'કેવા ગામડિયા છે? એરકૂલરની ઠંડી હવા છોડી બગીચામાં બપોર સુધી ફક્ત બનિયન પહેરી ઝાડ નીચે બેસી રહે છે. અહીંતહીંના અભણ ગરીબોને ભેગા કરી તેમને કંઈક ભણાવે છે અને ગપ્પાં મારે છે. આ બધું જોઈ લોકો શું કહેશે? તમારું સમાજમાં કેવું દેખાશે?' સુબોધ તેને સમજાવતો, 'તું લોકોની પરવા શું કામ કરે છે? બાપુજીને જે પસંદ હોય તે કરવા દે. જન્મભર શિક્ષક રહ્યા છે એટલે તેમની ભણાવવાની ટેવ તો છૂટશે નહીં અને રહી વાત ગપ્પાં મારવાની. તેમ કરવામાં તેમને આનંદ મળતો હોય તો ભલેને મળે. તું શા માટે ફિકર કરે છે?' રીટા ચિડાઈને બોલતી, 'તમે તો સવારના નીકળી સાંજના ઘરે આવો છો, લોકોની વાતો મારે સાંભળવી પડે છે.'

પત્નીની વાત અણસાંભળી કરી તે અતીતની યાદમાં ખોવાઈ જતો. તે નાનો હતો ત્યારે ગામમાં વીજળી લાવવાની યોજના પૂરી થઈ ચૂકી હતી. લોકો બહુ ઉત્સાહમાં હતા. બધાં ઘરોમાં ઝળહળાટભર્યો પ્રકાશ થશે. ગરમ હવાને બદલે રાત-દિવસ ઠંડી હવા મળશે અને ખેતરોમાં મોટર દ્વારા સિંચાઈનું પાણી ફરી વળશે. લોકો બહુ ખુશ હતા. ઘેર ઘેર ફિટિંગ કરવાનો વારો આવ્યો ત્યારે બધાના આશ્ચર્ય વચ્ચે માસ્તરસાહેબે ઘરમાં વીજળી લેવાની ના પાડી દીધી. તેમણે કહ્યું, 'ભાઈ, મારે એક જ દીકરો છે, ક્યાંક તેનો હાથ તારને અડી જાય તો મારું તો જીવન બરબાદ થઈ જાય એટલે હું એવું જોખમ ઉઠાવવા માગતો નથી.'

ગરમીના દિવસોમાં રાતના હાથ વડે પંખો નાખી સુબોધને તેઓ સુવડાવતા. લોકોને તેઓ કહેતા, 'ખુલ્લા આકાશ નીચે મળતી હવાથી આવતી તાજગી શું પંખાની બનાવટી હવાથી મળી શકવાની છે?'

સુબોધને તે બરાબર યાદ હતું કે તેના પરના અત્યાધિક પ્રેમને કારણે તેઓ વિદ્યુત યુગમાં રહેવા છતાં વીજળીનાં સુખસાધનોને વશીભૂત થયા નહીં. પોતાના એ પ્રેમાળ પિતા વિરુદ્ધ કૂલરની હવા ન માણી શકવાની ફરિયાદ તેને ફિક્કી લાગી. જોકે તેને પણ લાગતું હતું કે તેના પિતાએ હવે નવાં નવાં સુખ-સાધનોનો થોડો ઉપયોગ કરવો જોઈએ. પણ જે વ્યક્તિએ પોતાની પૂરી જુવાની પ્રાકૃતિક વાતાવરણમાં વિતાવી તેને હવે આ બુઢાપામાં કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરવા માટે કેમ ફરજ પાડી શકાય?

તેને આશ્ચર્ય થતું હતું કે તેના પિતા રીટાનો વિરોધ કેમ કરતા નથી? તેમને સંભળાવવા માટે કહેલી નાનીમોટી વાતોનો તેઓ શા માટે જવાબ આપતા નથી? સોટીના ડરથી બધા વિદ્યાર્થીઓને સીધા કરનાર તેઓ શા માટે આ બધું ચલાવી લે છે? શા માટે તેઓ રીટા પ્રત્યે આટલા સહનશીલ છે? કદાચ આ પણ ઉંમરનો તકાજો હશે. તેમની દીન સ્થિતિ જોઈ તેને લાગતું કે રીટા તેમના પ્રત્યે વધુ ક્રૂર થાય છે.

એક રવિવારે રીટા સાથે માર્કેટમાં જવા તે ગાડીમાં બેસવા જતો હતો ત્યારે પિતાએ તેને ધીરેથી કહ્યું- 'મારી દવા ખલાસ થઈ ગઈ છે તે લેતો આવજે અને બને તો થોડાં ફ્રૂટસ પણ લાવજે.' તેમનું વાક્ય પૂરું થાય તે પહેલાં રીટા બોલી ઊઠી, 'ઊંહ, દવા ખાવાનો શો ફાયદો? ડૉક્ટરે કહેલી પરેજી તો પાળતા નથી? બજારમાં જઈને ભેળપૂરી ખાવી હોય તો દવા લેવાનો અર્થ શું?'

ગાડી ચાલુ થાય તે પહેલાં રીટાએ બધી કડવાટ ઓકી નાખી, પણ પિતાજી તો એ સાંભળીને પણ એમ ને એમ ઊભા રહ્યા, જાણે કે તેમણે કંઈ સાંભળ્યું જ ન હોય. ઉંમરના વધવાની સાથે તેમની બહેરાશ વધતી જતી હતી. તેઓ આશાભરી નજરે પોતાના દીકરા સામે જોતા રહ્યા. રીટાની વાત સાંભળી સુબોધનું લોહી ઊકળી આવ્યું- 'બોલવામાં કંઈક તો વિવેક રાખ, આખરે તો એ મારા પિતા છે. ક્યાં ફેંકી આવું તેમને? તને તો ખબર છે કે તેમના બુઢાપાનો એકમાત્ર સહારો હું છું તો શા માટે આવું બધું બોલે છે?' ગુસ્સાથી રીટા સામે જોઈને તેણે કહ્યું.

'વિવેક મને શું શીખવો છો? શીખવાડો તમારા પિતાને કે જેઓ નથી વિચારતા કે તેમનો દીકરો કેવા હોદ્દા પર છે અને તેમણે કેમ રહેવું જોઈએ?'

'તેઓ ગમે તેમ રહે એની સાથે તારે શું મતલબ? તને કહી દઉં છું કે તેઓ અત્યાર સુધી જે રીતે જીવી રહ્યા છે તે જ રીતે જીવશે.' સુબોધે ગુસ્સે થઈ કહ્યું.

'તો હું કહું છું તે પણ તમે સાંભળી લો. આવું વધારે દિવસો નહીં ચાલે. તેઓ અહીં એમની એ જ રીતે રહે તે હવે હું વધુ વાર સહન નહીં કરી શકું.' આ સાંભળી સુબોધનું પુરુષત્વ ઊકળી ઊઠ્યું. તે ગાડી ચલાવતો ન હોત તો કદાચ તેણે રીટાને જોરદાર તમાચો મારી દીધો હોત. તે ચીસ પાડીને બોલ્યો- 'હું કહું છું કે તેઓ અહીં જ રહેશે અને તેમની હાજરી તારે માન્ય કરવી જ પડશે. હું જોઉં છું કે તેઓ તારી બધી વાત સહન કરી લે છે અને તું એક છો કે બધી જ માનમર્યાદા છોડી તેમની પાછળ પડી ગઈ છો.'

પહેલી વાર સુબોધને આટલો ગુસ્સામાં જોઈ રીટા ડરી ગઈ, અને ચૂપ થઈ ગઈ. થોડા દિવસ બન્ને એકબીજા સાથે બોલ્યાં નહીં. એક દિવસ સહજતાથી રીટાને સમજાવતાં તેણે કહ્યું, 'જો રીટા! તારે બાપુજી પ્રત્યે થોડા ઉદાર થવું જોઈએ. કદાચ તને એ ખબર નહીં હોય કે કઈ રીતે તેમણે મને ઉછેર્યો છે અને આ સ્થાન માટે યોગ્ય બનાવ્યો છે.'

'મને આ બધું શા માટે કહો છો? તમે ખૂબ ભણ્યા અને ઊંચા પગારની નોકરી મેળવી એ જાણીને તો મેં તમારી સાથે લગ્ન કર્યાં, નહીં તો...' તેણે અત્યંત ઉપેક્ષાભર્યા સ્વરે કહ્યું.

'એનો અર્થ તો એ જ થયોને કે લગ્ન પહેલાંનો તારો પ્રેમ- લાડ મારા પર નહીં પણ મારા હોદ્દા અને પૈસા પર હતો.'

'અલબત્ત, કોઈ પણ સ્ત્રી ઓછું કમાતા પુરુષ પર પ્રેમ કરવાનો વિચાર સ્વપ્નામાં પણ ન કરે. સૌથી પહેલાં તો તે પોતાના ભવિષ્યનો જ વિચાર કરેને? અને જો મેં પણ એ રીતે વિચાર્યું હોય તો કંઈ ખોટું નથી કર્યું.' રીટાનો આ જવાબ સાંભળી તે અંદરથી તૂટી ગયો. તેણે તેને ફરી સમજાવતાં કહ્યું, 'તને એ ખબર છે કે પિતાજીએ મારાં લગ્ન બીજે ઠેકાણે કરવાની હા પાડી દીધી હતી? પણ જ્યારે મેં તેમને આપણા પ્રેમની વાત કરી ત્યારે તેમણે આપણા સુખ ખાતર પોતાની મરજી જતી કરી. શિસ્ત માટે કઠોર હોવા છતાં તેઓ કદી બીજા પ્રત્યે અન્યાય કરતા નથી.'

> પોતે એક જ નહીં પણ તેમના કેટલાયે વિદ્યાર્થીઓ આજે ઉચ્ચ હોદ્દા પર બિરાજ્યા છે. આવા આદર્શવાદી મહાન પિતાનો વિરોધ કરવાની હિંમત તે ક્યાંથી લાવે?

'એ ન્યાય તેમણે પોતાના પુત્ર માટે કર્યો હતો, મારે માટે નહીં.' તેણે મોં બગાડી કહ્યું- આ પછી ઘણા દિવસો સુધી તેમની વચ્ચે અબોલા રહ્યા. સુબોધને ઝઘડા કરતાં આ શાંતિ ગમી પણ રીટા એમ થોડી શાંત રહેવાની હતી? એક દિવસ ઘરમાં પ્રવેશતાં જ તેને રીટાનો કર્કશ અવાજ સંભળાયો, 'બેશરમીની પણ હદ થઈ ગઈ. જુવાન છોકરા-છોકરીઓને પ્રેમ કરતાં તો જોયાં છે પણ સાઠ વર્ષનો બુઢ્ઢો એક બુઢ્ઢી સાથે પ્રેમ કરે એ સાંભળ્યું ન હતું. રોજ સાંજના બગીચામાં બેસી કોણ જાણે સુમિત્રા દીદીની સાસુ સાથે શું વાતો કરે છે?'

ઘણી વાર તેણે પોતે પણ પિતાજીને એકાંતમાં બેસી એ સ્ત્રી સાથે વાતો કરતા જોયા છે, પણ એ વિચારીને કે સૌ પોતપોતાની ઉંમરના સાથી શોધે છે અને તેમાં ખોટું પણ શું છે એમ સમજી એ તરફ ધ્યાન આપ્યું ન હતું. તેનાં અંતરમાં પિતાની એવી છબી પડેલી હતી કે તેમના ચારિત્ર વિષે કોઈ ખરાબ વિચાર કરવો તે તેના માટે પાપમય હતું. જે પિતાએ દીકરાના ભલા માટે પોતાની પૂરી જવાની આમ જ વિતાવી નાખી તેમના વિષે તેમની ઉંમરને ધ્યાનમાં લઈ તે મનમાં શંકા કઈ રીતે ઊભી કરે?

પિતાની સૌમ્યમૂર્તિ આજે પણ તેની આંખોમાં સમાયેલી છે. જ્યારે લોકોએ તેમને બીજાં લગ્ન કરવા કહ્યું ત્યારે તેને ગળે વળગાડતાં તેમણે કહ્યું હતું, 'લગ્ન કરવા હોય તો કાલે કરી શકું છું પણ સાવકી મા આની સાથે કેવો વર્તાવ કરશે એ વિચારે બીજાં લગ્ન ટાળું છું. નહીંતર સ્ત્રી વગર પુરુષની જિંદગીમાં શું ઓછી મુસીબત હોય છે?'

આમ નિશ્વાસ નાખી દિલનું બધું દર્દ છુપાવી તેઓ પોતાનાં બધાં કર્તવ્યો નિભાવતા રહ્યા. આવા પિતાને આ ઉંમરે એક સ્ત્રીની કમી જણાય છે તે વાત તે કઈ રીતે માની શકે? પણ બનવા જોગ છે કે જીવનમાં હવે તેમને એકલાપણું લાગતું હોય, કારણ કે તેનો એકમાત્ર સહારો- તેનો વહાલો પુત્ર સુબોધ પત્નીને કારણે તેનાથી વિખૂટો પડતો જતો હતો.

રીટાનો બડબડાટ ચાલુ જ રહ્યો છે. તેનું કહેવું એમ છે કે સુમિત્રા દીદીની સાસુ સાથે સસરાના આટલા બધા મેળાપને કારણે સુમિત્રા દીદી બહુ પરેશાન છે. ઘરનું બધું કામ તેને કરવું પડે છે, જે પહેલાં તેની સાસુ કરતાં હતાં. એક સાંજે સુબોધ ગાડીમાં બેસી મકાનમાં પ્રવેશતો હતો ત્યારે તેણે બાજુના બગીચાની બેન્ચ પર બેઠેલા પિતાને અત્યંત તન્મયતાથી સુમિત્રાની સાસુ સાથે વાત કરતા જોયા. તેણે ગાડી ધીમી કરી દીધી. તેને લાગ્યું કે તેને જોતાંવેત તેઓ બન્ને એકદમ ચોંકી ગયાં છે પણ તેમણે તો તેને અણજોયા કરી એ જ તલ્લીનતાથી વાતો કરવાનું ચાલુ રાખ્યું. તેને લાગ્યું કે તેમની વાતોમાં દખલ કરી તે એક અક્ષમ્ય ગુનો કરી રહ્યો છે. તેઓની નજરમાં પણ તેની પ્રત્યેનો અણગમો દેખાઈ રહ્યો હતો. સુબોધ એક વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ ગયો.

તે દિવસથી પોતાના પિતા અને સુમિત્રાની સાસુના સંબંધો વિષે તેનું મનશંકિત થઈ ઊઠ્યું. રીટા બડબડ કરતી જ્યારે વારંવાર એ વિષે ફરિયાદ કરવા લાગી ત્યારે તેને થયું કે કોઈ બહાના નીચે પિતાને તે કોઈ અન્ય સ્થળે મોકલી દે, પરંતુ કોઈ બહાનું કે યોગ્ય અવસર હાથમાં આવતો ન હતો.

એક સાંજે તે ઘરે પાછો ફર્યો ત્યારે રીટાનો વ્યંગભર્યો અવાજ તેને સંભળાયો. 'જોઈ લો તમારા પિતાનાં કરતૂત. આખું જીવન સંયમી તરીકે વિતાવ્યું પણ બુઢાપામાં જુવાનોને પણ માત કરી નાખ્યા. પોતાની ચહેતીને લઈને છૂ થઈ ગયા. એટલું પણ ન વિચાર્યું કે લોકો શું કહેશે?'

સુબોધ સ્તબ્ધ થઈ ગયો. આશ્ચર્યથી તેણે રીટાને પૂછ્યું, 'કંઈ કહી ગયા છે? જતાં પહેલાં કંઈ બોલ્યા હતા? સાથે કંઈ લઈ ગયા છે?'

રીટાએ કટાણા મુખે કહ્યું, 'લઈ જવામાં તેમની પાસે હતું શું? બે-ચાર જોડી કપડાં, રામાયણ અને તેમની હાથની લાકડી.' પત્ની તરફ ઘૃણાપૂર્વક જોતો તે પિતાના રૂમમાં ગયો. તેમની હાજરી તેને માટે સમસ્યા બની ગઈ હતી, પરંતુ તેમનું પ્રસ્થાન તેના માટે અધિક દુઃખકર બની ગયું. તેમનું ચાલ્યા જવું તે તેના જીવનની સૌથી મોટી હાર હતી.

એ રૂમ બિલકુલ શાંત હતો. એક ઊંડો શ્વાસ લઈ તે એ રૂમમાં ફેલાયેલી ગંધ પોતાના ફેફસામાં ભરવા લાગ્યો. એ ગંધમાં તે એક અનોખું અપનત્ત્વ અનુભવવા લાગ્યો. ખૂણામાંની ટિપોઈ પરની તૂટેલી ફ્રેમનાં ચશ્માં તેમના પ્રતિ તેણે કરેલી ઉપેક્ષાનું પ્રમાણ આપી રહ્યાં હતાં. ચશ્માંની નવી ફ્રેમ કરાવવા માટે તેમણે ઘણી વાર યાદ કરાવ્યું હતું પણ વ્યસ્તતાને બહાને આ કામ તેણે હંમેશ ટાળ્યું હતું. તે તૂટેલાં ચશ્માં નીચે ગડી વાળેલો કાગળ પડ્યો હતો. ઝડપથી કાગળ ઉપાડી લઈને ખોલ્યો. એ કાગળ પર કંપતા હાથે થોડી લીટીઓ લખાઈ હતી. તેનું દિલ રડી ઊઠ્યું. બેટા, બેટા કહેતાં જેની જીભ સુકાઈ જતી હતી તેમને માટે તે શું એટલો પરાયો થઈ ગયો કે બે શબ્દોનું સંબોધન પણ તેઓ ન લખી શક્યા?

'મારા ચાલ્યા જવા બાદ ત્યાં ભારે ધમાલ થઈ ગઈ હશે, કારણ કે હું તમારા પડોશી અમરની માને મારી સાથે લઈ ગયો છું. તારી આંખોમાં પણ મેં એક દિવસ સંદેહની કાળીરેખા જોઈ હતી. અમને બન્નેને વાતો કરતાં જોઈ લોકો કેટલીયે વાતો કરતા હતા પણ એ લોકો એટલું કેમ નથી સમજતા કે એક એવી પણ ઉંમર હોય છે જે કોઈ પણ સામાજિક કે નૈતિક બંધનને સ્વીકારતી નથી. એ ઉંમર સ્વયં એક સીમા હોય છે જે દરેક વ્યક્તિને તેમની પરિસીમામાં બાંધી રાખવાની ક્ષમતા ધરાવે છે. અમે બંને ઉંમરની એ જ સીમા પર ઊભાં છીએ જે એક લક્ષ્મણરેખા સમાન છે, જેને કદી તોડી શકાય નહીં.'

જેવો વર્તાવ મને તારા ઘરમાં મળતો હતો તેવો જ વર્તાવ અમરના ઘરમાં તેની મા સાથે થતો હતો. અમે બંનેએ એક પ્રાઈવેટ સ્કૂલમાં શિક્ષકની નોકરી માટે અરજી કરી હતી અને અમને બંનેને નોકરી મળી ગઈ છે. આવી બોજભરી જિંદગીમાંથી છુટકારો મેળવવાનો આ એક જ રસ્તો હતો. વિશ્વાસ રાખજે બેટા, અમે લગ્ન કર્યાં નથી. એમ કરું તો મારી જીવનભરની સાધના ધૂળમાં મળી જાય. અમે બંને સાથે રહેવાનાં નથી. તે એક લેડીઝ હોસ્ટેલમાં રહેશે અને જિંદગીભર જેણે પ્રકૃતિની ગોદમાં રહેવાનું આવકાર્યું છે એવો હું એ નાના શહેરની બહાર વૃક્ષો અને ખેતરોની નજીક એક નાનકડા ઘરમાં રહીશ.

આ નાનું શહેર અમારું કેવું સ્વાગત કરશે તેની મને ખબર નથી. આ ઉંમર શહેરની પસંદગી કરવા જેટલી તો નથી જ એટલે હવે તો- 'ચરણ રુકે ત્યાં કાશી' જેવો ઘાટ જ હોયને? તમને બંનેને મારા આશિષ. સ્વીટીને ખૂબ ખૂબ પ્યાર...'

(સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| आतिश | ષડયંત્ર |
| ख्वाहिश | મુશ્કેલી |
| गर्दिश | વ્યાયામ |
| वर्जिश | આગ |
| साजिश | ઈચ્છા |

### ઓળખાણ પડી?

આર પાર, સીઆઇડી, ચાઈના ટાઉન જેવી ફિલ્મોમાં કામ કરી મશહૂર બનેલી અભિનેત્રીની ઓળખાણ પડી?



અ) ગીતાબાલી બ) બબીતા
ક) વિમી ડ) શકીલા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ધ | રો | ૨ હ | ર | | ૩ સુ | ૪ સં | ૫ ગ | ત | ૬ તા |
| મ | | લ | | ૭ અ | ર | મા | ન | | શે |
| ૮ રો | ક | ક | ળ | | ૯ મા | ન | | ૧૦ વ | રો |
| ળ | | ભ | | ૧૧ ન | | | ૧૨ વ | ખ | |
| વું | | ૧૩ રી | ૧૪ સા | વ | | ૧૫ બ | હે | ત | ૧૬ ર |
| | ૧૭ અ | | ૧૮ ખ | ત | | ૧૯ સ | વા | | વા |
| ૨૦ પ | વ | ન | | ૨૧ ર | સી | | ૨૨ ર | ૨૩ જ | ની |
| ૨૪ ડ | ર | | ૨૫ ક | | | ૨૬ ક | | હે | |
| છા | | ૨૭ વ | ડ | વા | ૨૮ ન | લ | | ૨૯ મ | ૩૦ દ |
| યા | | ૩૧ દી | વી | | ૩૨ ત | ર | બ | ત | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | ૯ | | ૯-અ | | | |
| | | ૧૦ | ૧૧ | | ૧૨ | | | ૧૩ | |
| ૧૪ | | | ૧૫ | | | | ૧૬ | | |
| | | ૧૭ | | | | ૧૮ | | | |
| | ૧૯ | | | | | ૨૦ | | | ૨૧ |
| ૨૨ | | ૨૩ | | | ૨૪ | | | ૨૫ | |
| | | | | ૨૬ | | | ૨૭ | | |
| ૨૮ | ૨૯ | | ૩૦ | | | | | | |
| ૩૧ | | | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. એકદમ મીઠી મધુરી (૪)
૪. આ તો કરવું જ પડશે (૫)
૮. લીલીછમ (૩)
૯અ. --- જણાવાનું કે (૨)
૧૦. વખાણ (૪)
૧૩. ચોખ્ખું (૨)
૧૪. ચોમાસામાં નદીમાં આવે (૨)
૧૫. સ્નાયુઓ (અં.) (૩)
૧૬. પેણી, કઢાઇ (૩)
૧૭. હાલત (૩)
૧૮. ટીપું, નાનું ગોળ બિંદુ (૩)
૧૯. ચિરકાલીન, જૂનું, પ્રાચીન (૪)
૨૦. માની બહેન (૨)
૨૩. જનીન, કોષનો એકમ (૨)
૨૪. ઝટ, ચપટીની સાથે (૨)
૨૫. બૂમ, રાડ (૨)
૨૬. સારો, પવિત્ર દિવસ (૪)
૨૮. હાજર કરેલું (૨)
૩૦. ગામ--- એટલે આડીતેડી વાતો (૩)
૩૧. સંગીતમાં ગાવામાં થતા પલટા (૫)
૩૨. હાર (૪)

**ઊભી ચાવી**

૧. અતિ મહત્ત્વનું (૫)
૨. પૃથ્વી --- પર ફરે છે (૨)
૩. પ્રિય (૩)
૫. પરાગ--- થી ફૂલો વિસ્તરે (૨)
૬. વિજય (૨)
૭. બોલાચાલી, ધમાચકડી (૪)
૯. રહેઠાણ (૫)
૧૧. એક જ વતનના (૫)
૧૨. ટેકરીઓ (અં.) (૨)
૧૩. પોતાનું બાળક (૩)
૧૬. તપ કરનારી, સાધ્વી (૩)
૧૭. અપ્રસન્ન (૪)
૧૮. એક લાલ, રસીલું ફળ (૪)
૨૧. સન્માનને પાત્ર (૫)
૨૨. પુખ્તતા, ઠરેલપણું (૪)
૨૪. --- નાકવાળા ચીના હોય (૩)
૨૬. --- બંધ એટલે તાબડતોબ (૩)
૨૭. સુગંધી સફેદ ફૂલો (૩)
૨૯. વરસાદનો મહિનો (૨)
૩૦. માછલી પકડવા વપરાય (૨)

### ગુજરાત મોરી મોરી રે

૧૯૬૦ના દાયકામાં વલ્લભ ચોક્સીએ બનાવેલી ફિલ્મ 'લીલુડી ધરતી' કોની નવલકથા પરથી તૈયાર કરવામાં આવી હતી?

અ) અશ્વિની ભટ્ટ બ) ચુનીલાલ મડિયા
ક) હરકિસન મહેતા ડ) સુરેશ જોષી

### જાણવા જેવું

ઘણા પ્રયોગ પ્રથમ કરવાની સિદ્ધિ પંકજ મલિકને નામે છે. 'ધૂપછાંવ' (૧૯૩૫)થી હિન્દી ફિલ્મમાં પાર્શ્વ ગાયનનો પ્રારંભ થયો એના શ્રેયમાં શ્રી મલિક સહભાગી છે. સંગીતકાર નૌશાદના કહેવા પ્રમાણે ફિલ્મ મ્યુઝિક ઓર્કેસ્ટ્રામાં ઈંગ્લિશ ફ્લુટ અને એકોર્ડિયનનો પ્રથમ વાર ઉપયોગ પંકજ મલિકે કર્યો હતો.

### સુડોકુ-૯૦૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૧ | | ૯ | | ૪ | |
| | | ૧ | | ૫ | | ૮ | | |
| | ૯ | | ૬ | | ૨ | | ૫ | |
| ૬ | | ૨ | ૭ | | ૩ | ૪ | | ૯ |
| | | | | | | | | |
| ૧ | | ૮ | ૨ | | ૬ | ૫ | | ૭ |
| | ૧ | | ૯ | | ૮ | | ૨ | |
| | | ૫ | | ૬ | | ૩ | | |
| | ૮ | | ૫ | | ૧ | | ૭ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૯ | ૧ |
| ૪ | ૫ | ૨ | ૧ | ૯ | ૭ | ૮ | ૬ | ૩ |
| ૯ | ૧ | ૭ | ૩ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૨ | ૬ | ૫ | ૯ | ૭ | ૧ | ૩ | ૮ | ૪ |
| ૧ | ૭ | ૪ | ૮ | ૫ | ૩ | ૯ | ૨ | ૬ |
| ૩ | ૨ | ૧ | ૫ | ૮ | ૪ | ૬ | ૭ | ૯ |
| ૭ | ૪ | ૯ | ૬ | ૧ | ૨ | ૫ | ૩ | ૮ |
| ૫ | ૮ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૧ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૧૯૬૦ના દાયકાના હિન્દી ફિલ્મોના બે અત્યંત સફળ એક્ટર સુનીલ દત્ત અને રાજેન્દ્ર કુમારે કઈ ફિલ્મમાં સાથે કામ કર્યું હતું?

અ) ગુમરાહ બ) મધર ઈન્ડિયા ક) ગોરા ઔર કાલા ડ) નેહલે પે દેહલા

### નોંધી રાખો

નાટક અને ફિલ્મ તો અનેક બને છે, પણ જે કૃતિ જોયા બાદ થિયેટરમાં પડદો પડી ગયા પછી અંતરપટ પરનો પડદો ઊંચકાય એ કૃતિ મહાન કહેવાય.

### માઈન્ડ ગેમ

દાદામોની તરીકે જાણીતા થયેલા અશોક કુમારે વિવિધ પાત્ર ભજવ્યા છે. કઈ ફિલ્મમાં તેમનું પાત્ર નેગેટિવ હતું એ જાણો છો?

અ) સફર બ) ખૂબસૂરત
ક) જ્વેલ થીફ ડ) ચલતી કા નામ ગાડી

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| फंदा | કપટ |
| फगुआ | હોળી |
| फख्र | ઘમંડ |
| फजूल | વ્યર્થ |
| फन | ખૂબી |

ઓળખાણ પડી? — મધુમતી

માઈન્ડ ગેમ — અચાનક

ગુજરાત મોરી મોરી રે — પિનાકીન શાહ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — હંટરવાલી કી બેટી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) નૂતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) લજિતા ખોના (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) અલકા વાણી (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) મહેશ દોશી (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) અંજુ ટોલિયા (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) ડાયના સંતોકે (૩૨) પ્રવીણ વોરા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) પુષ્પા ખોના (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) ભારતી બુચ (૩૭) કિશોર બી. સંઘરાજકા (૩૮) અરવિંદ કામદાર (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર ઉદેશી (૪૨) ગીતા ઉદેશી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) અંબરીષ ઓઝા (૪૫) મહેશ સંઘવી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) વક્ત, ૨) બાગબાન, ૩) કભી ખુશી કભી ગમ, ૪) બાબુલ, ૫) ૧૦૨ નોટ આઉટ, ૬) શક્તિ, ૭) વિરુદ્ધ

ક્વિઝ (બ) ૧) બ્રહ્મચારી, ૨) કુંવારા બાપ, ૩) મુક્તિ, ૪) આરાધના, ૫) અલબેલા ૬) મિશન કાશ્મીર. ૭) રાઉડી રાઠોડ

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# શીલા વાઝ... ડાન્સરનો દસકો

### હિન્દી ન આવડતું હોવા છતાં હિન્દી ફિલ્મોનાં ગીતો- નૃત્યનાં કારણે યાદગાર બની જવું એ આસાન નથી, છતાં શીલાએ તે કરી દેખાડ્યું





'શ્રી ૪૨૦'માં રાજ કપૂર સાથે અને 'તુમસા નહીં દેખા'માં શમ્મી કપૂર સાથે

તમે જો રાજ ખોસલાની 'સીઆઈડી' ફિલ્મ જોઈ હશે તો 'લેકે પેહલા પેહલા પ્યાર ભર કે આંખોં મેં ખુમાર, જાદુ નગરી સે આયા હૈ કોઈ જાદુગર' ગીત જરૂર તમારા સ્મરણમાં હશે. રાજ કપૂરની 'શ્રી ૪૨૦' ફિલ્મ જોઈ હશે તો 'પ્યાર હુઆ ઈકરાર હુઆ, પ્યાર સે ફિર ક્યું ડરતા હૈ દિલ' હૈયા સરસું હશે, પણ સાથે સાથે મજેદાર કોરસ ગીત 'રમૈયા વસ્તાવૈયા' સુધ્ધાં નહીં ભૂલ્યા હો. આ બંને ગીતની જોડતી એક કડી એટલે ડાન્સર શીલા વાઝ. હિન્દી ભાષા ન આવડતી હોવા છતાં ગોવાની આ ડાન્સર મારકણી અદા સાથેના ડાન્સને કારણે સિને રસિકોને પસંદ પડી ગઈ. એટલું જ નહીં, એકવીસમી સદીના યંગસ્ટર્સ પણ ટીવી પર જૂના ગીતોમાં એમને જોઈ ઓવારી જતા એ હકીકત છે. ૨૭ જૂન ૧૯૩૪માં જન્મ અને ૨૯ જૂન, ૨૦૨૨ના દિવસે અવસાન પામેલી શીલા વાઝે એક દસકો સૌનો હોય એ વાત સિદ્ધ કરી હતી. ૧૭ વર્ષની ઉંમરે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નસીબ અજમાવવા આવેલી શીલા માટે તૈયાર ભાણે બેસવા જેવી પરિસ્થિતિ નહોતી. એ સમયે કક્કુના પગ જામી રહ્યા હતા અને હેલન, મીનુ મુમતાઝ વગેરે નૃત્યાંગના પોતાની પાંખો ફફડાવી રહી હતી.

બીજી તરફ, શીલા વાઝની ડાન્સ ટેલન્ટથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ફિલ્મમેકરો પ્રભાવિત થયા હતા, પણ એક મોટી મુશ્કેલી એ હતી કે ગોવામાં ઉછરેલી શીલાને હિન્દી નહોતું આવડતું. કોંકણી ઉપરાંત અંગ્રેજી ભાષાનો જ એને મહાવરો હતો. જ્યારે ગીતનું ફિલ્માંકન થાય ત્યારે ડાન્સરે ગીત ન ગાવાનું હોય, પણ એના બોલ અનુસાર હોઠ તો ફફડાવવાના જ હોય એટલે શીલાને ગીતના બોલ અંગ્રેજીમાં લખીને આપવામાં આવતા હતા. 'એક નજર' અને 'શૌખિયા' જેવી ફિલ્મોમાં શીલાને મોકો મળ્યો, પણ ન તો એને ધ્યાનમાં આવે એવી કોઈ મુવમેન્ટ મળી કે ન પડદા પર નામની ક્રેડિટ મળી. પરિણામે વાત શૂન્ય પર જ અટકીને રહી. આ વાત છે ૧૯૫૧- ૫૨ની.

એ પછી ૧૯૫૫માં આવી રાજ કપૂરની સુપરહિટ ફિલ્મ 'શ્રી ૪૨૦'. ફિલ્મના ગીત - સંગીતને પુષ્કળ લોકપ્રિયતા મળી. રાજ કપૂર - નરગીસ પર ફિલ્માવાયેલું 'પ્યાર હુઆ ઈકરાર હુઆ' બેશક નંબર વન સોન્ગ હતું, પણ મુંબઈની શ્રમિક જનતાનો અસલી મિજાજ દર્શાવતું લતા - રફી - મુકેશ સાથે કોરસનું ગીત 'રમૈયા વસ્તાવૈયા' પણ લોકજીભે ચડી ગયું હતું. એમાંય 'તૂઔર થા તેરા દિલ ઔર થા, તેરે મન મેં યે મીઠી કટારી ન થી' પંક્તિઓમાં મુંબઈના શ્રમિકોની શૈલીનું નૃત્ય અને શીલા વાઝની ચંચળ અદા સિને રસિકોનું દિલ જીતી લેવામાં સફળ રહી હતી. આ ગીતની કોરિયોગ્રાફી ઝોહરા સહગલે કરી હતી.૧૯૩૫થી ૨૦૦૭ની 'સાંવરિયા' સુધી વ્યસ્ત રહેલાં ઝોહરા સહગલ એક ઉમદા અભિનેત્રી હોવા ઉપરાંત કુશળ નૃત્યાંગના અને કોરિયોગ્રાફર પણ હતાં. 'શ્રી ૪૨૦'ના અન્ય ગીત 'દિલ કા હાલ સુને દિલવાલા'માં પણ રાજ કપૂર સાથે શીલા વાઝ દર્શકોનું દિલ જીતી લેવામાં સફળ રહ્યાં. કેટલાક ચહેરા એવા હોય કે બહુ સુંદર ન હોય પણ મોહક હોય. શીલા વાઝ દેખાવે રૂપાળા નહોતાં, પણ એમનું મુખારવિંદ અત્યંત મોહક હતું.

રાજ ખોસલાની ફિલ્મ 'સીઆઇડી' જોઈ હોય તો એનું 'લેકે પેહલા પેહલા પ્યાર' ગીત યાદ કરો. પ્રમુખપણે હીરો - હીરોઈન દેવ આનંદ અને શકીલા પર ફિલ્માવાયેલા આ ગીતમાં શીલા વાઝ પણ નજરે પડે છે. હીરો - હીરોઈનની ભાવના હાર્મોનિયમ વગાડતી વ્યક્તિ અને નૃત્ય કરતી શીલા વાઝ દ્વારા વ્યક્ત થાય છે. એક ગીતમાં ચમકી સ્મરણપટ પર અંકિત થઈ જવાની શીલા વાઝની કાબેલિયત અહીં પણ જોવા મળે છે.

એવું જ મેહમુદની ફિલ્મ 'છોટે નવાબ' વિશે કહી શકાય. રાહુલ દેવ બર્મન - પંચમના પદાર્પણના આ ચિત્રપટમાં એક અત્યંત ખૂબસૂરત ગીત છે 'ઘર આજા ઘીર આએ બદરા સાંવરિયા'. મેહમૂદ અને અનવર હુસેન ડાન્સ માણવા ગયા હોય છે ત્યારે આવતા આ ગીતના પ્રારંભમાં જ શીલા વાઝનો મોહક ચહેરો સંમોહિત કરી દે છે. શાસ્ત્રીય શૈલીના આ ગીતના મિજાજને પારખી શીલાએ પોતે ક્લાસિકલ ડાન્સમાં પણ માહેર છે એ સિદ્ધ કર્યું હતું.

૧૯૫૮માં આવેલી 'સવેરા' ફિલ્મના 'ઓ પરદેસી છોરા છૈલા ગોરા ગોરા' ગીતમાં શીલા અન્ય ડાન્સરો સાથે મેદાન મારી જાય છે. નાનકડી સઢવાળી હોડીમાં પિક્ચરાઇઝ થયેલા આ ગીતમાં ફિલ્મના નાયક - નાયિકા અશોક કુમાર અને મીના કુમારી હાજર છે, પણ ફરી એક વાર શીલા દર્શકોના દિલ જીતી લેવામાં સફળ રહે છે.

શમ્મી કપૂરને સ્ટાર બનાવી દેનારી ફિલ્મ 'તુમસા નહીં દેખા' કેમ ભૂલાય? શમ્મી કપૂર સાથે કેમેરાની ફ્રેમમાં રહી પોતાના પર ધ્યાન ખેંચવું આસાન નથી એ વાત સહુ કોઈ જાણે છે. ફિલ્મના મજેદાર ગીત 'છૂપનેવાલે સામને આ, છૂપ છૂપ કે મેરા દિલ ન જલા'માં શીલાએ એ કરતબ કરી દેખાડ્યો છે. ફિલ્મ ૧૯૫૭માં રિલીઝ થઈ હતી. આ વર્ષ શીલા વાઝ માટે શુકનિયાળ સાબિત થયું હતું. એની એક ડઝન ફિલ્મ રિલીઝ થઈ હતી અને એનાં ઘણાં ગીત લોકપ્રિય થયાં હતાં.

૧૯૫૫માં રજૂ થયેલી 'હાઉસ નંબર ૪૪'માં પણ નાઇટક્લબમાં એક ડાન્સરનું સોન્ગ છે. અલબત્ત,.આ પ્રકારના સેટઅપનાં ગીતોમાં સૌપ્રથમ હેલન યાદ આવે. દેવ આનંદ નાઇટક્લબમાં વ્યથિત ચહેરે બેઠા છે અને શીલા વાઝ 'દમ હૈ બાકી તો ગમ નહીં' ગીત પર જે મોહક નૃત્ય કરે છે એ જોઈ દર્શકો સુધ્ધાં થોડીવાર માટે પોતાના દુઃખ - દર્દ ભૂલી ગયા હશે.

આ સિવાય પણ આ ડાન્સરના અન્ય યાદગાર ગીત છે. તાત્પર્ય એટલું કે પડદા પર થોડી વાર પણ ચમકી કાયમ દર્શકના મનોવિશ્વમાં ચમકી જવા માટે આવડત જોઈએ. એ આવડત શીલા વાઝમાં હતી. કમનસીબે હેલન કે કક્કુ જેટલું સન્માન એને નથી મળ્યું. ■

---

ફિલ્મનામા

નરેશ શાહ

# 'કર્ઝ' રિલીઝ વખતે નબળી, પણ આજે બની ગઈ કલ્ટ ફિલ્મ!

### વાંચો, સુભાષ ઘઈની 'કર્ઝ' ફિલ્મ સાથે સંકળાયેલી કેટલીક અ-જાણી વાત આજે ૪૫ વરસ પછી!




૨૭ જૂન ૧૯૮૦.....

એ દિવસને આજે પિસ્તાલીસ વરસ પૂરાં થઈ રહ્યા છે અને એ જ દિવસે શો મેન સુભાષ ઘઈની ઋષિ કપુર-ટીના મુનીમ-સીમી ગરેવાલ સ્ટારર 'કર્ઝ' પણ રિલીઝ થઈ હતી. એના બે વરસ પહેલાં જ સુભાષ ઘઈએ પોતાનું હોમ પ્રોડકશન હાઉસ 'મુક્તા આર્ટસ' શરૂ કરી દીધું હતું. હોમ પ્રોડકશન 'મુક્તા આર્ટસ'ની પ્રથમ ફિલ્મ 'કર્ઝમાં પ્રોડયુસર તરીકે સસરા અખતર ફારૂકી અને જગજીત ખુરાનાના નામ હતા. નિર્માતા તરીકે સુભાષ ઘઈએ ફિલ્મ 'હીરો' (૧૯૮૩)થી આપવાનું શરૂ કર્યું કતું , પણ સુભાષ ઘઈ માટેની સફળતા હજુ સ્થિર થઈ નહોતી. 'કાલીચરણ' અને 'વિશ્વનાથની' સકસેસ પછી 'ગૌતમ ગોવિંદા' અને 'ક્રોધી' ફિલ્મની નાકામિયાબી એમના ભાગે આવેલી. 'કર્ઝ' નું સફળ થવું જરૂરી હતું, પરંતુ આજે કલ્ટ ગણાવા લાગેલી 'કર્ઝ' ફિલ્મને રિલીઝ સમયે નબળો રિસ્પોન્સ મળ્યો હતો. સુપરડુપર હિટ ગીતો- સંગીત હોવા છતાં બોકસ ઓફિસ પર ઢીલી પડી ગયેલી ફિલ્મ માટે સુભાષ ઘઈને સધિયારો મળવા લાગ્યો હતોઃ 'દોસ્ત, તમે આ ફિલ્મ દશ વરસ વહેલી બનાવી નાખી છે!'

હકીકતમાં 'કર્ઝ' ફિલ્મ લખવાની પ્રેરણા સુભાષ થઈને 'ધ ઈન્કાર્નેશન ઓફ પીટર પ્રાઉડ' (૧૯૭૫) ફિલ્મ પરથી મળી હતી, પણ અંગ્રેજી ફિલ્મમાં તો પૂર્વજન્મ પામતો હીરો પોતાની જ આગલાં જન્મની પુત્રીના પ્રેમમાં પડે છે તેવી કહાણી હતી. ભારતીય સમાજમાં આવી કથા કોઈ સ્વીકારે નહીં (એ યશ ચોપરાની 'લમ્હેં ફિલ્મમાં પણ સાબિત થયું અગિયાર વરસ પછી, ૧૯૯૧માં) એટલે સુભાષ ઘઈએ તેને ભારતીય ટચ આપ્યો છતાં લોકોને ત્યારે 'કર્ઝ ગળે ઊતરી નહોતી. પોસ્ટમોર્ટમ કરતાં ખબર પડી કે આજ સુધી હિન્દી સિનેમામાં ડબલ રોલમાં કામ કરતાં અભિનેતાવાળી ફિલ્મ સ્વીકાર્ય થઈ હતી, પણ બે જન્મારામાં (પ્રથમ રાજકિરણ અને પછી એ જ પાત્ર ઋષિ કપૂર ભજવે) બે બલગ અલગ અભિનેતાની પરિકલ્પના વાજબી હોવા છતાં લોકોને ગળે ઊતરી નહોતી.



સુભાષ ઘઈ

૧૯૮૦માં રિલીઝ થયેલી 'કર્ઝ' ફિલ્મના જમા ખાતાંમાં જો કે તેના ગીત-સંગીત હતા. રિલીઝ સમયે પણ એ બેસુમાર હિટ થયેલાં અને સ્ક્રીન પરથી ગાયબ થયા પછી બધા તેને 'કલ્ટ' ફિલ્મ ગણાવા લાગ્યા. આ વિશેષણ ખોટું પણ નહોતું, એ વાત પણ 'કર્ઝ' ફિલ્મે ડગલે ને પગલે સાબિત કરી છે. 'કર્ઝ'ના ઓફિશિયલ રાઈટસ લઈને ટી-સિરિઝ અને હિમેશ રેશમિયાએ 'કર્ઝ' નામની ફિલ્મ બનાવી, જે ઓરિજિનલ 'કર્ઝ' કરતાં પણ વધુ ભંગાર હતી.

એ અલગ વાત છે કે 'કર્ઝ' કરતાં એના કોપી રાઈટસ વેચીને સુભાષ ઘઈ વધુ પૈસા કમાયા, પણ 'કર્ઝ'ની રિમેક એમણે ક્યારેય જોઈ નહીં. આજ 'કર્ઝ'ની થીમ પર શાહરુખ ખાને 'ઓમ શાંતિ ઓમ' બનાવી અને તેમાં એક-બે દશ્યમાં ખુદ સુભાષ ઘઈને પણ લીધા હતા. શૂટિંગ સમયે તો શાહરુખ ખાને મજાકમાં સુભાષ ઘઈને કહેલું કે અમે તમારી મંજૂરી લીધા વગર 'કર્ઝ'ની રિમેક બનાવી રહ્યા છીએ અને તમારે (તેમજ ઋષિ કપૂરે) એના એક દશ્યમાં સ્કીન પર પણ આવવાનું છે. સુભાષ ઘઈએ એ પછી કહેલું કે, 'શાહરૂખનો કરિશ્મા એવો છે કે એને બધા ખૂન માફ છે!'

જો કે એક ઓફિશિયલ રિમેક અને બે-ત્રણ ફિલ્મો પ્રેરણા લઈને બને એટલે જ 'કર્ઝ'ને કલ્ટ ગણી લેવી જરૂરી નથી. કલ્ટ ગણાવા માટે 'કર્ઝ પાસે પોતાના માઈલસ્ટોન છે. રિલીઝ વખતે નબળી ગણાયેલી 'કર્ઝ' પરથી તામિલમાં 'ઈન્નાકુલ ઓરૂવાન' (૧૯૮૪), તેલુગુમાં 'આત્ય ભાલય' (૧૯૮૫) અને કન્નડમાં 'યુગપુરુષ' (૧૯૮૯) નામની ફિલ્મ બની ચૂકી છે. સુપરડુપર સંગીત માટે જાણીતા સુભાષ ઘઈને એવી સલાહ મળેલી કે ફિલ્મ પોપસ્ટાર પર આધારિત છે તો વેસ્ટર્ન મ્યુઝિકના માણીગર આર. ડી. બર્મનને 'કર્ઝને સંગીત સોંપવું જોઈએ, પણ લક્ષ્મીકાંત-પ્યારેલાલે ચેલેન્જ તરીકે 'કર્ઝ'ને લીધી. પરિણામ આપણી સામે છે. 'કર્ઝ'ના તમામ ગીતો અદ્‌ભુત લોકપ્રિયતાને વર્યા પણ એથી ય મોટી તાજ્જુબી એ કે સુભાષજીના ફેવરિટ ગીતકાર આનંદ બક્ષીએ લખેલાં તમામ ગીતોના શબ્દો પરથી ફિલ્મ બની, જેમકે....

દર્દ-એ-દિલ (૧૯૮૩), પૈસા યે પૈસા (૧૯૮૫), મૈં સોલહ બરસ કી (૧૯૮૯), આશિક બનાયા આપને (૨૦૦૫), ઓમ શાંતિ ઓમ (૨૦૦૭), એક દિવાના થા (૨૦૧૨) અને એક હસીના થી (૨૦૧૭) ...નામે હિન્દી ફિલ્મો બની ચૂકી છે.! ચેલેન્જ તરીકે લીધેલી ફિલ્મે જ લક્ષ્મીકાંત પ્યારેલાલ (દર્દે એ દિલ અને ઓમ શાંતિ ઓમ ગીત માટે) અને આનંદ બક્ષીને 'ફિલ્મફેર' એવોર્ડ મળેલો. એક ફિલ્મફેર એવોર્ડ ફિલ્મમાં કામિની વર્મા બનતા સીમી ગરેવાલને પણ મળ્યો હતો ત્યારે સીમી ગરેવાલને સુભાષ ઘઈને હેરાન કરવા માટે મનોમન અફસોસ પણ થયેલો, કારણ કે ખલનાયિકાનો આ રોલ કરવા સીમી ગરેવાલ તૈયાર નહોતાં થતાં. સુભાષ ઘઈએ ઋષિ કપૂર અને સીમીના બહેનનું પ્રેશર લાગીને એમને કામિની વર્માનું કિરદાર કરવા તૈયાર કર્યા, છતાં પોતાના દરેક સીનમાં સીમી ખલનાયિકાપણાંની ધાર જાણી જોઈને લાવતા નહોતાં. બાર રિલ શૂટ થયા પછી એક વખત તો સભાષજીએ સીમીને ગુસ્સામાં કહી પણ દીધું કે, હું આખી ફિલ્મને ડબ્બામાં પધરાવી દઈશ, જો તમે યોગ્ય રીતે (હું કહું છું તેમ) એકટિંગ નહીં કરો તો...! એ પછી સિનિયર અભિનેત્રી દુર્ગા ખોટે (ફિલ્મમાં હીરોના માતા) એ મામલો ટાઢો પાડ્યો અને 'કર્ઝ' નામની કલ્ટ ફિલ્મ આ રીતે પૂરી થઈ! ■

---





મહેશ નાણાવટી

# સામેથી માગી લીધી અવનવી ગિફ્ટ...

સામાન્ય રીતે કોઈ પણ ગિફ્ટ એક સરપ્રાઈઝની જેમ જ આપવામાં આવતી હોય છે. હા, એ વાત અલગ છે કે પત્ની જ્યારે પતિને આપતી હોય છે ત્યારે પતિને પૂછતી હોય કે 'આ વખતે મારી બર્થ-ડેમાં તમે મને શું ગિફ્ટ આપવાના છો?!

જોકે, ફિલ્મની દુનિયામાં આવી રીતે, (પત્ની કે પ્રિયતમા ન હોય એની પાસેથી) સામે ચાલીને ગિફ્ટ માગી હોય એવા કિસ્સા બહુ જુજ છે, પણ જે છે એ મજેદાર છે.

શમ્મી કપૂરે પોતાની ઢળતી ઉંમરે પોતાના કિશોરવયના સમયનો એક સાવ અનોખો કિસ્સો શેર કર્યો હતો. વાત એ સમયની હતી જ્યારે 'બરસાત' ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું હતું. તે વખતે શમ્મી કપૂર સાવ હાઈ-સ્કૂલમાં ભણતા ટીનએજર હતા.



શમ્મી કપૂર

એક દિવસ તે 'બરસાત'ના શૂટિંગમાં આંટો મારવા ગયા ત્યારે જોયું કે સેટના એક ખૂણે બેસીને અભિનેત્રી નરગિસ રડી રહી છે! રડવું એટલે સાવ ધ્રુસકે ધ્રુસકે નહીં, પણ શમ્મીએ જોયું કે નરગિસ ખૂબ ઉદાસ છે અને એમની આંખોમાં આંસુ છે.

શમ્મીએ નજીક જઈને પૂછ્યું : 'નરગિસજી, શું વાત છે? કેમ આમ રડી રહ્યાં છો?'

નરગિસે ઈમોશનલ ઉભરો કાઢતાં કહ્યું :

'બેટા શમ્મી, રાજ કપૂરે મને એમની નવી ફિલ્મ 'આવારા'ની ફિલ્મની વાર્તા કહી હતી... એ મને એટલી બધી ગમી ગઈ કે મારે એમાં હીરોઈનનો રોલ કરવાની ખૂબ જ ઈચ્છા છે. પણ હમણાં થોડી વાર પહેલાં મને ખબર પડી કે રાજ કોઈ બીજી હીરોઈન વિશે વિચારી રહ્યા છે!'

ટીનએજર શમ્મી કહે છે : 'એમાં હું કંઈ મદદ કરું? તમે કહેતા હો તો હું મોટાભાઈને વાત કરું.'

નરગિસે કહ્યું : 'ના ના, એવું કશું ના કરતા. બસ, મારા માટે પ્રાર્થના કરજે કે એ રોલ મને મળે! હું તને પ્રોમિસ આપું છું કે જો 'આવારા'નો રોલ મને મળશે તો હું તને એક કીસ આપીશ!'

આ 'કીસ'ની વાત સાંભળીને તરુણ શમ્મી તો ખૂબ જ રોમાંચિત થઈ ગયા! કહ્યું કે 'હું જરૂરથી તમારા માટે પ્રાર્થના કરીશ!'

પણ પછી તો એ વાત વીસરાઈ ગઈ! કેમ કે 'બરસાત' પછી રાજ કપૂર બીજા પ્રોજેક્ટોમાં મશગૂલ હતા. છેવટે ત્રણેક વરસ પછી 'આવારા'નું શૂટિંગ શરૂ થયું.

આ દરમિયાનમાં, શમ્મી કપૂર કહે છે કે 'હું તો ટીનએજર છોકરામાંથી કોલેજમાં જતો ફેશનેબલ, ડેશિંગ યંગ મેન બની ચૂક્યો હતો...જોકે, મને પણ પેલું ગિફ્ટનું પ્રોમિસ યાદ નહોતું. પણ...'

કહે છે કે એક વાર જ્યારે શમ્મી કપૂર 'આવારા'ના સેટ ઉપર પહોંચ્યા કે તરત જ નરગિસ એમને જોઈને ચોંકી ગયાં એ ઊભાં થઈને બોલ્યાં :



નરગિસ

'નો!... નો!... નો...!'

શમ્મી પણ સમજી ગયા કે નરગિસજી કઈ વાતે ચોંકી ગયા છે. એ નરગિસજી તરફ આગળ વધ્યા કે તરત નરગિસજી ભાગવા માંડ્યા ને આખા સેટ પર દોડાદોડી મચી ગઈ!

છેવટે નરગિસજી થાકીને બોલ્યાં : 'આઈ વિલ ગિવ યુ એની થિંગ યુ વોન્ટ! બટ નોટ અ કીસ!'

'શી ખબર, તે વખતે મને શું સૂઝયું...' શમ્મી કપૂર કહે છેઃ 'મેં કહ્યું, મને ગ્રામોફોન રેકોર્ડ પ્લેયર જોઈએ! '

નરગિસજી કહે : 'ડન!'


ખરી મજા તો હવે આવે છે. શમ્મી પૂર એ ઘટનાને યાદ કરતાં કહે છે : 'નરગિસજીએ મને કારમાં બેસાડ્યો અને પોતે કાર ડ્રાઈવ કરીને અંધેરીના સ્ટુડિયોથી સીધા ચર્ચગેટમાં આવેલા એચએમવીના શોરૂમ પર લઈ ગયાં, અને કહ્યું : 'ચૂઝ યોર સેલ્ફ, તને જે ગ્રામોફોન પ્લેયર જોઈએ એ.'

શમ્મી કપૂરે મોંઘા મોંઘા પ્લેયરોમાંથી એક હની-બ્રાઉન કલરનું પ્લેયર પસંદ કર્યું. એ તો ઠીક, નરગિસજી : 'હવે ચાલ મારી સાથે...' શમ્મી કપૂરને એ ગ્રામોફોન રેકોર્ડઝની બેસ્ટ દુકાને લઈ ગયાં અને કહ્યું : 'તને ગમતી પચાસ રેકોડ્ઝ તું લઈ લઈ શકે છે!'

શમ્મી કપૂરે તે વખતે રોક, જાઝ, રમ્બા, સામ્બા... વગેરે જાતજાતની રેકોર્ડ પસંદ કરી કરીને લેવડાવી. એ મીઠડી ઘટનાને યાદ કરતાં શમ્મી કપૂર કહે છે :

'એ રીતના મ્યુઝિક મારી જિંદગીમાં પ્રવેશ્યું...'

બીજો એક કિસ્સો કવિ નીરજનો છે. ફિલ્મ 'કન્યાદાન'ના પ્રોડ્યુસર રાજેન્દ્ર ભાટિયાની ઈચ્છા હતી કે ફિલ્મનાં ગીતો નીરજ સાહેબ લખે. આ વાતથી સંગીતકારો શંકર અને જયકિશન વાકેફ હતા, પરંતુ ઉત્સાહમાં આવીને રાજેન્દ્ર ભાટિયાએ એક ગીતની સિચ્યુએશન પર ગીત લખવા માટે ડાયરેક્ટ નીરજ સાહેબને કહી દીધું. નીરજ ગીત લખીને આવ્યા ત્યારે સંગીતકાર શંકરને એ ગીત બિલકુલ પસંદ ન આવ્યું. એમણે જરા ગુસ્સામાં કહી દીધું કે 'બહુ બકવાસ ગીત છે.' નીરજ સાહેબે પણ એ જ તૌરમાં આવીને ગીત લખેલો કાગળ ફાડી નાખ્યો!



કવિ નીરજ

પછી શંકર-જયકિશને એ જ સિચ્યુએશન માટે નવેસરથી ધૂન બનાવી અને એ ધૂન પર નીરજજીને ગીત લખવા કહ્યું. કવિ નીરજને એ કસબ પણ બખૂબી આવડતો હતો. એમણે એ ગીત લખીને પ્રોડ્યુસર રાજેન્દ્ર ભાટિયાને બતાડ્યું. ભાટિયા સાહેબ ગીતના શબ્દો વાંચીને અવઢવમાં પડ્યા.:

'શું આ ગીત એમને પસંદ પડશે?'

નીરજે ચેલેન્જ સ્વીકારતા કહ્યું :

'જો એમને પસંદ પડે તો હું માગું એ તમે આપશો?'

ભાટિયા સાહેબે હા પાડી અને લો, શંકરજીને એ ગીત વાંચતા જ ગમી ગયું! હવે નીરજ સાહેબ કહે છે : 'મેં તો વટ કે સાથ, એક કાર માગી લીધી!

- અને હા, ભાટિયા સાહેબે આપી પણ ખરી! એ કાર હતી 'સ્ટાન્ડર્ડ હેરાલ્ડ' અને ગીત હતું :

'લિખે જો ખત તુઝે, વો તેરી યાદ મેં...'! ■

ફોકસ


દિક્ષિતા મકવાણા

# ઈરાની સિનેમા હોલિવૂડથી કઈ રીતે અલગ પડે છે?

## વિશ્વ મનોરંજન ઉદ્યોગમાં એ ફિલ્મોનું શું મહત્ત્વ છે?


અબ્બાસ કિયારોસ્તામી


અસગર ફરહાદી


માજિદ મજીદી


જાફર પનાહી




ઈરાનમાં ક્રાંતિ થઈ એ પહેલા, અહીં સિનેમાને 'હરામ' માનવામાં આવતું હતું. ધર્માંધ નેતાઓએ તેને કલા તરીકે નકારી કાઢ્યું હતું. સમય વીતતા ત્યાં ફિલ્મને એક કળા તરીકે સ્વીકૃતિ મળવા માંડી પછી અહીંની ફિલ્મોએ જુલમ અને પીડાના ભાવનાત્મક ચિત્રણ દ્વારા વિશ્વમાં પોતાની એક અલગ ઓળખ બનાવી. આ જ કારણ છે કે આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં ઈરાની સિનેમાને ઘણી પ્રશંસા મળે છે.

આજકાલ ઈઝરાયલ અને અમેરિકાના નિશાના પર ઈરાન છે. નેતન્યાહૂ અને ડોનલ્ડ ટ્રમ્પ ઈરાનની પરમાણુ શક્તિને ખતમ કરવા માટે મક્કમ છે, પરંતુ ઈરાનની કલા અને સિનેમાએ બન્નેએ સમગ્ર વિશ્વમાં પ્રભાવ પાડી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય મહોત્સવોમાં ઈરાની ફિલ્મોને ઘણી પ્રશંસા મળે છે.

તાજેતરમાં, 'કાન ફિલ્મ ફેસ્ટિવલ- ૨૦૨૫' દરમિયાન ઈરાનના સિનેમાએ ફરી એકવાર વિશ્વભરના ફિલ્મ પ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું. અહીં રજૂ થયેલી ફિલ્મોને વિવેચકો અને દર્શકોએ એક અવાજે વખાણી વધાવી છે.

લગભગ વીસ વર્ષના પ્રતિબંધનો સામનો કર્યા પછી મહોત્સવમાં દિગ્દર્શક જાફર પનાહીની ફિલ્મ 'ઇટ વોઝ જસ્ટ એન એક્સિડેન્ટ'નો પ્રીમિયર યોજાયો હતો. ત્યારબાદ, તેના દિગ્દર્શક જાફર પનાહીને પણ પામ'ઓર અવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જાફર પનાહી માટે આ અવોર્ડ માત્ર પ્રોત્સાહન જ નહીં, પરંતુ ઈરાની કલા અને સિનેમા માટેનું સન્માન હતું, જેની સમગ્ર વિશ્વમાં એક અલગ પ્રતિષ્ઠા છે એ અવોર્ડ મેળવ્યા પછી જાફર પનાહીએ કહ્યું કે એ ખુશીની વાત છે કે દુનિયાએ ઈરાની સિનેમા પર ધ્યાન આપવાનું શરૂ કર્યું છે અને જે રીતે ઈરાની સિનેમાએ સમગ્ર વિશ્વમાં પોતાની હાજરીનો અનુભવ કરાવ્યો છે તેનાથી ઈરાની કલા અને સિનેમાને નવી ઊંચાઈઓ મળી છે...'

ઈરાની દિગ્દર્શક જાફર પનાહીના આ શબ્દોનો સાર સમજવો મુશ્કેલ નથી. જે દેશનું સિનેમા વિશ્વમાં સૌથી વધુ પ્રચાર અને પહોંચ મેળવે છે તે દેશ હોલિવૂડ છે, પરંતુ ઘણા દેશ એવા છે જેમનું સિનેમા ટેકનોલોજીની અને કથાવસ્તુથી પણ હોલિવૂડથી પાછળ નથી ચીન, જાપાન, ઇટાલીની જેમ, ઈરાનના સિનેમાએ પણ પોતાની એક આગવી ઓળખ બનાવી છે. અહીંની ફિલ્મ્સ તેના દેશનો સાંસ્કૃતિક વારસો રજૂ કરે છે.

'કાન ફિલ્મ ફેસ્ટિવલ' ઉપરાંત, વેનિસ અને બર્લિન ફિલ્મ ફેસ્ટિવલમાં પણ ઈરાની સિનેમાની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. ઝાર અમીર ઇબ્રાહીમી, લીલા હતામી, ગોલશિફતેહ ફરાહાની અને શાહાબ હુસૈની અને રેઝા નાજી જેવી અભિનેત્રીઓને આ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનય માટે પુરસ્કારો મળ્યા છે. જાફર પનાહી ઉપરાંત, અસગર ફરહાદી, અબ્બાસ કિયારોસ્તામી, માજિદ મજીદી, અલી હતામી જેવા દિગ્દર્શકોની ફિલ્મોએ પોતાની ફિલ્મો દ્વારા આગવી ઓળખ બનાવી છે.

ઈરાની સિનેમા અને હોલિવૂડ વચ્ચે શું છે તફાવત?

વાસ્તવમાં ઈરાની અને હોલિવૂડની ફિલ્મો તેમની અલગ શૈલીઓ માટે પ્રખ્યાત છે. નિર્માણ શૈલીથી લઈને વિષય સુધી તફાવત છે. હોલિવૂડમાં કાલ્પનિકતા દર્શાવવાનો ટ્રેન્ડ વધુ છે, જ્યારે ઈરાની સિનેમા જીવન અને મૂલ્યોને વધુ મહત્ત્વ આપે છે. હોલિવૂડ અને ઈરાની સિનેમામાં બજેટ પણ એક મોટું પરિબળ છે. હોલિવૂડ ફિલ્મો અંગ્રેજીમાં હોય છે, તેથી એ અનેક દેશમાં સરળતાથી પહોંચે છે અને સમજી શકાય છે, જ્યાં અંગ્રેજી મુખ્ય ભાષા છે. હોલિવૂડ ફિલ્મો ગ્લેમર અને બોલ્ડ દૃશ્યો માટે જાણીતી છે, જ્યારે ઈરાની ફિલ્મ નિર્માતાઓ એમના દેશની સામાજિક વાસ્તવિકતા દર્શાવવામાં વધુ માને છે.

ઈરાની ફિલ્મોનું વ્યાપારી પાસું ખૂબ મહત્ત્વનું નથી, જ્યારે હોલિવૂડ ફિલ્મોનું વ્યાપારી પાસું ખૂબ મજબૂત છે. હોલિવૂડ ફિલ્મો શક્ય તેટલા પૈસા કમાવવાનો હેતુ ધરાવે છે, જ્યારે ઈરાની સિનેમા ફક્ત વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરતું નથી. જોકે, ઈરાની સિનેમામાં સેન્સરશિપ મુખ્ય ભૂમિકા ભજવે છે. ધાર્મિક માન્યતાઓ અને નૈતિક મૂલ્યોનું કડક પાલન કરવામાં આવે છે. સરકારી એજન્સીઓ અહીં બનેલી ફિલ્મો પર ચાંપતી નજર રાખે છે. જ્યારે હોલિવૂડમાં સેન્સરશિપનો મુદ્દો મહત્ત્વપૂર્ણ નથી..

આ ઉપરાંત, એક મોટો તફાવત એ છે કે ઈરાની સિનેમા ભાગ્યે જ પોતાના સમાજની મર્યાદાઓથી બહાર નીકળે છે, જ્યારે હોલિવૂડ સિનેમા વૈશ્વિક પ્રેક્ષકોને લક્ષ્ય બનાવે છે. હોલિવૂડ સિનેમા સંદેશને બદલે મનોરંજન અને વૈશ્વિક વ્યવસાય પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. આવી સ્થિતિમાં, બંને પ્રકારના સિનેમાનો વિશ્વ સિનેમા પર પોતાનો પ્રભાવ હોય છે. હોલિવૂડ ફિલ્મો મોટે ભાગે મસાલા મનોરંજન માટે નકલ અને રિમેક કરવામાં આવે છે, પરંતુ ઈરાની સિનેમા ભાગ્યે જ રિમેક કરવામાં આવે છે. અહીંની ફિલ્મો સંબંધોની સંવેદનશીલતા અને સામાજિક-રાજકીય ભેદભાવને નજીકથી દર્શાવે છે.

કડક સેન્સરશિપ છતાં ઈરાની સિનેમાને કલાત્મક માનવામાં આવે છે. ઈરાની ફિલ્મ નિર્માતાઓ કલા સાથે સમાધાન કરતા નથી. અહીં વાર્તા કહેવાની શૈલી પણ નોખી- અનોખી છે. પ્રયોગો પણ ઘણી વખત જોવા મળે છે. સામાજિક મુદ્દાઓની જટિલતાઓને ઉજાગર કરવામાં આવે છે. કોઈપણ મુદ્દાને ગંભીરતાથી વ્યક્ત કરવામાં આવે છે. આ જ કારણ છે કે વિશ્વમાં જ્યાં પણ ફિલ્મ ઉત્સવો હોય છે ત્યાં ઈરાની ફિલ્મો ખાસ ચર્ચા જગાડે છે. આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉત્સવોમાં ઈરાની સિનેમા અન્ય દેશોના ફિલ્મ નિર્માતા-દિગ્દર્શકો માટે પ્રેરણા સ્રોત પણ રહ્યું છે. મોહસેનની ફિલ્મ 'અ ટાઈમ ટુ લવ ઈરાન'માં ક્રાંતિકારી પરિવર્તન દર્શાવવામાં આવ્યું છે.


ઈરાની ક્રાંતિ પછી, અહીં સિનેમાને સ્વીકૃતિ મળી. ઈરાનના લોકો દમનનો ભોગ બન્યા હોવાથી અહીંની વાર્તાઓમાં દમનને પણ મુખ્ય તત્ત્વ તરીકે જોવામાં આવ્યું છે. ખાસ કરીને મહિલાઓ પરનો અત્યાચાર અહીંની ફિલ્મોનો મુખ્ય વિષય છે. તેને વિશ્વભરના ફિલ્મ પ્રેમીઓ તરફથી પ્રશંસા મળી છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોની પીડા દર્શાવવા માટે ઈરાની સિનેમાને બૌદ્ધિકો આદરથી બિરદાવે છે. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

અમિતાભ બચ્ચનએ આ હીરોના પિતાની ભૂમિકા કઈ ફિલ્મમાં ભજવી હતી?



૧) અક્ષય કુમાર
૨) અમન વર્મા
૩) હૃતિક રોશન
૪) સલમાન ખાન
૫) રિશી કપૂર
૬) અનિલ કપૂર
૭) જોન અબ્રાહમ

### ક્વિઝ (બ)

આ લોરી કઈ ફિલ્મની છે તે જાણો છો?

૧) મૈં ગાઉ તુમ સોં જાઓ સુખ સપનો મેં ખો જાઓ
૨) આરી આજા નિંદિયા તુ લે ચલ કહી ઉડન ખટોલે મેં
૩) લલ્લા લલ્લા લોરી દૂધ કી કટોરી દૂધ મેં...
૪) ચંદા હૈ તુ મેરા સૂરજ હૈ તુ ઓ મેરી આંખો કા તારા...
૫) ધીરે સે આજા રે અખિંયન મેં નિંદિયા આજા
૬) સોજા ચંદા રાજા સોજા ચલ સપનો મેં ચલ નીંદ કી
૭) લોરી લોરી, ચાંદાણીયા છુપ જાના રે છાણ ભર કો

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા


# ભારતીય સિનેમામાં હવે સર્જન + જનરેટિવ AI

## ભારતીય સિનેમાની નવી પેઢી એટલે સર્જનાત્મકતા અને ટેક્નોલોજીનું મિશ્રણ






દીપિકા પાદૂકોણ




ભારતીય સિનેમાની દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. હવે એ બદલાવ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવી ટેકનોલોજીથી આવી રહ્યો છે. આ જ કોલમમાં અગાઉ આપણે ભારતની પ્રથમ AI ફિલ્મ 'નાયેશા' અને પ્રથમ AI સ્ટુડિયો 'પ્રિઝમિકસ'ની વાત કરી હતી. આજે એ સિવાયના અન્ય પાસાઓમાં જનરેટિવ AIની હાજરી વિશે રસપ્રદ વાત કરીએ.

AI હવે માત્ર એક સાધન નથી રહ્યું, પણ તે એક શક્તિશાળી સાથીદાર બની ગયું છે. એવું સાથ આપતું સાધન કે જે-ફિલ્મ્સ- ટીવી શો- એડ ફિલ્મ્સ મ્યૂઝિક- લૂક્સ ડિઝાઇન અને ફેન કલ્ચર સુધી દરેક ક્ષેત્રમાં પ્રવેશી ગયું છે.

તાજેતરમાં એવી ઘણી ઘટનાઓ સામે આવી છે, જેમાં ભારતીય મનોરંજન ઉદ્યોગે AIનો સાથ લીધો છે. સૌથી પહેલી વાત કરીએ તો ટીવી શો 'જનનીઃ AI કી કહાની' ની.,,,આ શો એ ભારતની પહેલી એવી ટેલિવિઝન સિરીઝ હતી, જેમાં AI એક નાયક સમાન ભૂમિકા ભજવતું હતું. એક વૈજ્ઞાનિક સ્ત્રી પોતાની દીકરીને બચાવવા માટે એક AI આધારિત રોબોટ બનાવી શકે એવી વાર્તા દર્શાવવામાં આવી હતી. એમ તો શ્રેણી માત્ર ૬૬ એપિસોડ સુધી ચાલી, પણ એનો વિષય, અભિગમ અને રજૂઆત એવી હતી કે તેણે ભારતીય ઘરઘરમાં AI વિષયક ચર્ચા જગાવી. એમાં સાયન્સ અને ઇમોશન બંનેનો સુંદર મેળ દર્શાવવામાં આવ્યો હતો.

એડ ફિલ્મ્સની દુનિયામાં પણ AIનો ઉપયોગ નોંધપાત્ર બની રહ્યો છે. હવે Google Veo ૩ જેવી જનરેટિવ વીડિયો ટૂલ્સ દ્વારા વોક્સ પોપ સ્ટાઇલના ઇન્ટરવ્યૂ (રસ્તા પર લોકોના અભિપ્રાય લેતા વીડિયોઝ) કે ક્લિંગ અને રનવે જેવા સોફ્ટવેર્સની મદદથી શોર્ટ એડ્સ ખૂબ ઓછી કિંમત અને ટૂંકા સમયમાં બનાવી શકાય છે. અગાઉ જ્યાં લાઇવ શૂટિંગ અને ભારે મહેનત લાગતી હતી, હવે એક સોફ્ટવેર થકી એ જ પરિણામ મળી રહ્યું છે. (જોકે હજુ Google Veo ૩નો ભારતમાં સત્તાવાર પ્રવેશ બાકી છે) તેથી બ્રાન્ડ્સ હવે આ નવી તકનીકના ઉપયોગથી AIની મદદથી એડ ફિલ્મ્સ બનાવી રહી છે.

ફેશન અને સ્ટાઇલ ઇન્ડસ્ટ્રી પણ AIથી પ્રભાવિત છે. જાણીતા હેરસ્ટાઇલિસ્ટ દર્શન યેવલેકર જેમણે 'પદ્માવત', 'બાજીરાવ મસ્તાની' અને 'લાલ કપ્તાન' જેવી ફિલ્મ્સમાં કામ કર્યું છે, એ AIનો ઉપયોગ કરીને લૂક્સ અને સ્ટાઇલ્સની ટૂંક સમયમાં પૂર્વકલ્પના તૈયાર કરે છે. અગાઉ જે કામ માટે આખી ટીમ અને કલાકોની મહેનત જોઈતી એ હવે એક વ્યક્તિ ટૂલ્સ વડે કરી શકે છે. એડ ફિલ્મ્સ- મ્યુઝિક વીડિયો અને ફિલ્મ્સમાં આવા લૂક્સ બહુ કામ લાગે છે અને હવે ક્રિએટિવ વિકલ્પ પણ વધુ મળે છે.

સોશિયલ મીડિયા પર પણ AI પોતાની છાપ છોડે છે. દીપિકા પાદુકોણનો વિચર જેવી ફેન્ટસી લૂકવાળો AI ફોટો થોડા દિવસ અગાઉ વાયરલ થયો ત્યારે લોકોએ માની લીધું હતું કે તે ખરેખર કોઈ ફિલ્મનો એનો લૂક છે. લોકો અંદાજ લગાવવા લાગ્યા કે દીપિકા, એટલીની આગામી ફિલ્મમાં અલ્લુ અર્જુન સાથે આવી ભૂમિકામાં દેખાશે.

જોકે પછીથી ખબર પડી કે ફોટો ફક્ત એક ફેનની કલ્પના હતો, છતાં તે એટલો રિયલ લાગતો કે લોકો તેની ચર્ચા કરવા લાગ્યા. મતલબ AI માત્ર અંદાજ નહીં, પણ અપેક્ષાઓ પણ ઊભી કરે છે. હવે ફેનઆર્ટ માત્ર હોબી નથી રહી, તે માર્કેટિંગ અને હાઈપ બિલ્ડ કરવાની સ્ટ્રેટેજી બની ગઈ છે. AI જનરેટેડ વિઝ્યુઅલ્સ હવે દર્શકોની અપેક્ષાઓ ઊભી કરે છે અને પ્રોજેક્ટ્સ માટે ડિમાન્ડ જનરેટ કરે છે.

ફિલ્મના વિષયોને પણ AI અસર કરે છે, જેમ કે બ્રિટિશ-ઇન્ડિયન ફિલ્મ 'Ira' ડિજિટલ આર્કાઇવિંગ અને ટેક આધારિત સિસ્ટમની નૈતિકતા પર આધારિત છે. આ ફિલ્મમાં ટેક્નોલોજીના ફાયદા સાથે સાથે તેનાથી ઊભી થતી મુશ્કેલીઓ અને પ્રશ્નોને પણ દર્શાવવામાં આવ્યા છે. આ જ પ્રમાણે 'હ્યુમન્સ ઇન ધ લૂપ' જેવી ફિલ્મ AIના સામાજિક અને સાંસ્કૃતિક અસરો પર પ્રકાશ પાડે છે.


આ ફિલ્મમાં એક આદિવાસી મહિલાની નજરથી AIના ભેદભાવ અને ટેકનોલોજીના દુરુપયોગને દર્શાવવામાં આવ્યો છે. આ ફિલ્મ MAMI અને IFFK જેવા ફેસ્ટિવલ્સમાં પ્રશંસા પામી છે. આ બતાવે છે કે AI ફક્ત ટેક્નિકલ પરિબળ નથી, પણ વિચારી શકાય તેવો વિષય છે.

આજે નાના શહેરનો યુવક પણ AI ટૂલ્સ અને મોબાઇલ વડે એક અસરકારક શોર્ટ ફિલ્મ બનાવી શકે છે. પહેલા જે તક માત્ર મોટા સ્ટુડિયોઝ માટે હતી, હવે એ દરેક સર્જકે માટે ખુલ્લી છે. સ્ટોરીટેલિંગ હવે માત્ર કલ્પનામાં નહીં, પણ રિયલ વિઝ્યુલ ફોર્મમાં સાકાર થઇ શકે છે અને એ પણ ઓછા સમયમાં અને ઓછી કિંમતમાં.

AI ફિલ્મમેકિંગ એ હવે કલ્પના અને કારીગરી વચ્ચેની દીવાલ તોડી રહી છે. લોકો હવે ઘરની અંદર બેઠા બેઠા એવો વીડિયો બનાવી શકે છે, જેમાં એન્ડિંગ ડ્રામેટિક હોય, પાત્રો વિદેશી હોય અને લોકેશન્સ ભવ્ય હોય. AI ફિલ્મમેકિંગ માત્ર ટેક્નોલોજીનો ઉપયોગ નથી, એ સ્ટોરીટેલિંગનો એક નવો દ્રષ્ટિકોણ છે.

મનોરંજન દેવની કૃપાથી અત્યારના સમયની સૌથી મહત્ત્વની વાત એ છે કે જનરેટિવ AI હવે ભવિષ્ય નથી તે વર્તમાન છે, અને એ ફિલ્મમેકિંગ, એડ્વરટાઇઝિંગ, સોશિયલ મીડિયા, ઓનલાઇન કન્ટેન્ટ, ફિલ્મમેકિંગના વિવિધ વિભાગો એમ બધે જ ઉપયોગી નીવડી રહ્યું છે. ભારતીય સિનેમાની નવી પેઢી હવે સર્જનાત્મકતા અને ટેક્નોલોજીનું મિશ્રણ એટલે કે સર્જનરેટિવ છે! ■


સૈફ અલી ખાન




**લાસ્ટ શોટ**

*'AI અમુક અંશે ખતરો તો ખરો જ, પણ તેની સામે લડવા કરતાં તેની સાથે દોસ્તી કરી લેવી જોઈએ.'*
*- વિશાલ ભારદ્વાજ*

# સેન્સેક્સ ૧,૦૦૦ પોઈન્ટ ઊછળ્યોઃ એકધારી ત્રણ દિવસીય તેજીમાં રોકાણકારોની સંપત્તિમાં ₹ ૯.૭૦ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય પૂર્વમાં ભૂરાજકીય તણાવ ઓછો થતાં એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને આઇસીઆઇસીઆઇ બેંક સહિતના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં તીવ્ર લાવલાવ નીકળતાં ગુરુવારે સતત ત્રીજા સત્રમાં તેજી જોવા મળી હતી અને ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. સતત ત્રણ સત્રમાં જોવા મળેલી તેજી સાથે બેન્ચમાર્ક ૧૮૫૯.૦૮ પોઇન્ટ અથવા તો ૨.૨૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો અને બીએસઇમાં લિસ્ટેડ તમામ શેરોના કુલ માર્કેટ કેપમાં રૂ. ૯.૭૦ લાખ કરોડનો વધારો નોંધાયો છે.

આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્થિર ક્રૂડ ઓઇલના ભાવ અને મુખ્ય ચલણો સામે નબળા યુએસ ડોલરને કારણે રૂપિયામાં મજબૂત વલણને કારણે પણ સેન્ટિમેન્ટને પ્રોત્સાહન મળ્યું હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું. સત્રને અંતે સેન્સેક્સ ૧,૦૦૦.૩૬ પોઈન્ટ અથવા ૧.૨૧ ટકા વધીને ૮૩,૭૫૫.૮૭ પોઈન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૦૫૬.૫૮ પોઈન્ટ અથવા ૧.૨૭ ટકા વધીને ૮૩,૮૧૨.૦૯ પોઈન્ટ સુધી ઊંચે ઊછળ્યો હતો. બીએસઇ પર ટ્રેડેડ કુલ શેરોમાંથી ૨,૦૯૭ શેર વધ્યા હતા, જ્યારે ૧,૯૦૦ ઘટ્યા હતા અને ૧૫૬ શેર યથાવત રહ્યા હતા. એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૩૦૪.૨૫ પોઈન્ટ અથવા ૧.૨૧ ટકા વધીને ૨૫,૫૪૯ પર પોઈન્ટ પર સ્થિર થયો હતો.

અગ્રણી શેરદલાલે કહ્યું હતું કે, મંથલી એક્સપાઇરીના દિવસે બજારોમાં નિર્ણાયિક સત્ર જોવા મળ્યું, જેમાં એક ટકાથી વધુનો વધારો થયો. શરૂઆતથી જ બજારનો ટોન હકારાત્મક હતો, સ્થિર વૈશ્વિક સંકેતો દ્વારા ટેકો મળ્યો, ત્યારબાદ પ્રથમ અર્ધમાં રેન્જબાઉન્ડ ચાલ જોવા મળી હતી. જોકે, સત્ર આગળ વધતાં ગતિમાં વધારો થયો, જે વિવિધ ક્ષેત્રોમાં પસંદગીના હેવીવેઇટ્સમાં મજબૂત ખરીદીને કારણે થયો. મોટાભાગના ક્ષેત્રોએ તેજીમાં ભાગ લીધો, જેમાં ધાતુઓ, નાણાકીય અને ઊર્જા સેકટરના શેર ટોચના ગેઇનર્સ તરીકે ઉભરી આવ્યા. વ્યાપક બેન્ચમાર્ક ઇન્ડેક્સ પણ ઊંચા ગયા, જેમાં લગભગ અડધા ટકાનો ઉમેરો થયો હતો.

બજારના સાધનો અનુસાર મધ્યપૂર્વ યુદ્ધવિરામની સ્પષ્ટ સ્થિરતાના કારણે સપ્લાય ચેઇનના સંભવિત વિક્ષેપો અંગે ચિંતા ઓછી થઈ છે અને રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. અમેરિકા અને ભારતના દસ વર્ષના બોન્ડ્સ વચ્ચે યિલ્ડ સ્પ્રેડ સંકડાઇ જવાને કારણે વિદેશી ફંડોએ હોલ્ડિંગ ઘટાડવાનું ચાલુ રાખ્યું છે. જ્યારે લિકવિડિટીની સ્થિતિમાં સુધારો અને સ્થાનિક વપરાશમાં સુધારાને કારણે સ્થાનિક ફંડો ચોખ્ખા લેવાલ તરીકે ઉભરી આવ્યા હોવાનું જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.





સેન્સેક્સના શેરોમાંથી, ટાટા સ્ટીલ, બજાજ ફાઇનાન્સ, ભારતી એરટેલ, અદાણી પોર્ટ્સ, એટર્નલ, બજાજ ફિનસર્વ, એએનટપીસી, એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એક્સિસ બેંક ટોપ ગેઇનર્સ રહાયા હતા. ગુરુવારે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેર લગભગ બે ટકા વધ્યા હતા, જેના કારણે તેનું બજાર મૂલ્ય ફરીથી રૂ. ૨૦ લાખ કરોડના આંકને પાર કરી ગયું હતું. તેનાથી વિપરીત, ટ્રેન્ટ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ટેક મહિન્દ્રા, મારુતિ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ટોપ લુઝર રહ્યા હતા. મિડકેપ ઇન્ડેક્સ ૦.૫૬ ટકા વધ્યો હતો અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૧૨ ટકા વધ્યો હતો. સેકટરલ ઇન્ડેક્સમાં મેટલ ૨.૨૮ ટકા, ઓઇલ અને ગેસ (૧.૮૮ ટકા), એનર્જી (૧.૬૮ ટકા), કોમોડિટીઝ (૧.૩૯ ટકા), નાણાકીય સેવાઓ (૧.૨૫ ટકા), યુટિલીટીઝ (૧.૨૪ ટકા) અને પાવર (૧.૧૩ ટકા વધ્યા હતા. બીજી બાજુ, આઇટી, રિયલ્ટી અને બીએસઈ-કેન્દ્રિત આઇટી ઇન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હતી. રિઅલ એસ્ટેટ ડેવલપર કલ્પતરુ લિમિટેડનો આઇપીઓ તેના બંધ થવાના દિવસે ગુરુવારે ૨.૨૬ ગણો ભરાયો હતો. રિટેલ ઇન્વેસ્ટર્સનો હિસ્સો ૧.૨૮ ગણો, જ્યારે બિન સંસ્થાકીય સેગમેન્ટનો હિસ્સો ૧.૩૧ ગણો અને ક્વિબ્સનો હિસ્સો ૩.૧૨ ગણો ભરાયો હતો.

એશિયન બજારોમાં જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચે ગબડ્યો હતો. મધ્ય સત્ર સોદામાં યુરોપિયન બજારો લીલા રંગમાં ટ્રેડ કરી રહ્યા હતા. બુધવારે યુ.એસ. બજારો મિશ્ર નોંધ પર બંધ થયા હતો. ગુરુવારે ડોલર સામે રૂપિયો ૪૧ પૈસા વધીને ૮૫.૬૭ (પ્રોવિઝનલ) બોલાયો હતો, જેનું કારણ ગ્રીનબેકમાં તીવ્ર ઘટાડો અને સ્થાનિક ઇક્વિટી બજારોમાં મજબૂત દેખાવ હતો, જે જોખમ લેવાની ક્ષમતામાં વધારો દર્શાવે છે. બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૮ ટકા વધીને ૬૭.૮૦ પ્રતિ બેરલ બોલાયું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૨,૪૨૭.૭૪ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૨,૩૭૨.૯૬ કરોડના મૂલ્યના શેર ખરીદ્યા હતા. બુધવારે, સેન્સેક્સ ૭૦૦.૪૦ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકા વધીને ૮૨,૭૫૫.૫૧ પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૨૦૦.૪૦ પોઈન્ટ અથવા ૦.૮૦ ટકા વધીને ૨૫,૨૪૪.૭૫ પર બંધ થયો હતો.

# ડૉલર સામે રૂપિયો ૩૭ પૈસા ઊંચકાઈને ૮૬ની અંદર



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે તેજીનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૪ પૈસા ઊંચકાઈને ૮૫.૭૪ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટ્યા મથાળેથી જોવા મળેલો સુધારો તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૪૨૭.૭૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૦૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૯૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૯૩ અને ઉપરમાં ૮૫.૬૩ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૪ પૈસાના સુધારા સાથે ૮૬ની સપાટીની અંદર ઊતરીને ૮૫.૭૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી નરમાઈ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૦૦.૩૬ પૉઈન્ટનો અને ૩૦૪.૨૫ પૉઈન્ટનો સુધારો રહ્યો હોવાથી રૂપિયાના ઉછાળાને ટેકો મળ્યો હતો. જોકે, હાલમાં માસાન્તને કારણે ડૉલરમાં તેલ આયાતકારોની જળવાઈ રહેલી લેવાલી ઉપરાંત બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૧૮ ટકાના સુધારા સાથે બેરલદીઠ ૬૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષની બદલી કરવા ટ્રમ્પની વિચારણા

# રૂપિયો મજબૂત ઉછળતા સોનામાં ₹ બેનો સાધારણ સુધારો, ચાંદી ₹ ૧૯૫૦ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ આગામી સપ્ટેમ્બર-ઑક્ટોબર મહિના આસપાસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષની બદલી કરવાનું વિચારી રહ્યા હોવાના અહેવાલો સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તીવ્ર ઘટાડો આવ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં ધીમો સુધારો આગળ ધપ્યો હતો, તેમ જ ચાંદીના ભાવ પણ વધી આવ્યા હતા. એકંદરે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૩૪ પૈસા મજબૂત થયો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતર ઘટવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. બેનો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૯૫૦નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગનો ટેકો મળતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫૦ના સુધારા સાથે રૂ. ૧,૦૭,૧૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક



પ્રોત્સાહક અહેવાલ છતાં રૂપિયામાં બાઉન્સબૅકને કારણે આયાત પડતરોમાં થયેલા ઘટાડા ઉપરાંત ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. બેના સાધારણ સુધારા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૬,૭૭૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૭,૧૫૯ના મથાળે રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષની બદલી અંગે અમેરિકી પ્રમુખનાં ગઈકાલના નિવેદનને ધ્યાનમાં લેતા ભવિષ્યમાં કેન્દ્રવર્તી બૅન્કની સ્વાયતતાની ચિંતા સપાટી પર આવતા આજે ડૉલર ઈન્ડેક્સ ઘટીને ગત માર્ચ, ૨૦૨૨ પછીની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૩૩૯.૩૮ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૩૩૫૨.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૩૬.૫૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગઈકાલે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે સંસદમાં જણાવ્યું હતું કે ટ્રમ્પનાં ટૅરિફના અમલથી એક તબક્કે ભાવમાં ઉછાળા આવશે આથી વધતા ફુગાવાના જોખમનો સામનો કરવા માટે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત માટે સાવચેતીનો અભિગમ અપનાવવો જરૂરી છે. અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ટ્રમ્પ આગામી ફેડની બેઠકમાં હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતા પ્રબળ બનતા આજે ડૉલર ઈન્ડેક્સની નરમાઈને કારણે સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે હળવા વ્યાજદર અને અનિશ્ચિતતાના સંજોગોમાં સોનામાં તેજીને ટેકો મળતો હોય છે.

વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ ફેડરલનાં ટોચના હોદ્દાઓ માટે ત્રણથી ચાર ઉમેદવાર અંગે વિચારણા કરી રહ્યા છે. આ સિવાય વૉલ સ્ટ્રીટ જનરલે એક અહેવાલમાં જણાવ્યું છે કે ટ્રમ્પ આગામી સપ્ટેમ્બર અથવા તો ઑક્ટોબરમાં પૉવૅલના ઉત્તરાધિકારીની જાહેરાત કરે તેવી શક્યતા છે.

દરમિયાન આજે બજારની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાનાં પહેલા ત્રિમાસિકગાળાના જીડીપીનાં ડેટાની જાહેરાત પર તેમ જ આવતીકાલે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ખાંડમાં ખપપૂરતી માગે ટકેલું વલણ

# જુલાઈના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે જાહેર વિતરણ અને ગ્રાહક બાબતોના વિભાગે આગામી જુલાઈ મહિનાના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડનો જથ્થો છૂટો કર્યો હોવાનું એક યાદીમાં જણાવ્યું છે. જોકે, બજારની અપેક્ષાનુસાર આ જથ્થો થોડો ઓછો હોવાથી ખાંડના ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૨થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૧૦માં ટકેલા ધોરણે થયા હતા.

# સરકાર દ્વારા આ વર્ષે વોટરમેલન સીડ્સની આયાત મંજૂરી પર બંદી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારત સરકારે સંગઠિત ખેડૂત મંડળીના હિતોને ધ્યાનમાં રાખીને તરબૂચ કે કલિંગરના બીજની આયાતની મંજૂરી આ વર્ષે મોકૂફ રાખી છે. રાજસ્થાન સ્થિત ભારતીય કિસાન સંઘની અપીલ ધ્યાનમાં રાખીને કલિંગરના ખેડૂતોના હિતોની રક્ષા કરવા માટે સરકારે ચાલુ વર્ષ માટે તર્બૂજના બીજોના આયાત ન ખોલવાના નક્કી કર્યો છે.

આ નિર્ણય રાજસ્થાન અને ગુજરાત જેવા મુખ્ય કૃષિ રાજ્યોમાં ચોમાસાની સ્થિતિમાં સુધારાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે અને તેનો ઉદ્દેશ્ય સ્થાનિક ખેતીને પ્રોત્સાહન આપવાનો છે. પરંપરાગત રીતે, સરકાર દર વર્ષે માર્ચ મહિનામાં ઓપન જનરલ લાઇસન્સ (ઓજીએલ) અથવા ક્વોટા સિસ્ટમ દ્વારા તરબૂજના બીજોના આયાતની મંજૂરી આપે છે.

જોકે, ગયા વર્ષમાં હદથી વધારે પ્રમાણમાં આયાત થઇ હતી, જે પાછલા પાંચ વર્ષોની સરેરાશથી પણ બમણી રહી હોવાથી કેન્દ્રિય કૃષિ મંત્રાલયે, વાણિજ્ય મંત્રાલયને માત્ર ૧૦,૦૦૦ મેટ્રિક ટન (એમટી)નો ક્વોટા સૂચવ્યો હતો.

આ બાદ, વાણિજ્ય અને કૃષિ મંત્રાલયોના અધિકારીઓ અને ખેડૂત સંસ્થાઓના પ્રતિનિધિઓએ સંયુક્ત બેઠકમાં ચર્ચા કર્યા બાદ સર્વસમતિથી આ વર્ષ માટે તરબૂચના બીજોની આયાત ના ખોલવાનો નિર્ણય લીધો હતો.

આ ઉપરાંત એજન્સીઓને ખાસ કરીને નેપાળ જેવા સીમા પારના માર્ગો મારફત બીજની ગેરકાયદે થતી આયાત અટકાવવા સાવચેત રહેવાની સૂચના આપવામાં આવી છે.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા નરમાઈના અન્ડરટોન સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે તેજીનો ટોન રહ્યો હતો. તેમ જ તેની આગેવાની હેઠળ અન્ય ચોક્કસ ધાતુઓના ભાવમાં આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૮ વધીને રૂ. ૨૯૧૮, રૂ. ૨૦ વધીને રૂ. ૧૩૩૫ અને રૂ. ૧૭ વધીને રૂ. ૯૩૩ના મથાળે રહ્યા હતા. આ ઉપરાંત અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૫૫૮, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ.પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૬૦ અને રૂ. ૮૪૭, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૩૬, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૨૬૦ અને રૂ. ૧૮૫ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૫૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૭૦, રૂ. ૬૦૫ અને રૂ. ૨૧૨ના મથાળે ટકેલા રહ્યા હતા.

# અંબાણી અને અદાણીએ ફ્યુઅલ માર્કેટિંગમાં હાથ મિલાવ્યા

નવી દિલ્હીઃ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીએ એકબીજાના ઇંધણ રિટેલ નેટવર્કનો ઉપયોગ કરીને ઓટોમોટિવ ઇંધણ વેચવા માટે ભાગીદારી કરી છે. આ યુતિ બે અબજોપતિ ઉદ્યોગપતિઓ વચ્ચેનો બીજો વ્યવસાયિક સહયોગ છે.

યુકેના બીપી સાથેનું અંબાણીનું ફ્યુઅલ વેન્ચર, જિયો-બીપી, અદાણી ટોટલ ગેસ લિમિટેડ (એટીજીએલ)ના સીએનજી રિટેલ આઉટલેટ્સ પર પેટ્રોલ અને ડીઝલ ડિસ્પેન્સર્સ સ્થાપશે. બુધવારે એક સંયુક્ત નિવેદનમાં જણાવાયું છે કે, અદાણી ગ્રુપ અને ફ્રાન્સના ટોટલએનર્જીઝનું ઇક્વિલ સિટી ગેસ જોઇન્ટ વેન્ચર, એટીજીએલ, જિયો-બીપીના ફ્યુઅલ પમ્પ્સ પર સીએનજી ડિસ્પેન્સિંગ યુનિટ સ્થાપશે.

આ ભાગીદારી જૂથના હાલના તેમજ ભવિષ્યના બંને આઉટલેટ્સને આવરી લેશે. જિયો-બીપી દેશભરમાં ૧,૯૭૨ પેટ્રોલ પમ્પ ધરાવે છે, જ્યારે એટીજીએલ ૩૪ ભૌગોલિક વિસ્તારોમાં ૬૫૦ સીએનજી સ્ટેશનોનું નેટવર્ક ચલાવે છે.

તાજેતરના મહિનાઓમાં આ બીજી વખત, ધંધાકીય ધોરણે હરીફ ઉપરોક્ત બંને અબજોપતિઓએ સાથે મળીને સહયોગ સાધ્યો છે. ગયા વર્ષે માચ મહિર્નામાં, બંનેએ મધ્યપ્રદેશમાં પાવર પ્રોજેક્ટ માટે તેમના પ્રથમ સહયોગ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# મથકો પાછળ સિંગતેલમાં વધુ ₹ ૧૦નો ઘટાડો, આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતનાં મથકો પર આજે સ્થાનિક, દેશાવરો તથા સ્ટોકિસ્ટોની લેવાલી નિરસ રહેતાં આજે સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં વધુ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે મથકો પાછળ સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ વધી આવ્યા હતા.

વધુમાં વૈશ્વિક બજારમાં ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૩૧ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના સપ્ટેમ્બર વાયદામાં ૪૭ રિંગિટ વધી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક



બજારના મિશ્ર અહેવાલ ઉપરાંત સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને અન્ય આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૮૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૧૩૯, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને પતંજલિના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો પાંખાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૪૮૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ.૧૫ના ઘટાડા સાથે રૂ. ૧૩૫૦માં થયા હતા.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભુજ વાયુસેનાના મથકની મુલાકાત લઈ જવાનોના શૌર્ય અને સમર્પણને બિરદાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સરહદી કચ્છના મુખ્ય મથક ભુજ ખાતે આવેલા વાયુસેના મથકની મુલાકાત લીધી હતી. રાજ્યપાલે દેશની રક્ષા માટે સદૈવ સજ્જ રહેનાર ભારતીય વાયુસેનાના જવાનોના અનુશાસન, સમર્પણ અને રાષ્ટ્રસેવાની ભાવનાની પ્રશંસા કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખાસ કરીને 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય વાયુસેનાના પરાક્રમની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ અપ્રતિમ ઉત્સાહ અને દૃઢ સંકલ્પશક્તિ સાથે ફરજ નિભાવવી એ ભારતીય વાયુસેનાની ખાસિયત છે. તેમણે વાયુ સૈનિકોના જુસ્સા અને કર્તવ્યપરાયણતાને વંદન કરતા કહ્યું કે: રાષ્ટ્રની સુરક્ષા અને સર્વભૌમત્વના રક્ષણમાં તમારું યોગદાન અનમોલ અને ગૌરવપૂર્ણ છે. આખો દેશ તમારી વીરતા અને સમર્પણને નમન કરે છે.

રાજ્યપાલે વાયુસૈનિકો સાથે સંવાદ કરતાં કહ્યું કે, રાષ્ટ્ર સદા તેમની પડખે છે. તેમણે હાજર અધિકારીઓ અને જવાનોને શુભેચ્છાઓ પાઠવી અને તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી. આ અવસરે વાયુસેના સ્ટેશનના વરિષ્ઠ અધિકારીઓએ રાજ્યપાલને સ્ટેશનની પ્રવૃત્તિઓ, વ્યૂહાત્મક મહત્તા તથા ઓપરેશન સિંદૂરમાં ભજવવામાં આવેલી ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ■

# ગ્રીન હાઈડ્રોજન મેગા પ્લાન્ટના નિર્માણ માટે કંડલા નજીક ૧૩૦૦ એકર જમીનનું સંપાદન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા મહત્ત્વાકાંક્ષી ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એમોનિયાના મેગા પ્લાન્ટના નિર્માણ માટે મહાબંદર કંડલાની નજીક પડાણા ગામ પાસે ૧૩૦૦ એકર જમીનને ચિન્હત કરાઈ છે.

દેશમાં વાયુ પ્રદૂષણની વકરી રહેલી સમસ્યા વચ્ચે કેન્દ્ર સરકાર ગ્રીન હાઇડ્રોજનને સ્વચ્છ ઊર્જા સ્રોત તરીકે સક્રિયપણે પ્રોત્સાહન આપી રહી છે, જેમાં નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન અને પાયલોટ પ્રોજેક્ટ્સ મુખ્ય છે. એલએન્ડટીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસ.એન. સુબ્રમણ્યમે આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગ્રીન હાઇડ્રોજન અને નાના મોડ્યુલર રિએક્ટર્સ (એસએમઆર) માં આ કંપનીએ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ગ્રીન હાઇડ્રોજનમાં પ્રથમ-મૂવર ફાયદો કરાવતું ઇલેક્ટ્રોલાઇઝર ઉત્પાદન પણ પ્રગતિમાં છે. ભારતમાં મોડ્યુલર રિએક્ટર્સ ટેકનોલોજીના ટ્રાન્સફર માટે યુ.એસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી તરફથી નિયમનકારી મંજૂરી મળવી એ એક સીમાચિહ્નરૂપ ઘટના હતી. આ માટે એલએન્ડટી માત્ર ત્રણ લાયક ભારતીય કંપનીઓમાં સ્થાન મેળવે છે, જે ભારતમાં પરમાણુ ઊર્જાના વ્યાપારીકરણનું નેતૃત્વ કરવા માટે સશક્ત બનાવે છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ગ્રીન હાઇડ્રોજન અને એસએમઆર બંને માટે વૈશ્વિક ભાગીદારો સાથે શરૂઆત કરી છે, લાંબા ગાળાનું લક્ષ્ય માલિકીની ટેકનોલોજી વિકસાવવા, મુખ્ય સાધનોનું ઉત્પાદન કરવાનું અને ઉભરતા વૈશ્વિક બજારો માટે તૈયાર કરાયેલા ખર્ચ-અસરકારક, નવીન ઉકેલો પહોંચાડવાનું છે.

ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન એમોનિયા યુનિટના ઉત્પાદન માટે કચ્છના કંડલામાં જમીન સુરક્ષિત કરવામાં આવી છે, લાર્સન એન્ડ ટુબ્રો વૈશ્વિક સ્તરે ગ્રીન હાઇડ્રોજન, એમોનિયા અને મિથેનોલમાં ઈપીસી પ્રોજેક્ટ્સ ચલાવવા માટે પણ સક્ષમ છે. અગાઉ, લાર્સન એન્ડ ટુબ્રોએ ગ્રીન હાઇડ્રોજન પ્રોજેક્ટ્સના વિકાસ માટે એલએન્ડટી ગ્રીન એનર્જી કંડલા પ્રા. લિ.ના સમાવેશની જાહેરાત કરી હતી. પાણીના વિદ્યુત વિચ્છેદન-વિશ્લેષણ દ્વારા ઉત્પાદિત અને નવીનીકરણીય ઊર્જા દ્વારા સંચાલિત હાઇડ્રોજન, ગ્રીન હાઇડ્રોજન તરીકે ઓળખાય છે. ■

# કચ્છમાં ૨૬થી ૨૮ જૂન 'શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫'નું આયોજન

## ૧,૩૪,૦૬૭ બાળકો પ્રવેશ મેળવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત સરકાર દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં શિક્ષણ અંગે જનજાગૃતિ લાવવા તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના હેતુથી 'શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫' તથા 'કન્યા કેળવણી મહોત્સવ'નું ૨૬થી ૨૮ જૂન આયોજન કરવામાં આવ્યું છે.

બાળકોના સર્વાંગી વિકાસની થીમ સાથે કચ્છ જિલ્લામાં પણ તા. ૨૬, ૨૭ તથા ૨૮ જૂનના બાલવાટિકામાં ૩૦૨૮૨ અને ધોરણ-૧માં ૪૫૯૪૬ બાળકો શાળાપ્રવેશ મેળવશે તથા ધો.૯માં ૩૮૦૭૫ તેમ જ ધો.૧૧માં ૧૯૭૬૪ બાળકોને નિશાળમાં આવકાર અપાશે.રાજ્ય સરકાર વતી વિવિધ ઉચ્ચ અધિકારીઓ તથા પદાધિકારીઓ શાળામાં હાજર રહીને પ્રવેશ મેળવનાર બાળકોને આવકારશે જેના માટે કચ્છમાં કુલ ૧૬૧ જેટલા રૂટ નક્કી કરવામાં આવ્યા છે. કચ્છની ૧૭૦૨ સરકારી પ્રાથમિક શાળા ઉપરાંત જિલ્લાની ૩૧૭ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાશે.

અબડાસા તાલુકામાં બાલવાટિકામાં ૧૯૨૭, ધો.૧માં ૪૩૫૫, ધો.૯માં ૨૦૩૨ તથા ધો.૧૧માં ૬૫૪ સાથે કુલ ૮૯૬૮ બાળકો પ્રવેશ મેળવશે. અંજાર તાલુકામાં બાલવાટિકામાં ૩૨૦૮, ધો.૧માં ૪૯૮૭, ધો.૯માં ૪૧૩૫ તથા ધો.૧૧માં ૧૭૪૫ બાળકો સહિત કુલ ૧૪૦૭૫, ભચાઉ તાલુકામાં બાલવાટિકામાં ૨૩૫૪, ધો.૧માં ૩૫૨૯, ધો. ૯માં ૩૧૪૧, ધો.૧૧માં ૧૩૪૧ સહિત કુલ ૧૦૩૬૫ બાળકો, ભુજ તાલુકામાં બાલવાટિકામાં ૬૨૪૧ બાળકો, ધો.૧માં ૯૫૦૩, ધો.૯માં ૯૩૪૧, ધો.૧૧માં ૫૨૮૫ સહિત કુલ ૩૦૩૭૦ બાળકો, ગાંધીધામ તાલુકામાં બાલવાટિકામાં ૩૫૪૭, ધો.૧માં ૫૨૬૨, ધો.૯માં ૫૭૪૧, ધો.૧૧માં ૪૨૩૫ સહિત કુલ ૧૮૭૮૫ બાળકો, લખપત તાલુકામાં બાલવાટિકામાં ૧૩૪૧, ધો.૧માં ૨૯૫૫, ધો.૯માં ૧૦૩૫, ધો.૧૧માં ૩૫૨ સહિત ૫૬૮૩ બાળકો, માંડવી તાલુકામાં બાલવાટિકામાં ૩૧૪૧, ધો.૧માં ૪૧૨૬, ધો.૯માં ૩૫૦૦, ધો.૧૧માં ૧૭૪૦ સહિત કુલ ૧૨૫૦૭ બાળકો, મુંદરા તાલુકામાં બાલવાટિકામાં ૨૫૪૧ બાળકો, ધો.૧માં ૨૫૪૮, ધો.૯માં ૨૯૨૪, ધો.૧૧માં ૧૮૪૪ સહિત કુલ ૯૮૫૭ બાળકો, નખત્રાણા તાલુકામાં બાલવાટિકામાં ૨૩૪૧, ધો.૧માં ૨૩૯૦, ધો.૯માં ૨૩૮૫, ધો.૧૧માં ૧૧૩૩ સહિત કુલ ૮૨૪૯ બાળકો તેમ જ રાપર તાલુકામાં બાલવાટિકામાં ૩૬૪૧ બાળકો, ધો.૧માં ૬૨૯૧, ધો.૯માં ૩૮૪૧, ધો.૧૧માં ૧૪૩૫ સહિત ૧૫૨૦૮ બાળકો પ્રવેશ મેળવશે. આમ કચ્છ જિલ્લામાં બાલવાટિકા ૩૦૨૮૨, ધો.૧માં ૪૫૯૪૬, ધો.૯માં ૩૮૦૭૫, ધો.૧૧માં ૧૯૭૬૪ સહિત કુલ ૧૩૪૦૬૭ બાળકો પ્રવેશ મેળવીને શિક્ષણ મેળવશે. ■

# માંડવીમાં ₹ ૨૨.૬૬ લાખની ૨૬ કિલો ચાંદી સાથે ત્રણ ઝડપાયા: રાજસ્થાન પાસિંગની કારમાંથી જથ્થો મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય શહેર માંડવીમાં આધાર પુરાવા વગરના ૨૬ કિલો ચાંદી સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. સ્થાનિક ગુન્હાશોધક શાખાના ઈન્ચાર્જ પી.આઈ એચ.આર.જેઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પેટ્રોલિંગ કરતી વેળાએ તેમને મળેલી પૂર્વ બાતમીના આધારે માંડવીના આઝાદ ચોકમાં વોચ ગોઠવીને ગ્રે રંગની રાજસ્થાન પાસિંગની સ્વિફ્ટ કાર (નં.આરજે ૨૪-સીએ-૪૮૯૯)ને રોકવામાં આવી હતી. અંદર રહેલા સુરતના કાર્તિક રમેશ સોની, કીર્તિ સુરેશ સોની અને રાજસ્થાનના કરણસિંહ મોહનસિંહ રાજપૂતની અટક કરવામાં આવી હતી. આ યુવકોના કબજામાં રહેલા ૨૫ કિલો ૯૦૦ ગ્રામ ચાંદીના અલગ અલગ દાગીના બાબતે આધાર-પુરાવા માગતા બિલ રજૂ કરી શક્યા ન હતા. જેથી ૨૨, ૬૬,૩૦૦ની ચાંદી કબજે કરવામાં આવી હતી.

# રાજકોટમાં ડૉક્ટરે પોતાના નામનો ₹ ૨૨.૪૯ લાખનો નકલી વીમો પકાવતા ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: શહેરમાં એક તબીબે પોતાના જ નામે નકલી વીમો પકડાવી લાખો રૂપિયા પડાવવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું હતું. ડૉ. અંકિત કાથરાણી નામના આ તબીબ સામે રૂ.૨૨,૪૯,૫૯૭ નો ખોટો વીમો પકાવવા મામલે પોલીસ ચોપડે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર, ડૉ. કાથરાણીએ રૈયા ચોકડી નજીક આવેલી રાધે હૉસ્પિટલમાં સારવાર કરાવી હોવાના કેસ પેપર્સ તૈયાર કરાવ્યા હતા, જેમાં ડો. વિપુલ બોડા દ્વારા સારવાર કરવામાં આવી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સહયોગ ઇમેર્જિંગ સેન્ટર સિવિલ હૉસ્પિટલ ખાતેથી ખોટા એમઆરઆઈ બ્રેઈન રિપોર્ટ પણ તૈયાર કરીને રજૂ કરવામાં આવ્યા હતા. આ બોગસ દસ્તાવેજોના આધારે તેમણે રૂ. ૨૨.૪૯ લાખનો મેડિક્લેમ મંજૂર કરાવી લીધો હતો.

આ કૌભાંડનો પર્દાફાશ થતા, ડૉ. અંકિત કાથરાણી અને તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ બોગસ દસ્તાવેજ બનાવવા, છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે બોગસ રીતે વીમો પકડાવવાનો પ્રયાસ કરવા બદલ ડૉ. અંકિત કાથરાણી વિરુદ્ધ ગુનો દાખલ થઈ ચૂક્યો છે. ■

# જૂનાગઢમાં ૧૦૭ ગુનાઓમાં સંડોવાયેલા ગુનેગારના આલિશાન બંગલો અને વૈભવી ફાર્મ હાઉસ પર બુલડોઝર ફેરવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુરુવારના રોજ ૧૦૭ જેટલા ગુનાઓમાં સંડોવાયેલા જૂનાગઢના કારા રબારીના આલિશાન બંગલો ઉપર અને તેના વૈભવી ફાર્મ હાઉસ ઉપર બુલડોઝર ફેરવી ગેરકાયદે દબાણોને તોડી પાડીને સરકારી જમીનને દબાણમુક્ત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના ગુનાખોરી અને ગેરકાયદે દબાણ સામેના કડક અભિયાન હેઠળ આજે જૂનાગઢમાં ગુનાહિત ઇતિહાસ ધરાવતા કારા દેવરાજભાઇ રાડા રબારી (ઉ.વ. ૫૦) દ્વારા સરકારી જમીન પર કરવામાં આવેલા ગેરકાયદે દબાણ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. આ આરોપીએ જૂનાગઢના લીરબાઇપરા ખાતે સર્વે નંબર-૩૦૮માં ૭૫૦ ચોરસ મીટરની જગ્યામાં આલિશાન બંગલો અને કેન્દ્રીય વિદ્યાલય નજીક સર્વે નંબર-૩૯૭માં ૩૫,૦૦૦ ચોરસ મીટરની જગ્યામાં ફાર્મ હાઉસ ગેરકાયદે બનાવ્યું હતું, જેને જૂનાગઢ એસ.પી. સુબોધ ઓડેદરાની ટીમ દ્વારા તંત્રની મદદથી આજે તોડી પાડવામાં આવ્યું છે.

કારા રબારી સામે અત્યાર સુધીમાં કુલ ૧૦૭ ગુનાઓ નોંધાયેલા છે, જેમાં ચાર ખૂન, ત્રણ ખૂનની કોશિશ, ચાર અપહરણ, ૧૦ લૂંટ, છ પોલીસ ફરજમાં રૂકાવટ, ચાર બળજબરીથી કઢાવી લેવું, ૨૫ મારામારી, ૪૬ પ્રોહિબિશન, એક હથિયાર ધારા અને ચાર અન્ય ગુનાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તેની સામે બે વખત પાસા હેઠળ કાર્યવાહી થઈ છે અને તેની ગેંગ સામે ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ હેઠળ પણ ગુનો નોંધાયો છે. ■

# ભરૂચ મનરેગા કૌભાંડમાં તપાસનો રેલો કૉંગ્રેસના દિગ્ગજ નેતા હીરા જોટવા સુધી પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચ જિલ્લામાં થયેલા ₹૭.૩૦ કરોડના મનરેગા કૌભાંડમાં ભરૂચ પોલીસની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ કૌભાંડની તપાસમાં કૉંગ્રેસના દિગ્ગજ નેતા હીરા જોટવા સુધી પહોંચી છે. હીરા જોટવાની ગીર સોમનાથથી અટકાયત કરવામાં આવી છે અને હાલ તેમની પૂછપરછ ચાલી રહી છે. અને જો તેમના તરફથી સંતોષકારક જવાબ નહીં મળે તો તેમની ધરપકડ પણ થઈ શકે તેવી સંભાવના સેવાઈ રહી છે.

મળતી વિગતો અનુસાર ભરૂચ જિલ્લાના ૫૬ ગામમાં આચરવામાં આવેલા રૂપિયા ૭.૩૦ કરોડના મનરેગા કૌભાંડ પ્રકરણમાં ભરૂચ પોલીસે મોટી કાર્યવાહી કરી હતી. આ મામલે કૉંગ્રેસના નેતા હીરા જોટવાની ગીર સોમનાથથી અટકાયત કરવામાં આવી હતી અને હાલ તેમની પૂછપરછ ચાલી રહી છે. આ કૌભાંડનો પર્દાફાશ ભરૂચ ખાતે મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ફરજ બજાવતા પ્રતીક ઉદેસિંહ ચૌધરીએ મનરેગા યોજનામાં આમોદ, જંબુસર, અને હાંસોટ તાલુકાઓમાં કરોડો રૂપિયાનું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાવતા થયો હતો. આ ફરિયાદમાં જલારામ એન્ટરપ્રાઈઝ એજન્સી (પીયૂષભાઈ નુકાણી), મુરલીધર એન્ટરપ્રાઈઝ (જોધાભાઈ સભાડ) અને કરાર આધારિત આઉટસોર્સ કર્મચારીઓ સામે આરોપો મૂકવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે હીરા જોટવા કૉંગ્રેસના ઉમેદવાર રહી ચૂક્યા છે. જેમાં અગાઉ તેઓ જૂનાગઢથી લોકસભાની ચૂંટણી લડ્યા હતા. જોકે, મનરેગા કૌભાંડમાં તેમનું નામ છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં આવ્યું હતું, જેને લઈને ભરૂચ પોલીસ હીરા જોટવાની ગીર સોમનાથથી અટકાયત કરવામાં આવી હતી, જેમાં તેમની પોલીસે પૂછપરછ શરૂ કરી છે અને તેમની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસાઓ સામે આવી શકે છે. ■

# ભાવનગરમાં મોક પાર્લામેન્ટ યોજાઈ: કોલેજના યુવાનો અને યુવતીઓએ જુદાં જુદાં રાજકીય પાત્રો નીભાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: કટોકટીનાં ૫૦ વર્ષ પૂર્ણ થવા અંતર્ગત ભાવનગર શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ૨૬ જૂનનાં રોજ મોતીબાગ ટાઉનહોલ ખાતે ''મોક પાર્લામેન્ટ'' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પીકર (લોકસભા અધ્યક્ષ) તરીકે ધ્રુવિષા બોરીસાગર, શાસક અને વિરોધ પક્ષ તરીકે અન્ય વિદ્યાર્થીઓ અને યુવાનોએ સંસદની કાર્યવાહી ચલાવી હતી. આ મોક પાર્લામેન્ટ દ્વારા યુવાનોને સંસદીય પ્રક્રિયા, અભિપ્રાયની આઝાદી, વિરોધના અધિકાર, નૈતિક અને રાજકીય મુલ્યોની અનુભૂતિ કરાવવામાં આવી




ફોટો: વિપુલ હિરાણી

હતી. વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકરોએ વિવિધ રાજકીય પાત્રો ભજવીને વાસ્તવિક સંસદીય ચર્ચાની અનુભૂતિ કરી હતી. ■

# અષાઢી બીજ પૂર્વે જ સૌરાષ્ટ્ર ધોધમાર: જૂનાગઢના માળિયા હાટીનામાં ૫.૩૧ ઇંચ, રાજકોટમાં જળબંબાકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અષાઢ મહિનાના પ્રથમ સપ્તાહમાં રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે ગુરુવારે સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં વરસાદ નોંધાયો હતો. અષાઢી બીજ પૂર્વે જ સમગ્ર સૌરાષ્ટ્રમાં વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીનામાં ૫.૩૧ ઇંચ વરસાદ નોંધાયો હતો. તે ઉપરાંત વિસાવદરમાં ૪.૬૫ ઇંચ, તાલાળામાં ૩.૯૮ ઇંચ, કલ્યાણપુરમાં ૩.૧૯ ઇંચ, રાણાવાવમાં ૩.૧૫ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

સ્ટેટ ઇમરજન્સી સેન્ટર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર જૂનાગઢ, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, બોટાદ, ગીર સોમનાથ જિલ્લામાં વરસાદ પડ્યો હતો. જૂનાગઢના માંગરોળમાં ૨.૮૭ ઇંચ, જામજોધપુરમાં ૨.૫૬ ઇંચ, કુંકાવાવ-વડીયામાં ૨.૫૨ ઇંચ, કુતિયાણા ૨.૫૨ ઇંચ, કેશોદમાં ૨.૪ ઇંચ, ટંકારામાં ૨.૩૬ ઇંચ, રાજુલામાં ૨.૩૨ ઇંચ, લોધિકામાં ૨.૨ ઇંચ અને અમરેલીમાં ૨.૦૧ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

રાજકોટ શહેરમાં પણ અસહ્ય બફારા બાદ ધોધમાર વરસાદ પડ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો પર ઠેર થઈ વરસાદી પાણી ભરાઈ ગયા હતા અને ગોઠણ ડૂબ પાણી ભરેલા અનેક જગ્યાએ જોવા મળ્યા હતા. રેલવે સ્ટેશન પાસે આવેલા પોપટપરા વિસ્તારનું ગરનાળું પાણીમાં ગરકાવ થઇ ગયું હતું જેના કારણે બંને તરફ લોકોની અવરજવર બંધ કરી દેવામાં આવતા આસપાસના રહેવાસીઓને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. આ દરમિયાન જૂનાગઢમાં માળિયા હાટીના, વિસાવદર, કેશોદના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદને પગલે પોપટડી, કાબૂરો સહિતની નદીઓમાં ઘોડાપુર આવ્યા હતા. કેશોદની ઉતાવળી નદીમાં એક મહિલા તણાઈ હતી. આ સિવાય ગીર સોમનાથના જમજીર ધોધ નજીક છ લોકો ફસાયા હતા. તમામ લોકોનું રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે ખસેડાયા હતા. ■





રાજકોટ શહેરમાં જોરદાર વરસાદ પડતા માધાપર ચોકડી તેમજ બીજા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં. જેને લઈ લોકોને ભારે મુશ્કેલી પડી હતી. વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. (તસવીર: પ્રવીણ સેદાણી)

# ભાવનગરમાં લોખંડી બંદોબસ્ત વચ્ચે ૧૭.૫ કિમીના રૂટ પર રાજ્યની બીજી સૌથી મોટી રથયાત્રા નીકળશે

ભાવનગર: ભારતની ત્રીજા નંબરની અને અમદાવાદ પછી રાજ્યની બીજા નંબરની ભગવાન જગન્નાથની ૪૦ મી ભવ્ય રથયાત્રા આજે ભાવનગરમાં લોખંડી પોલીસ બંદોબત વચ્ચે નીકળશે. રથયાત્રા પૂર્વે ભાવનગર શહેરમાં રથયાત્રા માટે પોલીસ તંત્ર વિશાળ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી અને સંવેદનશીલ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ સાથે પોલીસ સતત નજર રાખી રહી છે.

જિલ્લા પોલીસ વડા ડો. હર્ષદ પટેલના જણાવ્યા અનુસાર રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થામાં ૧૪ એએસપી/ડીવાયએસપી, ૪૪ પીઆઈ, ૧૧૨ પીએસઆઈ, ૧૯૧૦ પોલીસકર્મી, ૩૦ માઉન્ટેડ પોલીસ, ૫ એસઆરપી કંપની, ૧ સીઆઈએસએફ કંપની અને ૧૫૧૫થી વધુ હોમગાર્ડ ઉપરાંત ૨૪ વીડિયોગ્રાફર, ૩ ડ્રોન, ૧૧ વોચ ટાવર, ૩૮ મોબાઇલ પેટ્રોલિંગ વાહન, ૧૫ બાઇક પેટ્રોલિંગ અને ૩૨ ઘોડેસવાર તૈનાત રહેશે.

રથયાત્રા સવારે ૮ વાગે ભગવાનેશ્વર મહાદેવ મંદિરથી શરૂ થશે. ૧૭.૫ કિલોમીટરના રૂટ પર વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈને રાત્રે ૧૦ વાગે સુભાષનગર નિજ મંદિરે પરત ફરશે. સલામતી માટે ૧૨ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, ૪ મેડિકલ ટીમ અને ૪ ફાયર ફાયટર પણ તૈનાત રહેશે. વર્ષોથી પરંપરાગત રીતે ભોઈ સમાજના યુવાનો દ્વારા ભગવાનના યાંત્રિક રથને દોરડા વડે ખેંચીને નગરયાત્રા કરાવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ભાવનગરની રથયાત્રા રાજ્યમાં અમદાવાદ બાદની બીજા ક્રમની મોટી રથયાત્રા માનવામાં આવે છે. આ રથયાત્રામાં ભગવાનના રથ સાથે હાથી, ઘોડા, દુર્ગાવાહિની અને વિવિધ ફ્લોટ્સ, અખાડા, મંડળીઓ અને બજરંગદળના અખાડાઓ, ગણેશ ક્રિડામંડળ દ્વારા જિમ્નાસ્ટિક, સ્કેટિંગના દાવો, બોડી બિલ્ડિંગ એસો. દ્વારા પ્રદર્શન, ડંકા, ઢોલ, ત્રાસા, નગારા અને ડી.જે. સાઉન્ડ સિસ્ટમ જોડાશે. રથયાત્રામાં ૧૦૦ ટ્રક, બે જીપ, ૨૦ ટ્રેક્ટર અને ૧૫ છકડા સાથેનો વાહનનો મોટો કાફલો રહેશે.

ભાવનગરમાં રથયાત્રાના પ્રસ્થાન સમયે ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણિયા, રાજ્ય કક્ષાના પ્રધાન પરસોતમ સોલંકી, પશ્ચિમના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, પૂર્વના ધારાસભ્ય સેજલબેન પંડ્યા, પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણા, પૂર્વ સાંસદ ડો.ભારતીબેન શિયાળ, મેયર ભરતભાઇ બારડ, સ્ટે. ચેરમેન રાજુ રાબડિયા, શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ સહિતના રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે. ■

# ભાવનગરની જેસરની શાળાઓમાં માહિતી અને પ્રસારણ વિભાગના ઉપ સચિવે કરાવ્યો બાળકોનો ઉમંગભેર પ્રવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૫ ના પ્રથમ દિવસે ભાવનગર જિલ્લાના જેસર તાલુકાની શાળાઓમાં બાલવાટિકા અને ધોરણ- ૧ અને ધો. ૯ માં માહિતી અને પ્રસારણ વિભાગના ઉપ સચિવ દીપ પટેલે બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. જેસર તાલુકાના શાંતિનગર પ્રાથમિક શાળા, ઉગલવાણ પ્રાથમિક શાળા, કરલા પ્રાથમિક શાળા અને સરકારી માધ્યમિક શાળા કરલા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવમાં માહિતી અને પ્રસારણ વિભાગના ઉપ સચિવ શ્રી દીપ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપ સચિવ દીપ પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, શિક્ષણ થકી આગળ વધીને તમારાં સપનાઓ પૂરાં કરો તેમજ બાળકોને નિયમિત શાળાએ મોકલવા તેમણે વાલીઓને અપીલ કરી હતી. ગામનું એકપણ બાળક શાળા પ્રવેશ અને શિક્ષણથી વંચિત ન રહી જાય એ આપણા સૌની જવાબદારી છે એમ તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત જે બાળકોએ બાલવાટીકા અને ધોરણ-૧ માં પ્રવેશ મેળવ્યો છે એમને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વાગત ગીત, પ્રાર્થના, વક્તવ્યો સહિત સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ તમામ શાળાઓમાં ઉપ સચિવ દીપ પટેલે બાલવાટિકા, આંગણવાડી અને પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવતા ભૂલકાઓને ગણવેશ અને ઉપયોગી સામગ્રીયુક્ત શૈક્ષણિક કિટ આપીને પ્રવેશ અપાવ્યો હતો. ■